gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

## ‘હરીશ્ચન્દ્ર’ અને ‘આશા વીરેન્દ્ર’ની પચીસ ટુંકી વાર્તાઓ




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

# ‘સન્ડે ઈ–મહેફીલ’

## ઈ–બુક

## ટુંકી વાર્તાઓ

સને ૨૦૦૫થી શરુ થયેલી આ ‘સુ–વાચનયાત્રા’ ‘સન્ડે ઈ. મહેફીલ’, આજે ૨૦૧૬માં બારમા વર્ષમાં પ્રવેશે છે. તે શુભ અવસરે ‘સ.મ.’ની કુલ ૩૫૦ જેટલી વાચન સામગ્રીમાંથી ચયન કરી પચીસ જેટલી ટુંકી વાર્તાઓની અમે ભેટ ધરીએ છીએ.. આ બધી વાર્તાઓ ભુમીપુત્રમાં છેલ્લે પાને પ્રકાશીત થઈ ચુકેલી વાર્તાઓ છે. શરુઆતમાં લેખીકા બહેનો સ્વ. ‘હરીશ્ચન્દ્ર’ની વાર્તાઓ છે અને હવે લખે છે બહેન આશા વીરેન્દ્ર.. માણો જીવનપોષક વાર્તાઓ..

..ઉત્તમ ગજ્જર, બળવંત પટેલ અને અશોક કરણીયા..

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરૂ થયેલી ‘સુ–વાચનયાત્રા’–‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થયેલી સઘળી રચનાઓને, **ચૌદ** ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Late Ratilal Chandaria

Balvant Patel, e-mail : patel.balvant@gmail.com

Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com

Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd

303-A, Aditya Arcade,

Opp. Choice Restaurant,

Near Swastik Cross Road

Navrangpura, Ahmedabad - 380 009

Phone No – 079 40049325

# પ્રાસ્તાવીક

‘ભુમીપુત્ર’માં છેલ્લા પાનાની વાર્તાઓ તૈયાર કરવાનું કામ ૪૫–૪૫ વર્ષો સુધી અવીરતપણે, એક સાધના સમજીને કર્યું, એવાં ‘હરીશ્ચન્દ્ર’ બહેનોને અંજલી રુપે તર્પણનો પહેલો ભાગ ધર્યો, ૨૦૧૩ના મે મહીનામાં. ફેબ્રુઆરી ૨૦૧૪માં એનું પુનર્મુદ્રણ થયું. હવે જ્યારે આટલા ટુંકા ગાળામાં તર્પણનો બીજો ભાગ પ્રકાશીત થઈ રહ્યો છે ત્યારે એ ભગીનીદ્વય અને હમ્મેશાં મારી પીઠ થાબડનારા સ્વ. કાન્તીભાઈ શાહને નતમસ્તક વંદન કરું છું.

આ વાર્તાઓ લખવાની શરુઆત કરી ત્યારે મારી સામે સૌથી મોટો પડકાર હતો હરીશ્ચન્દ્ર બહેનોની કલમના આદી થઈ ચુકેલા વાચકોની સ્વીકૃતી મેળવવાનો.

પણ ૧ જુન, ૨૦૧૦ના ‘ભુમીપુત્ર’ના અંકથી આરંભ થયો અને પહેલી બેત્રણ વાર્તાઓ છપાતાંની સાથે વાચકોએ ઉમળકાભેર વાર્તાઓની આ ‘નવી માને’ માત્ર સ્વીકારી જ નહીં; પણ રુબરુમાં, પત્ર કે ટેલીફોન દ્વારા એસ.એમ.એસ. કરીને પીઠ થાબડી, રાજીપો બતાવ્યો. બસ, પછી તો ગાડી ચાલી નીકળી!

લખવાની શરુઆત કરતાં પહેલાં એવી જરા સરખીયે કલ્પના નહોતી કે આ માધ્યમથી આટલા મોટા વાચકસમુદાય સુધી પહોંચી શકાશે. પછી તો ઈન્ટર્નેટ પર ‘રીડ ગુજરાતી ડૉટ કૉમ’ પર અને ‘સન્ડે ઈ.મહેફીલ’માં મુકાતી આ વાર્તાઓ થકી તો દેશના સીમાડા ઓળંગી દુનીયાભરમાં વસતા ગુજરાતી વાચકો સુધી પહોંચી શકાયું.

… … …

મુ. કાન્તાબહેન અને હરવીલાસબહેને કંડારેલી કેડી પર ડગ માંડીને આજે અહીં સુધી પહોંચી શકાયું છે. વીવીધ ભાષાઓમાંથી વધુ ને વધુ સારી વાર્તાઓ વાચકમીત્રો સુધી પહોંચાડવાની મારી ધુને મને અંગત રીતે ઘણો ફાયદો કરાવી આપ્યો છે. અન્યથા વીશ્વસાહીત્ય તરફ તો મારી નજર જ ક્યાંથી જાત ? વળી, મરાઠી ભાષા કે જે મારે માટે સાવ અજાણી હતી એ પણ શબ્દકોશો ઉથલાવી ઉથલાવીને ઠીક ઠીક પ્રમાણમાં સમજતી થઈ છું, મારી દૃષ્ટીએ આ ઘણી મોટી ઉપલબ્ધી છે, … … …

**–આશા વીરેન્દ્ર**

‘તર્પણ–બે’માં, લેખીકાએ આપેલા પ્રાસ્તાવીક કથનમાંથી થોડુંક સારવીને… ..ઉત્તમ.મધુ..

# લેખીકા પરીચય



તા. 02 September, 1950ના દીવસે જન્મેલાં બહેન આશા વીરેન્દ્રે બી.એસસી. કર્યું. વીજ્ઞાન અને ગણીતનો જીવ; પણ સાહીત્ય, સંગીત અને અભીનયમાં વીશેષ રુચી ધરાવે. સાહીત્યનો ગહન અભ્યાસ તો ચાલુ જ રહ્યો. સાથે સાથે લખવાનું શરુ થઈ ગયું. ટુંકી વાર્તાઓ, બાળવાર્તાઓ, નીબંધો, હાસ્યલેખો ને નાટકો સુધ્ધાં એમની કલમે ઉતરતાં ગયાં.

મુમ્બઈથી પ્રકાશીત થતા **‘જન્મભુમી પ્રવાસી’**ની એમની **‘આસવ’** કૉલમમાં, અખંડ આનંદ, જનકલ્યાણ, નવનીત–સમર્પણમાં કૃતીઓ પ્રકાશીત થતી રહી છે.. **‘હરીશ્ચન્દ્ર’** બહેનોના નીધન પછી **‘ભુમીપુત્ર’** પાક્ષીકના છેલ્લે પાને એક વાર્તા નીયમીત લખવાનું તો પાંચ વરસથી ચાલે છે.

વલસાડનાં **બકુલાબહેન ઘાસવાળા** સાથે એમનાં બે પુસ્તકો 1. **‘ગાંઠે બાંધ્યાં અગનફુલ’** અને 2. **‘અદીઠી ભોંયનાં રાતાંફુલ’** પણ પ્રકાશીત થયાં છે.

ભુમીપુત્રમાં છપાતી આ નાનકડી વાર્તાઓમાંથી વીણેલી 40-40 વાર્તાઓનાં બે સંગ્રહો 'તર્પણ-1' અને 'તર્પણ-2' પણ પ્રકાશીત થયા છે.

બહેન આશાના હાથે અન્યભારતીય ભાષાની વધુ ને વધુ કૃતીઓ આપણને મળતી રહે તેવી શુભેચ્છા..

..ઉત્તમ.મધુ ગજ્જર.. .સુરત.

વાર્તાલેખીકા બહેન આશા વીરેન્દ્રનો સમ્પર્ક :
બી–401, દેવદર્શન, હાલર, વલસાડ– 396 001
ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137
ઈ–મેઈલ : avs_50@yahoo.com

# સર્જક–પરીચય..



સ્વ. કાન્તાબહેન



શ્રી. હરવીલાસબહેન

‘પછી ખબર પડી કે ‘હરીશ્ચંદ્ર’ એક નહીં; પણ બે વ્યક્તીઓ છે. બન્ને સ્ત્રીઓ. એકનું નામ ચન્દ્રકાન્તા; બીજીનું હરવીલાસ. બન્ને વીનોબાની માત્ર શીષ્યા જ નહીં; તેમના સેવાયજ્ઞમાં સક્રીય રીતે આજીવન કાર્ય કરનારી વ્રતધારીણીઓ. સાહીત્યના રસને ઘુંટીઘુંટીને પીનારીઓ.’

–ગુલાબદાસ બ્રોકર, પુણે, 1 ડીસેમ્બર 1992, ‘વીણેલાં ફુલ’ ભાગ–10ની પ્રસ્તાવનામાંથી સાભાર..

♦●♦

‘ભુમીપુત્ર’ને છેલ્લે પાને પ્રગટતી ‘હરીશ્ચન્દ્ર’ બહેનોની સંક્ષેપ–કથાઓ ગુજરાતી લેખનમાં વીશેષ ભાવે સ્થાન પામી છે. આ કથાઓ એ બહેનોની સ્વતંત્ર કૃતીઓ નથી; ભારતની વીવીધ ભાષાઓમાંથી ચુંટી કાઢેલાં ફુલો તેમણે ગુજરાતી ભાષાપ્રેમીઓને ધર્યાં છે; પણ એની વીશેષતા જેટલી એના

લાઘવમાં છે, એટલી જ એની જબ્બર સુચકતામાં છે.... અનુવાદ તો આ છે નહીં; બધું જ નવું સ્વરુપ છે ! નવું સ્વરુપ આપવું; છતાં જુનું રાખવું અને પોતાની જાતને ક્યાંય દેખાવા ન દેવી, તે એક તપ માગે છે.  આવી મધુર તપસ્વીતા તો બન્ને બહેનોનાં જીવનમાં છે જ; પણ આમાં પણ એ તપ ઉતર્યું છે.

'વીનોબાજીની પ્રેરણાથી લગભગ ચીર પ્રવાસમાં રહેનારી આ બહેનોએ દક્ષીણ–ઉત્તર–પુર્વ–પશ્ચીમ ભારતમાંથી આ બધી વાર્તાઓ કેવી રીતે શોધી અને તેનો પુનર્જન્મ બન્નેએ કેવી રીતે કર્યો, તે પણ એક નવાઈભરી ઘટના છે. બે જણ લખે; છતાં એક જણે, એક હાથે લખ્યું હોય તેવું લાગે, તે બન્નેનાં મનૈક્યની પ્રસાદી છે... આવી પ્રસાદી મળતી રહો અને આપણે આરોગતા રહીએ...'

–મનુભાઈ પંચોલી, લોકભારતી–સણોસરા, 21–જાન્યુ. 1984

'વીણેલાં ફુલ' ભાગ–1ની પ્રસ્તાવનામાંથી સાભાર..


♦●♦

સને 2000માં ચંદ્રકાન્તાબહેન દેવલોક થયાં. જોડી ખંડીત થઈ. એક વરસ થતાં હરવીલાસબહેને તેમને અંજલી અર્પતી એક પુસ્તીકા 'સુમીરન' કરી. તેમાં તેમને અંજલી અર્પતાં તેઓ લખે છે : '*જોતજોતામાં વરસ થવા આવ્યું. એક દીવસ એવો નથી ગયો, જ્યારે મારી બહેન કાન્તા, અનેક વાર, અનેક વીધ રીતે* યાદ ન આવી હોય. દૈહીક વીયોગનું દુખ અને આત્મીય સ્મરણ*નું સુખ – બન્ને સાથે સાથે. પચાસ વરસનું અમારું સહજીવન. સાથે જીવ્યાં, સાથે ધબક્યાં, સાથે એકત્વની અમીટ અનુભુતી પામ્યાં. સતત એનું સ્મરણ થતું રહે અને આંખો ઉભરાઈ આવે, તો સાથે જ હૈયું પુલકીત થઈ ઉઠે.*'

માત્ર બે જ પાનમાં સમાતી આ વાર્તાઓ 'યજ્ઞ પ્રકાશને' એક પુસ્તીકામાં ૪૦ વાર્તા હોય એવી, 20 પુસ્તીકાઓ 'વીણેલાં ફુલ' નામે પ્રકાશીત કરી છે.. લગભગ છસો જેટલી વાર્તાઓ એમાં સંઘરાઈ છે ! (પ્રકાશક : 'યજ્ઞ પ્રકાશન સમીતી', હુજરાત પાગા, વડોદરા–390 001 મુલ્ય : એક ભાગના રુપીયા : ત્રીસ)...

– ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

આ સદીની સિદ્ધિરૂપ, ૪૫ લાખ જેટલા શબ્દોના
મહાભારત જેવા શબ્દભંડોળની, ગુજરાતીઓને
‘ગુજરાતીલેક્સિકોન’
મારફત ચિરંજીવ ભેટ અર્પનાર એના રચયિતા અને
‘સન્ડે ઈ.મહેફિલ’ના વરિષ્ઠ સમ્પાદક
હૃદયસ્થ **રતિલાલ ચંદરયા**ને આ ઇ.બુક ભાવાદરપૂર્વક
અર્પણ..



**જન્મ**: વિજયાદશમી : ૨૪/૧૦/૧૯૨૨ ..
**નિર્વાણ** : વિજયાદશમી : ૧૩/૧૦/૨૦૧૩
(સ્વર્ગસ્થ પત્નીનું નામ પણ ‘વિજયા’)

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ 'સન્ડે ઈ–મહેફીલ' નામે 'વાચનયાત્રા' શરુ કરેલી. 'કલાપી' અને પછીથી 'વીજયા' નોનયુનીકોડ ફોન્ટથી શરૂ કરેલ સફર 'શ્રુતી' ફોન્ટ સુધી વિસ્તરી. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ 'સ.મ.', આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : "તમારી આ 'સ.મ.', એ મારા ઘરનું 'અખંડ આનંદ' છે." આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

'સ.મ.'ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની '૧૫૫–એ'ની 'વીદાય–સલામ' નામક 'સ.મ'માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની 'કાવ્ય–ગઝલ'ની અત્યાર સુધીની બધી 'સ.મ.'ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને તેવી બધી 'સ.મ.'નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ બાર વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. 'સ.મ.' પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી.

અઠવાડીક મહેફીલ હવે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી 'સ.મ.'માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નૉલૉજીસમાં કાર્ય કરતાં વીવીધ સાથીઓ જેમ કે શ્રુતી, મીનલ, અર્પીત, હીતેન્દ્ર વગેરેનો ભક્તીભાવભર્યો સહકાર 'સ.મ.'ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો'કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી 'સ.મ.' મોકલવાનું શરૂ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય! આપના સ્ક્રીન પર 'સ.મ.'ની જે બુક છે તેમાં અનેકોની સાથે આ સર્વેનો હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને 'લેક્સીકોન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે.. આજનો સમય ઝડપથી 'ઈ–બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો 'ઈ–શબ્દસાગર' સમો 'ગુજરાતીલેક્સીકોન' (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે 'ઈ–બુક'ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા

(ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન મૈત્રી શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધક્કો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com)ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :


Late Ratilal Chandaria

Balvant Patel, e-mail : patel.balvant@gmail.com

Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com

Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com


350 વાચનસામગ્રીના આવા ચૌદ ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2016

# અનુક્રમણીકા

## ‘સન્ડે ઈ.મહેફીલ’ – ટુંકી વાર્તાઓ


| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 1-020 | ખોવાયેલું પાકીટ | ‘હરીશ્ચંદ્ર’ | 16-10-2005 | 19 |
| 2-041 | કથા-વ્યથા એક દીકરીની | ‘હરીશ્ચંદ્ર’ | 19-03-2006 | 24 |
| 3-076 | દામ્પત્ય | ‘હરીશ્ચંદ્ર’ | 19-11-2006 | 29 |
| 4-120 | ચશ્માં | ‘હરીશ્ચંદ્ર’ | 23-09-2007 | 34 |
| 5-129 | રસોડાનું મસોતું | હરીશ્ચંદ્ર | 25-11-2007 | 39 |
| 6-153 | ગુમરાહ | હરીશ્ચંદ્ર | 11-05-2008 | 44 |
| 7-160 | માણસને સૌથી મોટી ભુખ માણસની | હરીશ્ચંદ્ર | 01-03-2009 | 49 |
| 8-166 | સહીયારું સહજીવન | હરીશ્ચંદ્ર | 24-05-2009 | 54 |
| 9-169 | અનોખું સુખ | હરીશ્ચંદ્ર | 05-07-2009 | 59 |
| 10-183 | સાઈકલનો અવાજ | હરીશ્ચંદ્ર | 17-01-2010 | 64 |
| 11-191 | ચરર ચરર મારું ચકડોળ ચાલે ! | હરીશ્ચંદ્ર | 09-05-2010 | 69 |
| 12-236 | ખાલીપો | આશા વીરેન્દ્ર | 29-01-2012 | 75 |
| 13-248 | જનેતાનું મૃત્યુ | આશા વીરેન્દ્ર | 15-07-2012 | 79 |
| 14-261 | આવ ભાઈ હરખા | આશા વીરેન્દ્ર | 13-01-2013 | 84 |
| 15-267 | વતનની માટી | આશા વીરેન્દ્ર | 07-04-2013 | 89 |
| 16-278 | એક અનોખો પરીવાર | આશા વીરેન્દ્ર | 08-09-2013 | 94 |
| 17-285 | જાગીને જોઉં તો | આશા વીરેન્દ્ર | 15-12-2013 | 99 |

| | | | | |
|---|---|---|---|---|
| 18-291 | મારા દાદાગુરૂ | આશા વીરેન્દ્ર | 09-03-2014 | 104 |
| 19-297 | શરત મંજુર | આશા વીરેન્દ્ર | 01-06-2014 | 109 |
| 20-305 | નામકરણનું રાજકારણ | આશા વીરેન્દ્ર | 21-09-2014 | 114 |
| 21-312 | નાનીયો આઈસક્રુટવાળો | હરીશ્ચંદ્ર | 28-12-2014 | 119 |
| 22-318 | માને સુવા દો.. | આશા વીરેન્દ્ર | 22-03-2015 | 123 |
| 23-324 | જીવતરનો નીચોડ | આશા વીરેન્દ્ર | 14-06-2015 | 128 |
| 24-330 | મસ્તી કી પાઠશાલા | આશા વીરેન્દ્ર | 06-09-2015 | 133 |
| 25-342 | એ સોનેરી ક્ષણ | આશા વીરેન્દ્ર | 21-02-2016 | 138 |


વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના 'ક્રમાંક' પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે 'અનુક્રમણીકા' પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

1-020 : 16-10-2005

# ખોવાયેલું પાકીટ

– હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

એક દીવસ હું ઘરે આવતો હતો, ત્યારે રસ્તામાં મેં કોઈનું પડેલું પાકીટ જોયું. જેનું હોય તેને પહોંચાડી દઉં, એમ માની મેં લીધું; પણ પહોંચાડવું કોને ? તેના માલીકનું ઠેકાણું તો જાણવું જોઈએ ને ! પાકીટ લઈને મેં ઉઘાડ્યું. તેમાંથી ચાર ડૉલરની નોટો નીકળી. બીજું કાંઈ પાકીટમાં નહોતું. મેં વધુ થોડું ફંફોસ્યું, તો અંદર એક નાનું ખાનું હતું અને તેમાંથી એક કાગળ મળ્યો. તે કોઈનો એક નાનકડો પત્ર હતો. કાગળ બહુ જુનો લાગતો હતો અને સાવ ચોળાઈ ગયેલો. એ પત્ર તે પાકીટમાં વર્ષોથી પડેલો હશે.

કોઈનો પત્ર તો કેમ વંચાય ? પણ પાકીટ તેના માલીકને પહોંચાડવું હોય, તો કાંઈક ઠામ–ઠેકાણું તો શોધવું જ પડે ને ! એટલે મેં પત્ર લીધો. જોયું તો તેના ઉપર તારીખ ત્રીસેક વરસ પહેલાંની હતી અને મોકલનારનું સરનામું પણ હતું. પત્ર ‘મારા વહાલા માઈકલ..’–એવા સંબોધન સાથે હતો અને તેમાં માત્ર એટલું લખ્યું હતું કે, ‘તું મને ભુલી જજે. હવે હું તને ક્યારેય નહીં મળું. આપણાં લગ્ન મારાં માતા–પીતાને

મંજુર નથી. એમણે તને મળવાનીયે મને બંધી કરી દીધી છે. સદાકાળ હું તને ચાહતી રહીશ.જ' અને છેલ્લે સહી હતી–'તારી, બસ તારી જ, માર્ગારેટ.'

વાંચીને હું સ્તબ્ધ થઈ ગયો. ત્રીસ વરસ પહેલાંનો એક પ્રેમપત્ર, જો કે પ્રેમભંગનો પત્ર; છતાં આ માણસે હજી સાચવી રાખ્યો છે ! પાકીટ તો ઠીક, આ પત્ર મારે તેને પહોંચાડવો જોઈએ; પણ કેવી રીતે પહોંચાડું ? માઈકલ કે જેના પરનો આ પત્ર છે અને જેનું આ પાકીટ છે, તેનું કોઈ ઠામ–ઠેકાણું તો છે નહીં ! હા, પત્ર લખનાર માર્ગારેટનું ઠેકાણું છે; પણ તેય ત્રીસ વરસ પહેલાંનું. હવે તે ત્યાં હશે ? અને તે પણ હવે માઈકલનો પત્તો જાણતી હશે ? છતાં લાવ, કોશીશ તો કરું !

પત્રમાંના સરનામે હું પહોંચી ગયો. માર્ગારેટ તો ત્યાં નહીં મળ્યાં; પણ અત્યારે તે મકાનમાં રહેતાં હતાં તે બહેને મને કહ્યું કે, 'વીસેક વરસ પહેલાં અમે આ મકાન જેમની પાસેથી ખરીદ્યું. એમની એક દીકરી હતી, જેનું નામ માર્ગારેટ હતું. માર્ગારેટ સાસુન હૉસ્પીટલમાં કામ કરતી અને હૉસ્પીટલના ક્વાર્ટર્સમાં રહેતી. આ મકાનનાં માલીકો પોતાની દીકરી સાથે રહેવા જવાનાં હતાં, એટલું મને યાદ છે.'

મેં હૉસ્પીટલનો સંપર્ક કર્યો, તો જાણવા મળ્યું કે માર્ગારેટ તો હવે નોકરીમાંથી નીવૃત્ત થઈ ગયાં છે; પણ હજી

અહીં ક્વાર્ટર્સમાં રહે છે. બસ, મને આટલું જ જોઈતું હતું. હું ત્યાં પહોંચ્યો.

બારણું ઉઘાડ્યું. મારી સામે એક ઉંમરલાયક બહેન ઉભાં હતાં. વાળ તો બધા ધોળા થઈ ગયેલા; પણ ચહેરો સુંદર લાગતો હતો અને તેના ઉપર તેજ હતું. ઘડીભર એમની સામે જોતાં રહી મેં પુછયું, ‘તમે જ માર્ગારેટ ને ?’

‘હા, અંદર આવો ને !’

અમે અંદર જઈ બેઠાં. મેં ખીસામાંથી પેલો પત્ર કાઢી એમના હાથમાં મુક્યો. એમના મોઢા પર અનેરી ચમક આવી ગઈ.

‘અરે બેટા, આતો મારો જ પત્ર. માઈકેલ સાથેનો આ છેલ્લો સંપર્ક. તને ક્યાંથી મળ્યો ? તું માઈકેલને ઓળખે છે ? માઈકેલ હજી જીવે છે ? ક્યાં છે ?’

મેં માંડીને રસ્તેથી મને મળેલા પાકીટની બધી વાત કહી, પાકીટ તેમના હાથમાં મુક્યું. એ માઈકેલનાં મધુર સ્મરણોમાં ખોવાઈ ગયાં....

‘માઈકેલ....મારો માઈકેલ !....હું હજીયે એને ભુલી નથી....પછી મેં લગ્ન પણ ન કર્યાં. માઈકેલ જેવો બીજો કોણ મળે ?...દીકરા, આ પાકીટના માલીકને શોધી કાઢ !’ તેવામાં એમની કામવાળી આવી. પેલા પાકીટ ઉપર એની નજર પડી કે એ ચમકી ઉઠી.

'લાવો તો ! આ પાકીટ તો અમારા માઈકેલદાદાનું. હું બરાબર ઓળખું ને ! એમનું આ લાલ રીબનવાળું જુના જમાનાનું પાકીટ. કહેતા હતા કે મારું પાકીટ ગુમ થયું છે. પૈસા તો એવા નથી, પણ એમાં મારી ખાસ ચીજ છે.'

અમે બેઉ તેની સામે જોતાં જ રહ્યાં. 'તું એમને ઓળખે છે?'

'કેમ નહીં ? પેલા વૃદ્ધાશ્રમમાં રહે છે. હું ત્યાં પણ કામ કરું ને !'

હું તુરત તેને લઈને વૃદ્ધાશ્રમમાં પહોંચ્યો. માઈકેલના વાળ પણ ધોળા થઈ ગયેલા. મેં એમના હાથમાં પાકીટ મુક્યું. પાકીટ જોઈને એવા તો ખુશ–ખુશ થઈ ગયા ! ઝટઝટ ખોલીને એણે જોઈ લીધું કે અંદરના ખાનામાં પેલો પત્ર તો છે ને ! મેં તે અંદર મુકી જ દીધો હતો. 'દીકરા, ભગવાન તારું ભલું કરે ! તેં મારા જીવનની અણમોલ મુડી મને પાછી મેળવી આપી.'

'દાદા, ખરી મુડી તો હજી મારે તમને સોંપવાની બાકી છે.' અને અમારી સવારી પહોંચી માર્ગારેટના ઘરે. માર્ગારેટ તો ઉત્સુકતાથી તલપાપડ થતી બેઠી જ હતી.

બન્નેએ એકમેકને જોયાં, અને કેટલીયે વાર સુધી નીરખી–નીરખીને એકમેકને જોતાં જ રહ્યાં. પછી માર્ગારેટ બોલી ઉઠી, 'માઈકેલ, તું ? મારો માઈકેલ !' અને ઉછળીને એ માઈકેલને વળગી પડી. બન્નેને એકલાં મુકી હું બહાર નીકળી ગયો.

થોડા દીવસ પછી માઈકેલનો ફોન આવ્યો, 'અમે લગ્ન કરીએ છીએ. દીકરા, તારે તો હાજર રહેવાનું જ છે. તું મારો ફર્સ્ટ ફ્રેન્ડ(અણવર).'

આ ત્રીસ વરસનો અણવર, સાઠ વરસની દુલ્હન અને બાસઠ વરસના દુલ્હાના લગ્નમાં હમણાં જ હાજર રહીને આવ્યો. તમનેય આ અનોખા પ્રેમ–મીલનમાં હાજર રહેવાનું ગમ્યું હોત ને ?!?

- હરીશ્ચંદ્ર

('ઈન્ટરનેટ' પરથી મરાઠીમાં રુપાંતરીત થયેલ મરાઠી વાર્તાને આધારે..)

@

2-041 : 19-03-2006

# કથા-વ્યથા એક દીકરીની

-હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

મારાં માતાપીતાનાં અમે બે સંતાન – દીકરો અને દીકરી. હું પહેલી જન્મી, મારો ભાઈ દસ વરસ પછી જનમ્યો. બાળપણથી જ મારા ઉપર એવી છાપ કે મારાં માબાપને હું જોઈતી નહોતી. એમને જોઈતો હતો પહેલા ખોળે દીકરો; પણ જન્મી દીકરી. એટલે બન્નેનાં મન ખાટાં થઈ ગયેલાં. અને મારા ઉછેરમાં એ ખટાશ કાયમ રહી. હું વણજોઈતી છું, એમ મને હંમેશાં લાગ્યા કર્યું.

તેમાં વળી મારા જન્મ પછી દસ વરસ સુધી બીજું સંતાન ન થયું. એટલે કાયમ બન્નેનાં મન ઉંચાં રહેતાં. એમનો એ ઉદ્વેગ અવારનવાર મારા ઉપર ઠલવાતો. છેવટે મારા ભાઈ દીલીપનો જન્મ થયો, ત્યારે ઘરમાં વાતાવરણ બદલાયું.

પરંતુ આ બદલાયેલું વાતાવરણ મારા માટે તો વધુ અકળાવનારું જ બની રહ્યું. ઘરમાં હવે દીકરો જ જાણે બધું હતો. એને રમાડવાનો, લાડ લડાવવાનાં, પાણી માગે તો દુધ આપવાનું. હું હવે મોટી થતી જતી હતી, એટલે સમજતી પણ થઈ હતી. ભાઈ મોટો થતો ગયો, તેમ તેમ મને હવે ઓછું

આવવા લાગ્યું. ભાઈની ઝીણી ઝીણી બધી જ કાળજી લેવાતી, મારા પ્રત્યે કોઈ ધ્યાન જ નહોતું આપતું. ‘દીકરીની જાત છે’નો અહેસાસ મને પળેપળે થતો. આમ તો હું મોટી બહેન. મને નાના ભાઈ પ્રત્યે પ્રેમ થતો. પરંતુ માબાપના ભેદભાવભર્યા વર્તાવને કારણે મારું મન આળું થઈ જતું, તેથી ક્યારેક ભાઈ મને અળખામણો લાગતો.

એમ કરતાં કરતાં અમે ભાઈબહેન મોટાં થયાં. હું ભણી, ઘણું ભણી. એક બહુ મોટી કંપનીમાં મને નોકરી મળી. સારું કમાતી થઈ. દસ–બાર વરસમાં બહુ ઉંચા પદે પહોંચી ગઈ. ભાઈ પણ નોકરીએ લાગ્યો. એનાં લગ્ન થયાં. મારે લગ્નની જંજાળમાં પડવું નહોતું. હું એકલી જ રહી.

લગ્ન કરીને ભાઈ અમારી સાથે એકાદ વરસ રહ્યો હશે. પણ એની પત્નીને સાથે રહેવાની ઈચ્છા નહોતી. તેમાં ભાઈની બેંગલોર બદલી થઈ. એ બન્નેને તો ભાવતું’તું ને વૈદે કીધું ! માબાપને ઘણી ઈચ્છા હતી કે દીકરો–વહુ એમને સાથે લઈ જશે; પણ જાતજાતનાં બહાનાં બતાવી એ બન્નેએ એમને ટાળ્યાં. છેવટે બેએક વરસે વહુની સુવાવડ વખતે બન્નેને બેંગલોર જવા મળ્યું.

બન્ને હોંશે હોંશે ગયેલાં. પણ દીલીપને ત્યાં પણ પહેલી દીકરી જન્મી, ત્યારે બન્નેનાં મન ફરી ખાટાં થઈ ગયાં. બીજી સુવાવડ વખતે તો બન્નેને હતું જ કે હવે કુળદીપક આવશે; પણ બીજીયે દીકરી જ આવી. આમેય વહુ સાથે મીઠો સંબંધ તો બહુ હતો જ નહીં. હવે વધુ ને વધુ બગડતો ગયો. છેવટે બન્ને આવીને મારી સાથે જ રહેવા લાગ્યાં.

હું એમને બહુ સારી રીતે રાખતી. પ્રેમથી એમની બધી જ કાળજી લેતી. છતાં એમનો જીવ હંમેશાં દીલીપમાં રહેતો. અવારનવાર એને યાદ કર્યાં કરતાં. હું કહેતી, ‘તમે દીકરો–દીકરો કરીને યાદ કરો છો; પણ આ બે વરસમાં દીકરાનો બે લીટીનો કાગળ સુધ્ધાં આવ્યો છે ? અને હમણાં ચાર–છ મહીનાથી તો ફોનથીયે તમારા ખબર નથી પુછ્યા !

તોય હું જોતી કે એમનું મન દીલીપમાં ખુંપેલું હતું. અને જ્યારે જાણ્યું કે વહુ ફરી સગર્ભા છે, ત્યારે તો બન્ને દીકરા પાસે જવા એકદમ તલપાપડ થઈ ગયાં. પરંતુ ભાભીએ આ વખતે પોતાનાં માબાપને બોલાવેલાં. આ બન્ને અહીં જ ઝુરતાં રહ્યાં.

અહીં રહ્યાં–રહ્યાં બન્ને શુભસમાચાર જાણવા એકદમ આતુર હતાં. છેવટે એક રાતે દીલીપનો ફોન આવ્યો કે ત્રીજુંયે કન્યારત્ન જ આવ્યું છે. મેં જ્યારે બન્નેને આ સમાચાર આપ્યા, ત્યારે તો જાણે એમના ઉપર આભ જ તુટી પડયું ! ‘અરે, ભગવાન ! અમારો વંશવેલો ભુંસાઈ જવાનો !’

‘કેમ, આ ત્રણ દીકરીઓ તમારા વંશની નથી ? એ તમારો વેલો નહીં વધારે ?’

‘દીકરી એ દીકરી અને દીકરો એ દીકરો. દીકરીથી કાંઈ વંશવારસો જળવાતો હશે ? દીકરી તો ગયા જનમની લેણદાર !’

મને એકદમ ઝાળ લાગી ગઈ. ‘કયા જમાનાની વાત કરો છો ? હું તમારી લેણદાર છું ?’

‘ના, બેટા ! એમ નહીં; પણ મુખાગ્ની તો દીકરો જ દેશે ને !’

'દીકરી કેમ નહીં દે ?'

'દીકરીથી ન દેવાય. અને દીકરો હોય તો માબાપનો આધાર થાય.'

'તમારો દીકરો છે ને ! કેટલો આધાર થયો છે ?'

'એ તો એની વહુને લીધે. બાકી, દીકરાનું ઘર એ જ આપણું ઘર કહેવાય. માણસ દીકરીને ઘરે રહે તે લાચારીથી. દીકરાને ત્યાં જ હક્કપુર્વક રહી શકાય.'

'તમે દીકરાને ત્યાં કેવા હક્કપુર્વક રહેતાં હતાં, તે મને ખબર છે. એ તો એમને ગરજ હતી એટલે તમને બોલાવેલાં. છતાં તમે જ કહેતાં કે દીકરા–વહુ બન્નેનું વર્તન તમારી સાથે કેટલું અતડું હતું ! માએ તો વહુ તરફથી થતું અપમાન કેટલું ગળી જવું પડતું !'

ઘડીક તો બન્ને થોડાં શાંત થઈ ગયાં. પણ પછી મા બોલી, 'અમે તો હવે પીળું પાન. કેટલા દીવસો કાઢવાના ? પણ મારા દીલ્પ્યાને હે ભગવાન, હજી એક દીકરો થઈ જાય !'

દીકરો...દીકરો...દીકરો... હું તંગ આવી ગઈ. મને દીલીપે કહેલું પણ આમને જણાવવાની ના પાડેલી, એટલે મેં કહ્યું નહોતું. હવે મારાથી રહેવાયું નહીં. 'હવે તે શક્ય નથી. તું ગમે તેટલી પ્રાર્થના કરે કે બાધા–આખડી રાખે, દીલીપને હવે દીકરો થવાનો નથી.'

'કેમ, કેમ શું કામ નહીં થાય ?'

'કેમ કે ભાભીએ આ વખતે ઓપરેશન કરાવી નાખ્યું છે.'

'શું?...શું ?' બન્નેને માથે જાણે આભ તુટી પડ્યું. બાપુએ બે હાથે કપાળ કુટ્યું અને મા નીચે ફસડાઈ પડી.  અને આ દીકરી મનમાં ને મનમાં સમસમી રહી !

(શ્રી માલતી જોશીની મરાઠી વાર્તાને આધારે..)

–હરીશ્ચંદ્ર

3-076 : 19-11-2006

# દામ્પત્ય

–હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

આવા વરસતા વરસાદમાં મોનાને આવેલી જોઈને માને આશ્ચર્ય થયું. 'બેટા, રીક્સામાં  તો આવવું હતું ! જો ને આખી પલળી ગઈ છે.'

'અમારી કૉલેજની સામેથી તો બસ મળે છે, મા !' પણ માની આંખ સામે આંખ મળતાં એ બોલતી અટકી ગઈ અને માની સોડમાં સરકી ગઈ. બંને વચ્ચે કેટલોય મુક સંવાદ થઈ ગયો.

મોના ધનવાન માતાપીતાની એકની એક દીકરી. લાડકોડમાં ઉછરેલી. એક લેખક સાથે પરીચય થયો. માબાપે ઘણી સમજાવી, લેખન પર થોડો ગુજારો ચાલે ? પણ કોઈનું ન સાંભળતાં એ મનીષને જ પરણી. માબાપ જાણતાં કે દીકરીને પૈસાની ઘણી ખેંચ પડે છે. પણ મનીષના સ્વમાન ખાતર મોનાએ ત્રણ વરસમાં માબાપ પાસેથી એક પૈસો નહોતો લીધો. અને પોતે કૉલેજમાં લેકચરરની નોકરી લઈ લીધી હતી.

મનીષનાં લખાણ પર એ મુગ્ધ થઈ ગયેલી. એનું ધીરગંભીર વ્યક્તીત્વ પણ મોનાને આકર્ષી ગયેલું. જો કે મનીષના ઘરે મોના પહેલી વાર ગયેલી, ત્યારે થોડી ગભરાઈ ગયેલી. આવા સામાન્ય મધ્યમ વર્ગના વીસ્તારમાં અગાઉ તેણે

પગ નહોતો મુક્યો. પરંતુ પ્રેમના પ્રથમ ઉછાળામાં એ બધું ગૌણ બની ગયું. જો કે મનીષે પોતેય એને ઘણી વાર વારી હતી, 'તને નહીં ફાવે.' પરંતુ મોનાની હઠ હતી, 'પણ હું કહું છું કે ધીરે ધીરે ફાવી જશે !'

મનીષ ખુબ પ્રેમાળ હતો, નીખાલસ હતો. મોના એના પ્રેમથી તરબોળ હતી. પરંતુ મોટે ભાગે એ પોતાની ધુનમાં રહેતો. લખવાના વીચારોમાં હોય, ત્યારે હાજર છતાં ગેરહાજર જેવો જ. ખાવા બેસે ત્યારેય ચીત્ત એનું કલ્પનામાં સેર કરતું હોય. તેવે વખતે મોનાને જરીક મોળું મોળું લાગતું. એને મન થતું મનીષના મોઢે સાંભળવાનું : 'આજે શાક સરસ બન્યું છે, હોં !' અથવા તો : 'મોના, આજે ફલાણું બનાવને !' 'અરે, મોના જમી કે નહીં, આજે એની તબીયત નરમ છે,' એવી કોઈ વાતનું મનીષને ભાન જ નહીં ! એવે વખતે મોનાને જરીક ઓછું આવી જતું.

ફરવા–કરવાનોય મનીષને ઝાઝો શોખ નહીં. મોના બહુ જ કંટાળે, એકલી પડી જાય, ત્યારે એની ચોપડી–પેન ઝુંટવી લઈ બળજબરીથી એને બહાર તાણી જાય. પણ ત્યાંય મોનાનું મન કાંઈક ખાણી–પીણીમાં અને ઘરગથ્થુ વાતચીતમાં વધારે હોય. જ્યારે મનીષ પ્રકૃતીમાં ખોવાઈ જાય અથવા પોતાની નવલનાં કોઈક પાત્ર સાથે આંટો મારી આવે !

મોનાની માસીની દીકરી રતી, અમેરીકાથી ત્રણ વરસે આવી હતી. મોનાને યાદ આવ્યું, એ છોકરા સાથે પરણવા પોતાનાં માબાપે એને બહુ સમજાવેલી. મોટો ધંધો છે.

અમેરીકામાં સેટલ થયેલો છે. ગર્ભશ્રીમંત કુટુમ્બ છે. પણ મોના નહીં માની અને માસીની દીકરી રતી સાથે એનું ગોઠવાયું.

રતી તો આવીને મોના પર ઓવારી જ ગઈ : ‘તારા ઘરમાં આવ્યાથી એક ઈન્ટલેક્ચ્યુઅલ વાતાવરણમાં આવ્યા જેવું લાગે છે. તું ખરે જ નસીબદાર છે. તારા જેવી મજબુત મનની હું નહીં. તું તો માતાપીતા, સમાજ બધાની સામે થઈને તારા મનગમતા પાત્રને જ વરી. મનીષ પણ કેટલો પ્રેમાળ છે !’

‘બસ, બસ, બસ ! હવે તારી વાત કર. દુનીયા આખીમાં ફરનારી તું ! શું શું જોયું ? ક્યાં ક્યાં રહી ? તું તો મોટા ઉદ્યોગપતીની પત્ની !’

‘બીલકુલ બરાબર. એ ‘ઉદ્યોગના પતી’ પહેલા. હું તો એમની દ્વીપત્ની !’–બોલતાં બોલતાં રતીનો સ્વર એટલો ખીન્ન થઈ ગયો કે રતી ચોંકી ગઈ !

‘કેમ આવું કહે છે ?’

‘મને કોઈ વાતની કમી નથી. નોકરચાકર, મોટરગાડી, ભરપુર વૈભવ, દોમ–દોમ સાહ્યબી. મારે કાંઈ પણ કામ કરવાનું નહીં. શૉપીંગ કરું કે ક્લબમાં જાઉં કે અવારનવાર પાર્ટીઓ ગોઠવું અને એમની સાથે બની–ઠનીને પાર્ટીઓમાં જાઉં. ત્યાં મોટા ઉદ્યોગપતીની પત્ની બનીને મહાલવાનું, ઉચ્ચ સમાજનાં માન–મરતબા મુજબ કૃત્રીમ રીતે વીચારવાનું–વર્તવાનું.’

કહેતાં તો રતીની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. મોના ઉઠીને એને માટે પાણી લઈ આવી. જરીક સ્વસ્થ થઈને રતીએ આગળ ચલાવ્યું : ‘ઘરમાં જાતજાતનાં પકવાન્ન થાય.

પકવાન્ન બનાવનારા અને પીરસનારા ખડે પગે હાજર. ખાનારી હું એકલી. પીરસનારા ત્રણ ! એ તો સવારના જાય તે રાતે મોડેથી આવે. બપોરનું ભોજન કાયમ બહાર. રાતે પણ અઠવાડીયામાં ચાર દીવસ એમને મીટીંગોમાં કે પાર્ટીઓમાં કે પરદેશથી આવેલા મહેમાનો જોડે ફાઈવસ્ટાર હૉટેલોમાં જમવાનું હોય. ક્યારેક મને લઈ જાય; પણ ત્યાં બસ, બીઝનેસની જ વાતો ! હું તો બૉઅર થઈ જાઉં. વીદેશ જવાનું થાય ત્યારે પણ એ તો બીઝનેસમાં વ્યસ્ત, મારે એકલા એકલા ફરવાનું. મેં અમેરીકા ને યુરોપ આખું ખુંદી નાખ્યું. એ મને કદી રોકે નહીં. ગમે તેટલું હરું–ફરું, ગમે તેટલું મન ફાવે તેમ શૉપીંગ કરું, ગમે તેટલા પૈસા ખરચું. પોતે સાથે ન આવી શકે; પણ મારે માટેની વ્યવસ્થામાં જરીકે મણા ન રહેવા દે. મોના મને કશી કમી નથી, કશી જ નહીં !' –બોલતાં રતીનો કંઠ ફરી રુંધાઈ ગયો, આંખો ભરાઈ આવી. મોના એની પાસે જઈ એની પીઠે હાથ ફેરવવા લાગી.

રતીના ગયા બાદ મોના ક્યાંય સુધી એના જ વીચારોમાં ખોવાયેલી રહી. મનીષ હમણાં અઠવાડીયાથી એક નવા પુસ્તકના લેખનમાં ડુબી ગયો હતો. અત્યારે પણ એ લખતો બેઠો હતો. મોના ક્યાંય સુધી એને જોતી બેઠી રહી. એકી ટશે એને જોતી રહી.

એકદમ એના હૈયામાં ઉમળકો આવ્યો. એ ઉઠીને મનીષના ટેબલ પાસે ગઈ. કેટલીયે વાર સુધી પાસે ઉભી રહી; પણ મનીષ લખવામાં જ મગ્ન હતો. મોનાના દીલમાં એકદમ ભાવ થઈ આવ્યો. મનીષના માથે એણે હળવેકથી હાથ ફેરવ્યો.

મનીષે ઉંચે જોયું. એ નજરમાં એ જ પ્રેમ, એ જ નીર્મળતા, એ જ નીખાલસતા હતી, જેના પર મોના પહેલેથી વારી ગયેલી.

–હરીશ્ચંદ્ર

(શ્રી. સાનીયાની મરાઠી વાર્તાને આધારે)

‘ભુમીપુત્ર’ પાક્ષીકના તા. ૧૬ મે, ૨૦૦૬ના અંકમાંથી, તેમના સૌજન્યથી સાભાર..

@

4-120 : 23-09-2007

# ચશ્માં

- હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

હજી મેં અને સતીશે ઘરમાં પગ મુક્યો ત્યાં કપીલે ભરત તરફ જોઈ કહ્યું, 'કહી દઉં દાદાજીને ?'

હું જરીક હસ્યો. ભરતને પુછ્યું, 'કેમ શું પરાક્રમ કર્યું ?' પણ એ કાંઈ બોલ્યો નહીં, કપીલ તરફ જોઈ ધુરકતો રહ્યો.

અમે ઘરમાં ગયા, પાણી પીધું. સતીશે પુછયું, 'કોઈના ફોન હતા ?'

'આવ્યા હતા. પણ ભરતે ઉપાડ્યા અને પપ્પા નથી, કહીને મુકી દીધા,' –કપીલે ફરીયાદ કરી.

'અરે, કોણ છો – એમ તો પુછી લેવું જોઈએ !'

'પણ આ છોકરાંવ સાંભળે તો ને ! ભરત તો ફોનની ઘંટડી વાગતાં જ દોડે છે. રીસીવર ઉપાડીને કહી દે છે કે 'પપ્પા નથી', અને મુકી દે છે !' – વહુએ ફરીયાદમાં સુર પુરાવ્યો. ભરત મોઢું ચડાવીને સાંભળતો રહ્યો.

થોડી વારે કપીલે મુખ્ય ફરીયાદ કરી : 'દાદાજી, આ ભરત તમારા લખવાના ટેબલ પર તમારી જેમ બેસે છે અને કાગળ લઈને લીટા દોરે છે. કહે છે, 'હું હીમાંશુ જોશી છું !' દાદી અને મમ્મી હસે છે તો કહે છે – હું દાદાજી કરતાંય સરસ વાર્તા

લખી શકું છું ! હું કહું કે – તને તો હજી લખતાંયે નથી આવડતું ! તો મને મારવા દોડે છે !'

મેં ભરતને પાસે જઈને થાબડ્યો. એ કપીલ તરફ ડીંગો બતાવીને હસતો રહ્યો.

મારો દીકરો સતીશ હમણાં નોર્વેમાં રહે છે. તેને બે દીકરા છે – આઠ વરસનો કપીલ અને પાંચનો ભરત. મહીના માટે હું નોર્વે આવ્યો છું. નાનો ભરત મારી સાથે બહુ હળી ગયો છે.

અહીં આવ્યો ત્યારથી મારાં ચશ્માંની રામાયણ ઉભી થઈ છે. ઓસ્લોના વીમાનઘરે ઉતર્યો, ત્યારે ચારે કોર બરફની ચાદર પથરાયેલી હતી. બરફ પર ચાલવાની ટેવ નહીં; એટલે હું લપસ્યો. સતીશે પકડીને ઉઠાડ્યો અને કાર સુધી લઈ ગયો. કારમાં બેઠો ત્યારે જોયું કે આમ તો કંઈ વાગ્યું નહોતું; પણ મારાં ચશ્માંનો એક કાચ ગાયબ થઈ ગયો હતો ! સતીશે કહ્યું કે કાલે જઈને નવાં ચશ્માં કરાવી લઈશું, ઉભા ઉભા જ મળી જશે.

બીજે દીવસે સતીશ મને એક ભવ્ય દુકાનમાં લઈ ગયો. પુછતાછ કરતાં જાણ્યું કે નંબર કાઢવાના ને નવાં ચશ્માં બનાવવાના લગભગ છ હજાર ક્રોનર થશે. છ હજાર ક્રોનર ! એટલે કે છત્રીસ હજાર રુપીયા કરતાંયે વધારે ! હું તો સતીશને લઈને દુકાનમાંથી બહાર જ નીકળી ગયો.

ઘરમાં પછી આની ચર્ચા ખાસ્સી ચાલી. સતીશ કહે, 'પૈસાનું ન વીચારો, ચશ્માં બનાવી જ લો.'

'અરે, છત્રીસ હજારનાં તે કંઈ ચશ્માં કરાવાય ?'

'એમ રુપીયામાં હીસાબ કર્યે ન ચાલે. અહીંના સ્ટાન્ડર્ડ પ્રમાણે જ ભાવ તો હોય ને !'

'પણ મને ચશ્માંની એવી જરુર નથી. લખવા–વાંચવામાં મને ચશ્માં જોઈતાં નથી. મારાં દુરનાં ચશ્માં છે. મારે ક્યાં અહીં ઝાઝું બહાર જવું છે ? ભારત જઈને નવાં ચશ્માં કરાવી લઈશ.'

ઘરમાં ચાલતી આ બધી ચર્ચા ભરત સાંભળતો રહ્યો. એક દીવસ મને કહે, 'દાદાજી, હું વાર્તા લખીને ખુબ ક્રોનર ભેળા કરી દઈશ. તેમાંથી તમારાં નવાં ચશ્માં લાવીશું.'

'તને લખતાં તો હજી આવડતું નથી.'

'તો હું વાર્તા મોઢેથી કહીશ.'

'તને તો મારા કરતાંયે સારી વાર્તા આવડે છે ને ! એક વાર્તા કહે, જોઉં !'

'કઈ કહું ? માછલીની ? ચકલીની ? નદીની ? સીંહની ?'

'સીંહની વાર્તા કહે.'

'તો સાંભળો ! એક હતું સીંહનુ બચ્ચું, બેબી લાયન ! તેના એક પાપા હતા અને એક મમ્મી હતી. એક દીવસ ત્રણેય ફરવા ગયાં. જંગલમાં ઘણાં હરણ હતાં. ત્યાં એક શીયાળ આવ્યું. તે હરણોને ડરાવવા લાગ્યું, ધમકાવવા લાગ્યું. હરણો અહીં–તહીં ભાગવા લાગ્યાં. બેબી લાયનને બહુ ગુસ્સો આવ્યો. તેણે શીયાળને પકડ્યું. આમને કેમ હેરાન કરે છે ? શીયાળ કહે, તું ચુપ રહે, તું કોણ મને રોકનારો ? બેબી લાયને તેને એક તમાચો મારી દીધો. શીયાળ નાસી ગયું. બેબી લાયનની મમ્મી

ખુશ થઈ ગઈ, શાબાશ ! તેણે તેને ૫૦ ક્રૉનરની નોટ આપી દીધી. બેબી લાયન તો ખુશ–ખુશ થઈ ગયું....'

'વાહ, વાર્તા તો સરસ છે !' – મેં કહ્યું.

ત્યાં સતીશ બેઠો બેઠો સાંભળતો હતો. તેણે ભરતને ૫૦ ક્રૉનરની નોટ આપી કહ્યું, 'શાબાશ !' ભરત નોટ બતાવતો મારી પાસે આવ્યો. મેં જોયું, નોટ ઉપર એક બાજુ લાલ ડાઘ હતો. મેં પણ ભરતને ૫૦ ક્રૉનરની નોટ આપી, 'શાબાશ !...શાબાશ !' કહ્યું.

ત્યાં કપીલ બોલ્યો, 'દાદાજી ! ભરત તો સાવ ખોટી વાર્તા કહે છે.'

ભરત નારાજ થઈ બોલ્યો, 'આમાં ખોટું શું છે ?'

'દાદાજી, ક્લાસમાં અમારાં મૅડમ કહેતાં હતાં કે નોર્વેમાં સીંહ છે જ નહીં !'

ભરત ઘડીભર તો મુંગો થઈ ગયો; પણ પછી એકદમ બોલ્યો, 'જંગલમાં ન હોય તો કાંઈ નહીં; પણ ફોરેનથી તો લાવી શકાય ને ? મોનાના પાપા હમણાં આઈસ લૅન્ડથી લાલ મોંવાળો કુતરો લાવ્યા હતાને પૉલર ડૉગ !'

મેં હસીને કહ્યું, 'વાર્તામાં તો આવું ચાલે.'

મહીનો આવી રીતે દીકરા–વહુ અને પોતરાઓ સાથે ખુશી–ખુશીથી વીતાવીને હું ભારત આવ્યો. અહીં આવી ને મેં નવાં ચશ્માં બનાવી લીધાં. પછી એક દીવસ હું મારી બૅગ ખાલી કરતો હતો તો મારા વાર્તાના એક પુસ્તકમાં એક કવર હતું. ખોલીને જોયું તો તેમાંથી એક કાગળમાં આડી–અવળી લીટીઓથી પંખી, પહાડ, માછલી વગેરેનાં ચીત્રો દોરેલો એક

કાગળ અને પચાસ–પચાસ ક્રૉનરની બે નોટ નીકળી. તેમાંની એક નોટના બે છેડે લાલ ડાઘ હતો.

(હીમાંશુ જોશીની હીંદી વાર્તાને આધારે)

–'હરીશ્ચંદ્ર'

'ભુમીપુત્ર' પાક્ષીકના તા. ૧૬–ઓગસ્ટ, ૨૦૦૭ના અંકમાંથી, તેમના સૌજન્યથી, સાભાર..

@@@

5-129 : 25-11-2007

# રસોડાનું મસોતું

–'હરીશ્ચંદ્ર'

અનુક્રમણીકા

રસોડામાં મસોતા વીના કાંઈ ચાલે? ઘડીભર નહીં ચાલે. પણ હવે આ મસોતું બદલવાનું થયું છે. મસોતાથી તપેલું પકડી ભાતમાંનું પાણી નીતારતાં હું આજે દાઝી. હવે સાવ જરી ગયું છે. કેટલા વખતથી વાપરું છું! મારી મા આવેલી ત્યારે પોતાનું જુનું બ્લાઉઝ મુકી ગયેલી. ફાટી ગયેલું. મેં તેને મસોતા તરીકે વાપરવા રસોડામાં લીધું.

આ મસોતા તરફ જોતાં–જોતાં મને મા બહુ યાદ આવી. તેવામાં ઘંટી વાગી. મેં જઈને બારણું ખોલ્યું.

'અરે, જાનકી! અત્યારે?'

જાનકી અમારી કોલોનીમાં જ રહે. બહુ કામઢી બાઈ. રસોડામાં અને ઘરકામમાં એટલી બુડેલી રહે, કે કોઈને ત્યાં જવાનો એને ક્વચીત જ સમય મળે.

મેં એને બેસાડી. થોડી અહીં–તહીંની વાતો કરીને એ બોલી, 'તમે મને અંગ્રેજી શીખવશો? રોજ નહીં, તોય એકાંતરે દીવસે હું તમારી પાસે શીખવા જરુર આવીશ.'

'જરુર શીખવીશ. પણ તને આ અંગ્રેજીનો નાદ ક્યાંથી લાગ્યો?'

'મને લાગે છે, મારે અંગ્રેજી શીખી લેવું જ પડશે. તેના વીના નહીં ચાલે. છોકરાં હવે મોટાં થયાં. નીશાળનું લેસન કરતાં એમને કાંઈ–કાંઈ પુછવાનું હોય; પણ બળ્યું ઈંગ્લીશ મીડીયમ! મારી કાંઈ ચાંચ બુડે નહીં. નાનકી તો હવે કહી દે છે, મમ્મી તને કાંઈ નથી આવડતું.'

હું પોતે પણ વીચારમાં પડી ગઈ. હજી કાલની જ વાત. મારી દીકરી દસ દીવસની એક કમ્પ્યુટર શીબીરમાં જઈ આવી. મેં પુછયું, 'ત્યાં તમે શું–શું શીખવ્યું?' ત્યારે તેણે મારું મોઢું જ તોડી લીધું—'તને કમ્પ્યુટર બાબત એક દોકડોય સમજાશે કે?' અને જેવા ડૅડી આવ્યા કે ઉછળી–ઉછળીને કલાકેક સુધી તેણે એમને શીબીરની બધી વાત કરી. મને થયું : જાનકીની જેમ મારે પણ કમ્પ્યુટર શીખવા જવું પડશે.

જાનકી ગઈ અને હું રસોડામાં આવી. પેલું મસોતું. મને ફરી માની યાદ આવી. આજકાલની મમ્મીઓ તો થોડું–ઘણુંયે શીખેલી હોય; પણ ત્યારે તો ભણેલી મમ્મીઓ બહુ ઓછી. મારી મા માત્ર ચાર ચોપડી ભણેલી. નીશાળના લેસનમાં એને કાંઈ પુછી શકાય એવો સવાલ જ નહીં. એટલે અમે મોટા થતાં ગયાં તેમ ખાવાપીવા સીવાયનો મા સાથેનો આવો વ્યવહાર બહુ ઓછો થતો ગયો.

મને એકદમ યાદ આવ્યું. એક વાર નીશાળમાં પહેલી આવી. મને ઈનામ મળ્યું. સમારંભમાંથી પાછી આવી ત્યારે મા મારી વાટ જોતી બારણામાં જ ઉભેલી. હોંશથી તેણે પુછયું, 'શું ઈનામ મળ્યું?' પણ મારું તેના તરફ ધ્યાન જ નહોતું. હું તો દોડતી ઘરમાં જઈને ડેડીને ઈનામ બતાવી બધી વાત કરવા લાગી. મને ત્યારે ખ્યાલ જ નહોતો આવ્યો કે આ રીતે વર્તવું એ માનું અપમાન છે.

આજે હું પોતે મા બની છું, ત્યારે મને આ બધું સમજાય છે. રાતે પથારી ભીંજવી હોય એટલે નાનું બાળક રડે, ત્યારે ગાઢ નીંદરમાંથી ઉઠીને તેનાં બાળોતીયાં બદલવાં, તેને થાબડી–થાબડીને ફરી સુવાડવું, ક્યારેક કજીયે ચડે, ત્યારે તેડીને પુચકારતાં–પુચકારતાં ક્યાં સુધી ઓસરીમાં આંટા મારવા, જરીક મોટું થાય પછી તેને ખવડાવવા તેની પાછળ–પાછળ ફરીને લાડ કરવાં, વારે વારે તેના શેડા લુંછવા, માંદુ પડે ત્યારે ખાધા–પીધા વીના ઉચક જીવે તેની સારવારમાં લાગવું—આ બધું મા કરે છે, તે મેં જાતે અનુભવ્યું. તેમ છતાં છોકરાં મોટાં થાય ત્યારે બાપ તરફ જ કેમ વધુ ઢળે છે? અને મા જો મારી મા જેવી અભણ હોય, તો તો તેની ઉપેક્ષા જ કરાય છે 1

મને મા પ્રત્યે એકદમ લાગણી થઈ આવી. થયું, જઈને એની માફી માગી આવું કે તારી સાથે મારે આવી રીતે વર્તવું

જોઈતું નહોતું; પણ કદાચ હું જઈને આવું કહું તો એ હસી જ કાઢે અને મારા માથે ને વાંસે એનો પ્રેમાળ હાથ ફેરવે.

તેવામાં ઘંટી વાગી. બારણું ખોલ્યું તો મારી પડોશી અરુણા.

કહે, 'હજી તું તૈયાર નથી થઈ? ત્રણ વાગી ગયા!'

વીચારમાં ને વીચારમાં સાવ ખોવાયેલી હું તો સાવ ભુલી જ ગયેલી! મારા બાબાને અને તેની બેબીને નીશાળમાંથી લાવવાનાં હતાં. પહેરેલે કપડે જ હું નીકળી ગઈ. નીશાળ છુટી ગઈ હશે અને છોકરાં ક્યાંક પાછાં આઘાં–પાછાં ન થઈ જાય! ન કપડાં બદલવા રહી; ન માથું ઓળવા. મા નહોતી બની, ત્યારે આવે વેશે બહાર નીકળતાં હું દસ વાર વીચાર કરત.

હું ઝટઝટ ચાલતી હતી; પણ અરુણા પાછળ પડી જતી.

પુછયું તો કહે, 'પગ મોચવાયો છે.'

'ક્યાં?'

તો કહે, 'સાયકલ પરથી પડી ગઈ.'

'તું વળી સાયકલ પર ક્યાંથી?'

તો કહે, 'સાયકલ શીખું છું. આવતા વરસે બેબીને સેન્ટ ઝેવીયર્સમાં મુકવી છે. બહુ દુર છે. એટલે સાયકલ શીખી લીધી હોય તો ઠીક પડે.'

ફરી મને મારી મા યાદ આવી. અમે મોટા થયાં, તોયે એનું કર્તવ્ય ક્યાં પુરું થયેલું? પરીક્ષા અમારી; પણ સાથે જ

માની પણ. અમારી ખાવા–પીવાની,ઉંઘવા–ઉઠવાની વીશેષ કાળજી ત્યારે તેણે જ રાખવાની. રાતે મોડે સુધી વાંચીએ ત્યારે મધરાતે ઉઠીને ચા એ જ બનાવી આપે. એલાર્મ રાખીને સુઈએ; પણ એલાર્મ સાંભળીને ઉઠીએ નહીં, ત્યારે મા જ એલાર્મથી જાગીને અમને પ્રેમથી માથે હાથ ફેરવી ઉઠાડી જાય. અમારા કોઈ વાંક માટે સાંભળવાનું એને જ.

મને યાદ છે, મારો નાનો ભાઈ એક વાર નપાસ થયો. તો ડેડીએ ઉકળાટ મા ઉપર ઠાલવ્યો : 'તું શું કરે છે? છોકરા ઉપર ધ્યાન પણ નથી રાખતી? રખડ્યા કરે છે કે ભણે છે, તેનું ધ્યાન મા ન રાખે તો કોણ રાખે? અમે તો આખો દીવસ બહાર હોઈએ!'

મસોતું તે જ મા! બન્નેમાં શો ફરક? ભાતમાંનું પાણી નીતારતાં, શાક હલાવતી વખતે તાંસળું પકડતાં, ઘડી–ઘડી હાથ લુછતાં મસોતું જોઈએ જ. મસોતા વીના ન ચાલે. મા વીના પણ ન ચાલે; છતાં માનું સ્થાન મસોતા બરાબરનું જ?!!

(શ્રી. કુપ્પીલી પદ્માનીની તેલુગુ વાર્તા પરથી...') 'વીણેલાં ફુલ' ભાગ : ૧૫માંથી સાભાર...

સ્વ.–'હરીશ્ચંદ્ર'

@

6-153 : 11-05-2008

# ગુમરાહ

–હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

કાલે ત્રીજી વાર માસ્તર જાનકીદાસે મને ખબર આપી, “પરેશ શાળામાં હાજર રહેતો નથી. છોકરો ગુમરાહ થઈ જશે.” એટલે આજે ભોજન બાદ પરેશે નીશાળનો થેલો ખભે લટકાવ્યો કે ચુપકીદીથી હું પણ તેની પાછળ પાછળ ચાલ્યો. સ્કુલની સડકને બદલે શાહજાદાએ બીજો જ રસ્તો પકડયો !

ચાલતાં ચાલતાં અમે ગામ બહાર નીકળી ગયા. એ એની ધુનમાં જ હતો. એણે પાછા વળીને એકે વાર જોયું પણ નહીં. સીટી વગાડતો, ક્યારેક પથરાને બુટ વડે ઠોકરો મારતો આગળ ધપ્યે જ જતો હતો. સુવ્વરનો બચ્ચો ! એ નહોતો જાણતો કે એના આ બુટ ખરીદવા એના બાપને સવારથી સાંજ સુધી ફાઈલો સાથે કેટલાં માથાં ફોડવાં પડતાં હતાં !

મદારીઓના ડેરા નજીક એ પહોંચ્યો, તો પાંચ–છ કુતરા જોરશોરથી ભસતા એની નજીક લપક્યા. હું ગભરાયો – ક્યાંક એ મારા છોકરાને પગે બચકું ભરી લે તો ! પણ જેવો એ કુતરાઓની નજીક પહોંચ્યો કે તેઓ દુમ હલાવવા લાગ્યા. ઓહ ! મતલબ કે કુતરા સાથે એને જુની ભાઈબંધી હતી.

હું ઝાડની આડશે જોઈ રહ્યો હતો. મદારીના એક છોકરાએ ચાર–પાંચ સાપ પરેશને ગળે લટકાવી દીધા. મારો

તો શ્વાસ જ અધ્ધર થઈ ગયો ! દીલ ધડકતું હતું. પણ ધીરે ધીરે સાપ ગળેથી સરકીને બદન પર થઈ ઘાસ પર રમવા માંડ્યા.

પછી પરેશ આગળ વધ્યો. નહેરને કીનારે કેટલાક બંગાળી છોકરા માછલી પકડી રહ્યા હતા. આ બધું એ એકીટશે જોઈ રહ્યો હતો. જોવામાં એ એટલો મગ્ન હતો કે હું, એનો બાપ, એની અડોઅડ જઈને ઉભો રહ્યો તેનોય એને ખ્યાલ ન રહ્યો. એની આંખોમાં ઉત્સુકતા હતી, જીવન પ્રત્યેનો પ્યાર હતો. એ ત્યાંના વાતાવરણમાં લીન થઈ ગયો હતો.

એકાએક પરેશની નજર મારા પર પડી અને એનું મોં પડી ગયું. આખરે એને કાંઈ ન સુઝ્યું એટલે એણે આંગળી ચીંધી કહ્યું, ‘‘પાપા, આ લોકો માછલી પકડી રહ્યા છે.’’ હુંય એની સાથે બેસી ગયો. ન એની સ્કુલની વાત નીકળી, ન મારી ઓફીસની ! ન મેં એને પુછ્યું કે, તું શાળાને બદલે આ બાજુ કેમ આવ્યો. ન એણે ધડ કરી કે હું ઓફીસને બદલે આ બાજુ શી રીતે આવી પહોંચ્યો. અમે મીત્રોની માફક અહીંતહીંની હાંકતા રહ્યા. ‘‘ચાલો પાપા, નદીની પેલે પાર જઈએ,’’ કહી એ બુટની દોરી છોડવા લાગ્યો.

‘‘ના બેટા, પગ ભીંજાવાથી તને શરદી થશે,’’ કહી મેં એને મારી પીઠ ઉપર બેસાડ્યો અને એણે એના હાથ મારા ગળે લપેટી દીધા.

એનાં ચીંતા–ભય બધું જ ગાયબ થઈ ગયું. એ બોલ્યે જતો હતો : ‘‘પાપા, નદીની પેલે પાર એક પથ્થરફોડો છે. દી’

આખો બસ પથ્થર ફોડ્યા કરે છે. વળી ત્યાં એક સ્વામીજી પણ છે.

નદી પાર કરી કે સામે જ સ્વામીજી મળ્યા. ‘‘તમારો છોકરો છે કે ?’’

‘‘હા.’

‘‘ઘણો ડાહ્યો ને ભોળો છે. તમારું નામ રોશન કરશે.’’

ન જાણે આટલી વાત પર મને એટલી ખુશી થઈ કે સ્કુલથી ભાગેલા એ છોકરા વીશે મને ગર્વ થયો.

નજીકમાં જ થોડાં ઝુંપડાં હતાં. વાસણ માંજતી એક ભરવાડણે કહ્યું, ‘‘ઘણા દીવસે આવ્યો , પરેશ !’’

પરેશ એની નજીકમાં જઈ લાડમાં બોલ્યો, ‘‘હા, માસી ! આજે તો મારા પપ્પા પણ આવ્યા છે.’’ પરેશની માસી અમને ચા પીવડાવવા માગતી હતી પણ અમે ના કહી.

પરેશને નીશાળેથી ન ભાગી જવાનું સમજાવવા મનોમન હું કોશીશ કરતો રહ્યો; પણ કાંઈ કહી ન શક્યો. આખરે મેં નક્કી કર્યું કે આજે નહીં, કાલ–પરમે એને સમજાવી દઈશ.

વરસાદે જોર કર્યું. અમે જેમતેમ ઘરે પહોંચ્યા. આંગણામાં જ ધુંવાંપુંવાં થતી એની મા ઉભી હતી. એણે મને ઉધડો જ લીધો : ‘‘આખો મહોલ્લો ધુમી વળી. પહેલાં તો બેટો જ ભાગતો હતો, હવે તો બાપેય ભાગવા લાગ્યા કે શું ?’’

કદાચ એને ગોપીનાથ દ્વારા જાણ થઈ હશે કે આજે હું ઓફીસે નહોતો ગયો. પરેશ મારી સોડમાં ભરાયો – પણ જાણે એ મને એની સોડમાં લઈ લેવા માગતો નહીં હોય ! એને થતું હશે કે એને કારણે જ એના પાપાને આ સાંભળવું પડે છે. કદાચ

મારા મનની અંદર સુતેલા બેટાને જાગૃત થયેલો જોઈ એના મનની ભીતરનો સુતેલો બાપ જાગ્યો હતો. પળ બે પળ રહી એ બોલ્યો, "પાપા, હવે હું ડાહ્યો થઈ ભણ્યા કરીશ, હોં !"

કેટલાય મહીના વીતી ગયા. હવે એ નીયમીત નીશાળે જાય છે. પહેલાં કેટલીય વાર માસ્તરની અને એની માની ધમકીઓની કોઈ અસર એના પર નહોતી થઈ. પણ છેલ્લા પ્રસંગની એના પર ઘેરી અસર થઈ છે. એને થઈ ગયું છે કે એના પાપાને ઠપકામાંથી બચાવવા એણે નીશાળે જવું જ જોઈએ.

બધાં ખુશ છે, માસ્તર જાનકીદાસ ખુશ છે, એની મા ખુશ છે અને હું પણ...હા, પહેલાં પહેલાં મનેય ખુશી થઈ હતી. પણ હવે... ...

રાતના નવ વાગી ચુક્યા છે. બારીમાંથી વીજળી ચમકતી દેખાઈ રહી છે. આગીયા ઝબુકી રહ્યા છે. મલયાનીલ લહેરાઈ રહ્યો છે. પરેશ ટેબલ–લૅમ્પ પાસે પુસ્તકોમાં આંખો પરોવી બેઠો છે. પણ મારા મનના અંતઃસ્તલમાં હલચલ મચી રહી છે. જીવને થાય છે કે એ નીશાળમાંથી ભાગી છુટે, હું ઓફીસમાંથી, અને અમે બાપ–બેટા આખી દુનીયાને અંગુઠો દેખાડી જંગલોમાં ઘુમતા રહીએ ! પણ આ વાત હું કોઈને કહી શકતો નથી. પહેલાં એ ગુમરાહ હતો – હવે હું ગુમરાહ થઈ રહ્યો છું.

– 'હરીશ્ચંદ્ર'

(બલવંતસીંહની હીન્દી વાર્તાને આધારે)

'વાચનયાત્રાનો પ્રસાદ'ના પાન : ૬૮ ઉપરથી સાભાર..

(સંપાદક : મહેન્દ્ર મેઘાણી – ચાર વરસ ચાલેલી, છસો–સાડીછસો પાનાંનો એક એવા ચાર ગ્રંથોમાં છપાઈને સવા લાખથી વધુ વાચકોને પહોંચેલી, ‘અરધી સદીની વાચનયાત્રા’માંથી વીણીવીણીને શ્રી. મહેન્દ્રભાઈએ આ પુસ્તકમાં ‘પ્રસાદ’ વહેંચ્યો છે.. આ વીરલ વાચનયાત્રાનો ‘પ્રસાદ’ આરોગનારને ચારે મુળ ગ્રંથો પાસે જવાની તલબ લાગે એવો સ્વાદીષ્ટ ‘પ્રસાદ’ છે આ પ્રસાદથાળમાં... પાનાં : ૫૧૨, કીંમત : રુપીયા ૭૫ – પ્રકાશક : લોકમીલાપ ટ્રસ્ટ, પો.બો. ૨૩, સરદારનગર, ભાવનગર–364 001, ફોન: (0278) 256 6402 e-mail: lokmilaptrust2000@yahoo.com

7-160 : 01-03-2009

# માણસને સૌથી મોટી ભુખ માણસની !

– હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

એકદમ શું થઈ ગયું, તે અમરતબાને સમજાયું નહીં. પેશાબ કરવા ગયેલાં ત્યાં પગ લપસ્યો. આખા શરીરનો ભાર પગ ઉપર ! એક–બે મીનીટ એમ જ પડ્યાં રહ્યાં. કપડાં એક બાજુ ભીનાં થઈ ગયાં. માંડ માંડ ભીંતનો સહારો લઈ ઉઠ્યાં. પગમાં તો કાંઈ દરદ થાય દરદ ! જેમ તેમ પગ ઘસડતાં સોફા પર જઈ પડ્યાં. ઘરમાં બીજું કોઈ નહીં. દીકરો–વહુ બન્ને નોકરીએ જાય. શું કરવું, સમજાય નહીં. દુઃખાવો અસહ્ય. તન્દ્રામાં પડી રહ્યાં.

એકાદ કલાકે વહુ સુલા આવી, ત્યારે બા આમ ને આમ સોફા ઉપર પડેલાં. હાંફળી–ફાંફળી થઈ ગઈ. બધી વાત જાણી. જોયું તો પગ કાળો પડતો જતો લાગ્યો. તરત રીક્સા કરીને બાને હૉસ્પીટલમાં લઈ ગઈ. એક્સ–રે લેવાયો. પગે નાનકડું ફ્રેક્ચર થયેલું. પ્લાસ્ટર થયું. હવે ઓછામાં ઓછો એક મહીનાનો ખાટલો. બાની સાર–સંભાળ માટે દીવસ–રાતની બે નર્સ રાખવી પડી.

ખાટલામાં પડ્યાં–પડ્યાં અમરતબા પોતાના નસીબને કોસતાં રહ્યાં. ભગવાન મેં એવાં તે શાં પાપ કર્યાં છે, તે મારે આવું ભોગવવાનું આવ્યું ! મને કેમ ઉપાડી લેતો નથી ? બીજા પર આટલા ભારરુપ બનીને જીવવાનો શો અર્થ ? કેટલાક તો તું જુવાનજોધને ઉપાડી લે છે, તો આ ૮૦ વરસની ડોસીને કાં ઉપાડી નથી લેતો ?

અમરતબા બહુ સારી રીતે જીવન જીવેલાં.  બહુ જ મહેનતુ, માયાળુ, મળતાવડાં.  એમને બોલવા બહુ જોઈએ. બધાં સાથે વાતો કરવી બહુ ગમે, આડોશી–પાડોશી, સગાં–વહાલાં, ઓળખીતાં–પાળખીતાં બધાં જ સાથે હળતાં–મળતાં. એમને ત્યાં કોઈ આવ્યું, તો ખાધા–પીધા વીના કદી ન જાય. આળસ બીલકુલ નહીં. વહુ આવી તોયે ઘરનું વધારે કામ પોતે જ કરતાં.  વહુ નોકરી કરે એટલે અમરતબા કહે, ‘બેટા,  આ હું કરી નાખીશ, પેલું હું કરી નાખીશ.’ વહુ સારી હતી; પણ સ્વભાવની રુખી–સુકી. હસવું–બોલવું ઓછું. અમરતબાને બહાર હરવા–ફરવાનું થતું ત્યાં સુધી તો વાંધો નહોતો આવતો; પણ ઉંમર વધતાં ધીરે ધીરે બહાર જવાનું બંધ થયું, તેમ ઘરમાં રહી એ અકળાઈ જતાં.

તેમાંયે પાંચેક વરસ પહેલાં પતીના અવસાન બાદ તો અમરતબા ઘરમાં સાવ એકલાં પડી ગયાં. દીકરા–વહુને પાસે

બેસી વાત કરવાની ફુરસદ નહીં. દીકરાનો દીકરો રાજુ દાદીમાનો બહુ લાડકો. નાનો હતો ત્યારે તો દાદીને છોડતો જ નહીં. પણ મોટો થતો ગયો, તેમ એ પણ એની દુનીયામાં પડી ગયો. જો કે એ બે–ચાર દીવસે દાદી પાસે આવીને બેસતો, શું કર્યું, શું ખાધું, પુછતો. દાદીને બહુ સારું લાગતું.

પરંતુ રાજુનાં લગ્ન થયાં. આ ઘરમાં સમાસ થાય તેમ ન હોવાથી બીજું ઘર લઈ એ ત્યાં રહેતો થયો. તેથી દાદી ઘરમાં સાવ એકલાં પડી ગયાં. દીકરો–વહુ રાખે તો બહુ સારી રીતે; પણ દાદી હતાં માનવ–ભુખ્યાં અને તે ભુખ એમની ભાંગતી નહોતી. એમને જોઈએ માનવનો સંગ, પ્રેમનો સ્પર્શ, આત્મીયતાની હુંફ. માણસને સ્થુળ સાર–સંભાળ કરતાં આની વધારે જરુર હોય છે. ઘડપણમાં કદાચ વધારે. એ વીના દાદીને અકારું લાગતું.

રાજુ અને તેની વહુ રમીલા અવારનવાર આવતાં અને ત્યારે દાદી પાસેયે ખાસ બેસતાં. દાદીને સારું લાગતું. રમીલા બહુ જ માયાળુ સ્વભાવની. દાદીના પગ દબાવવા બેસી જાય, દાદી શું ખાય છે– પીએ છે, પ્રેમથી પુછે. એક વાર રાજુ–રમીલા બન્ને કહે, ‘દાદી, દાદી થોડા દીવસ અમારે ત્યાં રહી જાવ !’ અને બહુ આગ્રહ કરીને બન્ને દાદીને પોતાને ત્યાં લઈ જ આવ્યાં.

દાદીને તો જાણે સ્વર્ગ મળ્યું ! આમ તો રાજુ–રમીલા પણ બન્ને નોકરી કરે. પણ રાજુ રોજ એક વાર તો આવીને દાદી પાસે બેસી જ જાય. અને રમીલા તો ઘરમાં હોય ત્યારે દાદી પાસે આવીને ટહુકો કરી જ જાય – 'કંઈ તકલીફ તો નથી ને, દાદી ! કઈ જોઈતું–કારવતું તો નથી ને, દાદી !' શાક લાવી દાદી પાસે બેસી સમારે. કાંઈ સીવવા કરવાનું કે નાનું–મોટું કામ હોય તો દાદી પાસે બેસીને કરે. દાદી પાસે બેસીને ટીવીની સીરીયલ જુએ. સાથે સાથે કાંઈ ને કાંઈ વાતો કરતી જાય. ઑફીસમાં આજે શું થયું, તેનીયે વાતો હોય. દાદી હવે તેની ઑફીસના માણસોનેય નામથી ઓળખતાં થઈ ગયાં હતાં.

અને દાદીના ખાવા–પીવાનું તો એટલું ધ્યાન રાખે ! 'દાદી, તમને આ ભાવશે ?... આજે દાદી, તમને આ કરી દઉં ?...' ટૂંકમાં, દાદી એને મન કોઈ વણજોઈતો બોજ નહીં; કુટુંબનું પોતીકું માણસ હતાં.

કાલે દાદીએ બાજુના રુમમાં થતી વાતચીત સાંભળી – 'દાદીને આપણે ત્યાં જ રાખીએ તો ? બાના ઉપર એટલો બોજ ઓછો.'

આ સાંભળી દાદી તો પાણી–પાણી થઈ ગયાં. એમની આંખો ઉભરાઈ આવી. મનોમન વહુને કાંઈ કેટલાયે આશીર્વાદ આપી દીધા !

આજે દાદીના પગ દુખતા હતા. રમીલા પગ દાબવા બેઠી. પછી યાદ આવ્યું એટલે ઉઠીને વાટકીમાં વેદનાશામક આયુર્વેદીક તેલ લઈ આવી. એટલું સરસ ચોળતી હતી કે દાદી આંખ મીંચીને માણતાં રહ્યાં, અને એમનો હેતાળ હાથ વહુના માથે ફરતો રહ્યો. ત્યાં એકાએક હાથ ફરતો અટકી ગયો. ઘણીવાર સુધી માથે એમનેમ રહ્યો. રમીલાએ ઉંચું જોયું, તો દાદીએ માથું ઢાળી દીધું હતું. દાદીનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. એમના મોઢા પર અનેરી પ્રસન્નતા હતી, અનેરી તૃપ્તીનો ભાવ હતો. આંખ ઉઘાડી હતી. એમાંથી જાણે અમી ઝરતું હતું.

(શ્રી. કલ્પના કુલકર્ણીની મરાઠી વાર્તાને આધારે..)

–'હરીશ્ચન્દ્ર'

8-166 : 24-09-2009

# સહીયારું સહજીવન

– હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

દસ વાગવાને હવે ચાર–પાંચ મીનીટની જ વાર હતી. સુષમાના સાયબર કાફેમાં ચૅટીન્ગ–સર્ફીન્ગ કરવા આવનારાઓની સંખ્યા પણ ઓછી થવા લાગી હતી. હજી થોડો વખત રહે તો કદાચ બે–ચાર ગ્રાહક આવે પણ ખરા. આ કામ શરૂ કર્યું, ત્યારે રાતે લગભગ અગીયાર વાગ્યા સુધી કાફે ખુલ્લું રાખવું પડશે એવી કલ્પના હતી જ. પરંતુ સ્ત્રીઓ, પુરુષો કરતાં જરાયે ઉતરતી નથી અને જે કામો પુરુષો કરે છે, તે બધાં સ્ત્રીઓ પણ કરી જ શકે, એવો સમાજમાં દાખલો બેસાડવો હતો. આ માટે તેના કરતાં ઉલટાનો અવીનાશનો આગ્રહ હતો. પતી–પત્નીએ બન્નેએ રાજીખુશીથી અને આપસમાં ઘણી ચર્ચા–વીચારણા કરીને આ નક્કી કરેલું કે અવીનાશ ઘરકામ સંભાળશે અને સુષમા કાફે ચલાવશે. એટલે સુષમા રોજ મોડે સુધી કાફે સંભાળતી બેસતી.

જો કે ક્યારેક એને કંટાળો આવતો. ઝાઝા ગ્રાહક ન હોય અને કાફેમાં સાવ એકલા બેસી રહેવાનું હોય, ત્યારે ગમતું નહીં. ઘર યાદ આવતું, અવીનાશ યાદ આવતો. પોતાને આવો

ધણીપણાનો સહેજેય ભાર વીનાનો પતી મળ્યો છે, તે યાદ આવતાં પાણી–પાણી થઈ જવાતું. અને ત્યારે ઝટ ઘરે પહોંચીને તેને મળવાનું મન થતું.

આજે પણ તેને એવું જ મન થયું. એટલે કાફે જરા વહેલું બંધ કરી એ ઘરે જવા નીકળી. ઘરે પહોંચી તો સુષમાના બન્ને ભાઈ અને બન્ને ભાભીઓ આવ્યાં હતાં. ગપ્પાં–ગોષ્ઠી અને નાસ્તા–પાણી ચાલતાં હતાં. સુષમા આવી એટલે અવીનાશ એને માટે ટ્રેમાં પાણીનો ગ્લાસ લઈને આવ્યો. બોલ્યો, ‘આ કુટુમ્બમેળામાં બસ, તારી જ કમી હતી.

ત્યાં દમુભાભી બોલી ઉઠ્યાં, ‘નહીં હોં ! અવીનાશભાઈએ તો કોઈ કમી રહેવા દીધી નથી. જુઓ ને ! ગરમ–ગરમ નાસ્તો ને ખડે પગે આગતા–સ્વાગતા !’ સુષમાએ અમી ઝરતી આંખે પતી તરફ જોયું.

સુષમા અને અવીનાશ, બેઉ નાનપણથી દોસ્ત. સ્કુલમાં સાથે, કૉલેજમાંયે સાથે. યુવાની સાથે સહજ પ્રેમ પાંગરતો ગયો. જીવનભર દોસ્તી નીભાવવાનું નક્કી કર્યું. બન્નેના વીચારોમાં, ભાવનામાં, આદર્શમાં ઘણું સામ્ય. દોસ્તીભર્યું લગ્નજીવન પણ અનોખું જીવીએ, દુનીયા કરતાં કંઈક નીરાળું.

એમણે વીચાર્યું – અમુક કામ સ્ત્રીઓ જ કરે અને અમુક પુરુષો, એવું શું કામ ? બન્ને બધાં કામ કરે, કોઈ કામ ઉંચું નહીં ને કોઈ કામ નીચું નહીં. અવીનાશે કહ્યું, ‘હું ઘર ચલાવવાની સંપુર્ણ જવાબદારી લઉં છું, તું બહારની ને પૈસા કમાવાની.’ હજી સુષમા થોડી ઢચુપચુ હતી. પુરુષ બહારનું કંઈ કામ ન કરે અને આખો દીવસ ઘરમાં લાગ્યો રહે ? ! ‘લોકો શું કહેશે ?’–નો હાઉ પણ ખરો. પરંતુ અવીનાશે કંઈ ન સાંભળ્યું. એ કહે, ‘આપણે સમાજમાં દાખલો બેસાડવો છે.’

અને અવીનાશે ઘરકામ એવું ઉપાડી લીધું કે સુષમા જ નહીં; બધાં દંગ થઈ ગયાં ! સુષમાને પણ દુનીયાથી નીરાળા આ રસ્તે ચાલવામાં મઝા આવવા લાગી.

જો કે કહેનારા હજી કહેતા રહ્યા કે, તમે જોજો ને, એકાદ બચ્ચું થશે, પછી બધી ખબર પડી જશે ! કોઈક અવીનાશને ટોણોય મારતું, ‘બચ્ચાને જનમ પણ તું જ આપને ’

અવીનાશના મનમાં કશો ડગડગો નહોતો. એ જવાબ આપતો – ‘કુદરતની યોજનાને લીધે હું ભલે *આઈ* ન બની શકું; પણ *દાઈ* તો જરુર બનીને દેખાડીશ.’

અને અવીનાશે જે રીતે દાઈ બનીને દેખાડ્યું, તે જોઈ બધાં મોંમાં આંગળાં નાખી ગયાં ! પ્રસુતી વખતે ખાસ હાજર

રહ્યો. પ્રસુતી–પીડા શરીરથી ભલે સુષમાએ ભોગવી; પણ અવીનાશ મનથી સુષમાની સાથે ને સાથે જ. સ્તનપાન ભલે સુષમાએ કરાવ્યું; પણ બીજી બધી જ સાર–સંભાળ અવીનાશે રાખી. થોડા મહીના ઘરકામની સાથોસાથ કાફેનીયે ઠીક ઠીક જવાબદારી અવીનાશે સંભાળી; પણ પછી તો પાછી કાફેની જવાબદારી સુષમાની ને ઘરની અવીનાશની.

પરંતુ ઘરમાં એક ઢીંગલી હવે ઢીંચણીયાં ભરતી ને ડગુ–મગુ ચાલતી તથા હસતી–રમતી ને અવીનાશની મમતાભરી માવજત – એટલે કે *બાપજત* હેઠળ ઉછરતી થઈ હતી. હવે એ ઢીંગલી જ બન્નેને બન્નેની સહીયારી જવાબદારીનું ભાન કરાવતી થઈ. ઢીંગલીને તો બેઉ જોઈએ ! ઢીંગલી હઠ પકડે કે કજીયો કરે કે, ‘મારે મમ્મી પાસે જવું છે,’ એટલે એને લઈને અવીનાશે કાફેમાં જવું જ પડે. અને ક્યારેક મમ્મી ઢીંગલીને મળવા આતુર થઈ જાય, તો ઘરે આવી જાય અને એટલો વખત અવીનાશે કાફે સંભાળવા જવું પડે. ઘરે હોય ત્યારેય ઢીંગલીને સાચવવાનું બધું અત્યાર સુધી અવીનાશ જ સંભાળતો હતો; એટલે એ તેની તહેનાતમાં હોય, અને ત્યારે રસોઈનું કામ સુષમાએ પાર પાડી નાખવું પડે.

આમ કરતાં–કરતાં ધીરે ધીરે અનાયાસ એમ ગોઠવાતું ગયું કે સુષમાની અને અવીનાશની જુદી જુદી ચોક્કસ

જવાબદારી રહેવાને બદલે બન્નેની સંયુક્ત સહીયારી જવાબદારી જ થતી ગઈ. ઘરનાં ને બહારનાં કામની બન્નેએ જે વહેંચણી કરી લીધી હતી, એવી વહેંચણી હવે રહી નહીં. સમયની માંગ પ્રમાણે અને ઢીંગલીની માંગ પ્રમાણે બન્નેને ભાગે બન્ને કામ કરતા રહેવાનું આવ્યું. હવે ન કશું કામ વહેંચવાનું હતું, ન કશી જવાબદારી ! બસ, સાથે જીવવાનું હતું, સહજીવન માણવાનું હતું, ઢીંગલી પર સહીયારો સ્નેહ વરસાવવાનો હતો.

(શ્રી **કૌસ્તુભ તામ્હણકર**ની મરાઠી વાર્તાને આધારે)

–'હરીશ્ચન્દ્ર'

@

9-169 : 05-07-2009

# અનોખું સુખ

– હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

એકેક ફોટો જોઈ મારી આંખ પહોળી થઈ જતી હતી. બાજુમાં બેસીને જગુભાઈ કૉમેન્ટ્રી આપતા જતા હતા.

‘આપણા રસ્તા તો અમેરીકાના રસ્તાની સરખામણીમાં ગલીકુંચી જેવા. રસ્તામાં ક્યાંય ખાડો નહીં કે ઉબડખાબડ નહીં. કાર તો પાણીના રેલાની જેમ સરકી જાય. દોઢસો કીલોમીટરની ઝડપે જતા હો, તોય તમારા પેટનું પાણી ન હાલે.’

‘આ જુઓ ! ક્યાંય રસ્તો દેખાય છે ? બસ, કાર જ કાર. છતાં ક્યાંય ટ્રાફીક જામ નહીં. ન્યુયૉર્કનો આ સૌથી ક્રાઉડેડ રોડ.’

જગુભાઈ હમણાં જ અમેરીકા દીકરા પાસે જઈને આવેલા. મને ખાસ પોતાના ઘરે ત્યાંના ફોટા જોવા બોલાવેલો. એક એક ફોટો દેખાડતા જાય અને તેનું વર્ણન કરતા જાય.

‘આ છે, નાયગ્રા ફૉલ્સ. તેની સામે આપણે ત્યાંના ધોધ તો બચ્ચાં. તેનો અવાજ એટલો કે બાજુમાં ઉભેલા માણસ સાથે મોટેથી બરાડીને બોલીએ તોયે તેને સંભળાય નહીં.’ – કહેતાં જગુભાઈનો અવાજ એટલો ઉંચો થઈ ગયો કે મારે કાને હાથ દેવા પડ્યા !

'અમેરીકા એટલે સ્વર્ગ છે સ્વર્ગ ! અમેરીકા ન જોયું તો તમારું જીવન એળે ગયું.'

લગભગ બે કલાકે આ બધું જોઈ–સાંભળી હું જ્યારે પાછો ફર્યો, ત્યારે મને થયું કે અમારા સતીશનેય અમેરીકામાં નોકરી મળી હોત, તો અમેય જગુભાઈની જેમ અમેરીકાનું સ્વર્ગ જોઈ આવ્યા હોત. જગુભાઈનો વીનાયક અમેરીકા ગયો અને ત્યાંનો તે વીકી થયો. સતીશ વીનાયક કરતાં તો ઘણો વધુ હોશીયાર. તેણે પણ જવા માટે પ્રયત્ન કરેલો; પણ કાંઈ કારી ફાવી નહીં. મારા મનમાંયે તેનો કણસાટ રહી ગયેલો. જગુભાઈનું આ બધું સાંભળીને મને ફરી થોડો સણકો ઉઠ્યો.

સતીશને મુંબઈમાં ઘણા સારા પગારની નોકરી મળેલી. બે–પાંચ વરસમાં મોટો ફ્લેટ લીધો અને કાર પણ ખરીદી. બે–ચાર મહીને આખા કુટુંબ સાથે આવીને મળી જાય, અમનેય મુંબઈ બોલાવે. એની પત્ની પણ ડાહી ને પ્રેમાળ. વહુ–દીકરો બેઉ અમારા પર બહુ પ્રેમ રાખે. આવે ત્યારે કંઈ ને કંઈ લઈ આવે.

મારીપત્ની તો આથી બહુ ખુશ. પરંતુ મારા મનમાં હમેશાં સતીશની અને વીકીની સરખામણી થયા કરે, ને મારું મન ખાટું થઈ જાય. જગુભાઈ પાંચેક વરસે બીજી વાર પણ

દીકરા પાસે જઈ આવ્યા. એમની વાતો સાંભળી, ત્યાંની અવનવી ચીજવસ્તુઓ જોઈ મારા મનમાં અભાવો જાગે.

જગુભાઈ અને હું એક જ ઑફીસમાં કામ કરીએ. ઑફીસમાંયે જગુભાઈનું અમેરીકા–પુરાણ ચાલુ જ હોય. બધા મંત્રમુગ્ધ થઈને સાંભળે. જગુભાઈની વાતોમાં વારંવાર એક જ ધ્રુવપદ ઘુંટાય – ‘અમેરીકા એટલે અમેરીકા !’

એમ કરતાં–કરતાં જગુભાઈ નીવૃત્ત થયા. અમે બન્ને લગભગ સરખી જ ઉંમરના. એકાદ વરસમાં હુંયે નીવૃત્ત થયો. મળવાનું હવે ઓછું થતું; છતાં વચ્ચે–વચ્ચે મળવા આવે. અને ત્યારે અમેરીકાની જ વાતો અને ફોટા. છેલ્લે આવ્યા ત્યારે ફોટો બતાવતાં અડધા–અડધા થઈ જતા હતા. એક ભવ્ય શાનદાર બંગલો અને પોર્ચમાં ઉભેલી શાનદાર કાર ! ‘આ બંગલો ને નવી કાર મારા વીકીએ ખરીદી.’ એમને મોઢે મેં વખાણ તો કર્યાં; પણ મનમાં નીસાસો નંખાઈ ગયો.

આમ, બીજાં એકાદ–બે વરસ નીકળી ગયાં. વચ્ચે–વચ્ચે જગુભાઈ ઘરે આવે. મારી પત્નીએ નોંધ્યું કે એમની વાતોમાં હવે વીકીની અને અમેરીકાની વાતો થોડી ઓછી આવે છે. મેં કહ્યું, ‘ઉંમર પ્રમાણે સ્વભાવમાં ફરક પડે.’

‘હા, તમારામાંયે તો ફરક પડ્યો જ છે ને ! પહેલાં તમે ક્યાં મારું કંઈ સાંભળતા ?’

‘હવે તો સાંભળું છું ને !’

‘લ્યો ત્યારે ! આજે જલદી નહાઈ–ધોઈને તૈયાર થઈ જાવ.’

‘કેમ આજે કંઈ નવીન છે ?’

‘બસ, હું કહું છું ને !’

કહ્યાગરા કંથની જેમ હું ઝટઝટ દાઢી કરી નહાઈને આવ્યો. ત્યાં શ્રીમતીજી રેશમી ઝભ્ભો લઈને ઉભાં હતાં.

‘પણ આજે છે શું ?’

એ મલકી; પણ કંઈ બોલી નહીં. હું હજી તૈયાર થઈને બેઠો, એટલામાં બેલ વાગ્યો. બારણું ઉઘડ્યું. અને જોઉં છું તો સતીશ, એની પત્ની અને બે બાળકો, ‘હેપી બર્થ ડે ટુ યુ !... હેપી બર્થ ડે ટુ યુ !’ બાળકો તો ‘દાદા...દાદા’ કરતાં મને વળગી જ પડ્યાં.

બધાંએ મને લઈ જઈ દીવો પ્રગટાવ્યો, મારી પાસે કેક કપાવી, વહુએ મારી આરતી ઉતારી. બધાં મને ઉમળકાભેર પગે લાગ્યાં.

‘આજે તમારો ૬૧મો જન્મ–દીવસ. તમે ૬૦ પુરાં કર્યાં. ષષ્ઠી–પુર્તી ઉજવવી જોઈએ ને ! એટલે આજે સતીશે ખાસ રજા લીધી. અમે મમ્મીને કહેલું કે એકદમ સરપ્રાઈઝ આપવાની છે !’ – વહુ બોલતી હતી, એનાં વેણે વેણે મીઠાશ ઝરતી હતી.

અમે એ મીઠાશ માણતાં બેઠાં હતાં, ત્યાં ફરી બેલ વાગ્યો. જગુભાઈ અને એમનાં પત્નીએ આવીને ‘હેપી બર્થ ડે’ કહેતાં પુષ્પગુચ્છ આપ્યો. સતીશને અને એના કુટુમ્બને જોતાં એમને આશ્ચર્ય થયું. આને માટે ખાસ આવ્યાં છે, જાણી વળી

વધુ આશ્ચર્ય થયું. એક ક્ષણભર એમના મોઢા પર વાદળું પસાર થઈ ગયું હોય એવું લાગ્યું.

'તમે ખરા આજે ટાણાસર આવી ગયાં !'

'અરે, હવે સમય કેમ ગાળવો તે સવાલ છે. ઘરમાં અમે બે એકલાં ! એટલે અમે ઓળખીતાં–પાળખીતાં, દોસ્તાર સૌની યાદી બનાવી છે. દરેકની જન્મ–તારીખ નોંધી રાખી છે. જન્મ–દીને એમને ત્યાં જઈને 'હેપી બર્થ ડે' કહી આવવું. અમારાં દીકરો–વહુ–પોતરાં બધાં દુર દુર અમેરીકામાં. એટલે આવા પ્રસંગો અમારે માટે દોહ્યલા થઈ પડ્યા છે !'

'જગુકાકા ! આજે હવે જમીને જ જજો. અને તમારો જન્મ–દીવસ પણ આપણે આવી જ રીતે ઉજવીશું. હું મુંબઈથી ખાસ આવીશ. જેવો વીકી તેવો હું, નહીં ?'– સતીશે એટલા પ્રેમથી કહ્યું કે જગુભાઈ ગળગળા થઈ ગયા !

*'સતીશ અમેરીકા ન ગયો'* તેનું અનોખું સુખ મેં પહેલી વાર અનુભવ્યું.

– 'હરીશ્ચંદ્ર'

(શ્રી વીજય નારાયણ દેવની મરાઠી વાર્તાને આધારે)

@

10-183 : 17-01-2010

# સાઈકલનો અવાજ

– હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

હું આ ત્રીજી વાર અમેરીકા આવ્યો છું. જગ્યાની શોધમાં છું. ઈન્ફર્મેશન ટૅકનોલૉજીમાં કામ કરનારા અમારા જેવાની આ જ દશા છે. કોઈ એક જગ્યાએ ડેરા નાખીને રહેવાનું ન હોય. જ્યાં પ્રોજેક્ટ મળે ત્યાં જઈને રહેવું પડે. પ્રોજેક્ટ પુરો થયો કે બીસ્તરા–પોટલાં બાંધો અને સ્વદેશ સીધાવો. ડૉલરનું આકર્ષણ અહીં તાણી લાવે.

આ વખતે મારી કંપની છે, એક કસ્બામાં. મકાન શોધતો રહ્યો. બે અઠવાડીયાં હૉટેલમાં રહ્યો. છ–બાર મહીના માટે આવનારા મારા જેવાને સ્વતંત્ર મકાન કરતાં ઍપાર્ટમૅન્ટ વધુ માફક આવે છે. બરફ પડે ત્યારે કારના પાર્કીંગ માટે જગ્યા સાફ કરવી, ઘાસ ઉગી જાય ત્યારે તેને કાપવું, બાથરુમમાં નળ બગડ્યો કે તેને દુરસ્ત કરવો – આવી કોઈ ઝંઝટ જ નહીં. બધું ઍપાર્ટમૅન્ટના વ્યવસ્થાપક કરી દે. આપણે બસ, ભાડું ચુકવી દીધું કે છુટ્ટા !

હું આવ્યો તે કસ્બામાં ઍપાર્ટમૅન્ટ ઝાઝાં નહોતાં. સ્થાનીક છાપાંઓમાં અને ઈન્ટરનેટ પર વેબસાઈટમાં જોઈ હું જગ્યા શોધતો રહ્યો. કાંઈ મેળ પડતો નહોતો. ક્યાંક ભાડું મને પોષાય તેમ નહોતું. અને ખાસ તો મને ભોંયતળીયે કે પહેલે માળે નહીં; ઉપર બીજા માળે જગ્યા જોઈતી હતી. ગયા વખતનો મારો અનુભવ બહુ ખરાબ હતો. અહીં મોટે ભાગે ફ્લોરીંગ લાકડાનું હોય. ઉપરના માળે કાંઈ ને કાંઈ હલચલ થાય કે નીચે આખો વખત ભુકંપનો અનુભવ થયા કરે.

ઉપરની તો કોઈ જગ્યા મળી નહીં; એટલે છેવટે ભોંયતળીયાની જ લેવી પડી. છ મહીનાનું કરારનામું કર્યું અને હું ત્યાં રહેવા ગયો. જરુરી સામાન ખરીદ્યો. પણ પ્રથમ ગ્રાસે જ મક્ષીકા ! હજી હું માંડ બધું ગોઠવતો હતો, ત્યાં જ ઉપર ધમ્મ કરતી કોઈ ચીજ પડ્યાનો અવાજ આવ્યો. થોડી વાર થઈ ત્યાં ઉપર કોઈ સાઈકલ ચલાવતું હોય એવો અવાજ આવ્યો. થોડી વાર પછી ફરી સાઈકલ ચલાવવાનો અવાજ. મેં માન્યું કે ઉપર કદાચ નાનાં છોકરાંવવાળું કુટુમ્બ રહેતું હશે. પણ હવે શું કરું ? મેં એમ માનીને મન મનાવ્યું કે, આખો દીવસ તો મારો ઑફીસમાં નીકળી જશે, અને રાતે છોકરાં જમ્પ્યાં હશે; એટલે વાંધો નહીં આવે.

પરન્તુ મારી આશા ઠગારી નીવડી. થોડો વખત ટીવી જોઈને રાતે અગીયાર વાગ્યે પથારીમાં પડ્યો ત્યારેય ઉપર કાંઈ ને કાંઈ ખટપટ ચાલતી જ હતી. વચ્ચે–વચ્ચે સાઈકલનોયે અવાજ આવતો રહ્યો. મને ઉંઘ આવતાં બે વાગી ગયા !

હું તંગ આવી ગયો હતો, આવું તો કેમ ચાલશે ? ઑફીસમાં મારા અમેરીકાના સાથીદારોને વાત કરી. તેણે સુચવ્યું કે તારી પરેશાનીની વીગત આપતો એક પત્ર લખીને ઉપરવાળાની પત્રપેટીમાં નાખી દે, જરુર કાંઈક ફરક પડશે. મેં ઑફીસમાં જ પત્ર ટાઈપ કરી નાખ્યો. ઘરે જઈ ઉપરવાળાની પત્રપેટીમાં નાખી દીધો. પણ મારું ધ્યાન ગયું કે પેટી ઠસોઠસ ભરેલી હતી. ઘણા દીવસથી તેમાંની ટપાલ કઢાઈ નહીં હોય.

તે રાતે પણ આગલી રાતનું જ પુનરાવર્તન. કાનમાં રુનાં પુમડાં નાખીને સુતો, ત્યારે ઉંઘ આવી ! આમ, ચાર–પાંચ દીવસો નીકળી ગયા. મારા પત્રની કોઈ અસર નહોતી. છેવટે મને થયું, રુબરુ જ જઈને કહી આવું.

હું ઉપર ગયો. બારણું ઠોક્યું. ઘંટડી જોઈ એટલે તેનું બટન જોરથી દબાવ્યું. અંદરથી અવાજ આવ્યો, 'કમ ઈન..... દરવાજો ખુલ્લો જ છે.' ધીરેથી દરવાજો ખોલી હું અંદર ગયો. અંદર ઝાંખું અજવાળું હતું. કોઈ માણસ દેખાતું નહોતું. ટીવી પર જોરદાર ચર્ચા ચાલતી હતી કે ઈરાકનું યુદ્ધ જરુરી હતું કે નહીં.

ત્યાં અંદરના રુમમાંથી ફરી અવાજ આવ્યો, ‘જરા થોભો, હું આવું છું.’

મને થયું, ઘરમાં કેમ બીજું કોઈ દેખાતું નથી ? ત્યાં મારી નજર ખુણામાં પડેલ કાંખઘોડી અને કૃત્રીમ પગ પર પડી. તેવામાં અંદરથી મારો પરીચીત સાઈકલનો અવાજ આવ્યો. અને પૈડાંવાળી ખુરશી પર બેઠેલો પચીસ–ત્રીસ વરસનો એક જુવાન મારી સામે આવ્યો. તેની આંખોમાં હતાશા હતી. તેનો ડાબો ચહેરો દાઝીને કુરુપ થઈ ગયો હતો. હું તો અવાક્ થઈ ગયો ! એકદમ પાછો ફરી ગયો. કાંઈ પણ કહેવાના હોશ મારામાં ન હતા. હું ભાગ્યો. એ મોટેથી કહી રહ્યો હતો, ‘અરે, આવો ને ! મારું નામ સ્મીથ.... સ્મીથ મૅક્સવેલ. આવો, વાતો કરીએ !’

મારા મનમાં ઘમસાણ ચાલી રહ્યું હતું. આવી તો મેં કલ્પનાયે નહોતી કરી. તે પોતાની પૈડાંગાડી દરવાજા સુધી લાવી મને કહી રહ્યો હતો, તે મેં સાંભળ્યું,—‘કમ સે કમ મારી ટપાલપેટીમાંથી મારી ટપાલ આપી જશો ? તમારો આભાર !’

નીચે ઉતરી, જઈને મેં પેટીમાંની બધી ટપાલ કાઢી. તેમાં મારો પત્ર પણ હતો, તે મેં પાછો લઈ લીધો. ઉપર જઈ તેને ટપાલ આપી હું ઝટ નીચે ઉતરી આવ્યો.

પાછળથી એપાર્ટમેન્ટના વ્યવસ્થાપક પાસેથી જાણ્યું કે આ જ ઘરમાં તે તેનાં માતાપીતા સાથે રહેતો હતો. એકાદ વરસ પહેલાં ઈરાક યુદ્ધમોરચે બૉમ્બ ફાટવાથી એ પોતાના બન્ને પગ ગુમાવી બેઠો હતો. આ અકસ્માતના સમાચાર મળતાં જ એના પીતાને

હાર્ટ ઍટેક આવ્યો અને એ ચાલ્યા ગયા. એની સાવકી મા થોડા દીવસ પહેલાં જ બીજું લગ્ન કરીને ચાલી ગઈ. એની ગર્લફ્રેન્ડ પણ એને આ અવસ્થામાં છોડી ગઈ છે.....

મારુ મન ખીન્ન થઈ ગયું. મને તેને માટે અપાર લાગણી થઈ આવી. હવે હું બે–ચાર દીવસે એની પાસે જઈને બેસતો, એનું કાંઈ ને કાંઈ કામ કરી આપતો. સાઈકલનો અવાજ હવે મને કનડતો નહોતો.

–'હરીશ્ચન્દ્ર'

(શ્રી શરત્ નોણબુરુની કન્નડ વાર્તાને આધારે)

@

11-191 : 09-05-2010

## ચરર ચરર મારું ચકડોળ ચાલે !

– હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

સસરાને એકાદશી. એટલે સાબુદાણાની ખીચડી કરી. હજી નાનકાને નવડાવવાનો બાકી છે. વચલીની રડારોળ ચાલુ છે. મોટી પાછળ પડી છે, ‘મમ્મી, મારું હોમવર્ક !’

‘લાવો હોમવર્ક ભણો છો તે જાણે અમારા પર ઉપકાર !’

‘તને નવી તરાહના દાખલા આવડશે ?’

‘કેમ ન આવડે ? તારી મમ્મી ફર્સ્ટ ક્લાસ બી.કૉમ. છે.’

એને દાખલા કરાવ્યા અને એ નીશાળે ગઈ. ત્યાં તો નાનકાએ ભેંકડો તાણ્યો. તેને કેડે લઈ વીદ્યા ગૅલેરીમાં આવી. એની નજર સામેની બૅન્કમાં નોકરી કરતી છોકરી ભણી ગઈ. કેટલાં સફાઈદાર કપડાં પહેરીને આવે છે ! પર્સ પણ કેટકેટલી જાતની ! ચાલવામાંયે ઠસ્સો !

કેમ ન હોય ? જાતે કમાય છે. પોતાના શીક્ષણનો ઉપયોગ કરે છે. એ છોકરીને જુએ છે ને વીદ્યાનું મન ચકડોળે

ચડે છે. બસ, ઘર ને છોકરાંવમાં જ બધી ઈતીશ્રી ! તો ભણ્યાગણ્યાનો શો અર્થ ? હુંયે નોકરી કેમ ન કરું ?

તેવામાં એનું ધ્યાન ગયું કે ઘાઈ ઘાઈમાં મોટી નાસ્તાનો ડબ્બો ભુલી ગઈ હતી. ઝટ ઝટ એ ડબ્બો લઈ અંજુને ત્યાં ગઈ.

‘અંજુ ને એની મમ્મી ગયાં ?’

‘લાવો, હું પહોંચાડી દઈશ. આજે અમારી રસોયણ નથી. મા–દીકરી ચા–બ્રેડ ખાઈને ગયાં છે. હવે હૉટેલમાંથી પુરી–શાક લઈ બન્નેને ડબ્બા પહોંચાડી હું ઑફીસે જઈશ. તમારો ડબ્બો તો ગરમ ગરમ છે ને ? શું છે આમાં ?’

‘સાબુદાણાની ખીચડી.’

‘ઓહ, મારી ફેવરીટ ડીશ ! હમણાં ઘણા વખતથી ખાધી નથી... અને હા, તમારી સોનુ પહેલો નંબર છોડતી જ નથી. અમારી અંજુ પર તો અમે ધ્યાન નથી આપી શકતાં. એની મમ્મી કૉલેજના લેક્ચરની તૈયારીમાં અને હું મારા ધંધાધાપામાં. એટલી બધી દોડધામ હોય છે ! જુઓને, આજે દુધ પીંજરામાં મુકવાનું ભુલી ગયાં અને બીલાડીને મીજબાની થઈ ગઈ ! રસોયણ નથી હોતી ત્યારે તો અમારા ઘરમાં ભારે અંધાધુંધી !

પાછા ફરતાં વીદ્યાનું મન પુછ્યા જ કરતું હતું કે તારે તારો સંસાર નોકરને હવાલે કરવો છે ? પણ ફરી પેલી બેંન્કની છોકરી પર નજર જતાં એને થયું – તેમાં શું ? કેવળ સંસાર ચલાવવા જ સ્ત્રીનો જન્મ ? શીક્ષણ, બુદ્ધીમત્તા, વ્યક્તીત્વ – એ બધાંનો વીકાસ નહીં કરવાનો ?

‘બહુ મોડું થયું ?’ સસરાએ પુછ્યું. ‘થયું’ – એ કડવાશથી બોલી. અને મનોમન બબડી – ચોવીસ કલાક વહુ સેવામાં હાજર જોઈએ. ખીચડી કરીને તો ગઈ’તી. હાથે લઈને ખાઈ ન લેવાય ? પેલા પરદેશીઓ વૃદ્ધાશ્રમમાં નાહક નથી ધકેલતા.....

‘હું જાતે ખાઈ લેવાનો જ હતો. પણ થયું કે તારે કાલનો ગુરુવાર. સવારે પણ કંઈ તેં ખાધું નથી. એટલે તુંય સાથે થોડું ખા !’

એ ગદ્ગદીત થઈ ગઈ. એણે પ્રેમથી સસરાને જમાડ્યા. ખાઈને ઉઠ્યા ત્યાં સુધીમાં પથારીયે ઠીકઠાક કરી દીધી. એને પોતાના વીચારની શરમ આવવા લાગી. પોતે નોકરી કરવા જશે, તો આમની સંભાળ કોણ લેશે ? કેટલી બધી લાગણી રાખે છે ! એમને વૃદ્ધાશ્રમ દેખાડવો !

શું કામ બળે છે જીવ ? અને એ બાબતે જીવ પેલી બૅન્કની છોકરીને જોઈ પાછો ગાંડો શું કામ થઈ જાય છે ? આ બધાં પ્રેમનાં બંધન તોડવાની તૈયારી છે ? કે એ બંધનમાં જ આનન્દ લુંટવો છે ? એના મનનું ચકડોળ ચાલતું રહ્યું.

સામે ડ્રેસીંગ ટેબલ જોઈ ફરી વીચારમાં પડી – પતી કેટલા પ્રેમથી લાવ્યા હતા આ ડ્રેસીંગ ટેબલ ! ‘રાણી, તું મારો સંસાર સજાવે છે. તને સજાવવા આ ટેબલ !’ અને વારંવાર કેટલા પ્રેમથી કહે છે – ‘તું બાપુની મારા કરતાંય વધુ કાળજી લે છે. છોકરાંવનેય તું જ સંભાળે છે. તું છે તો આ ઘર છે !’

બે બાળકી પછી એ તો ઑપરેશન કરાવી લેતા હતા; પણ પોતે જ આગ્રહથી વધુ એક ચાન્સ લેવાનું નક્કી કર્યું. દીકરો જોઈતો હતો ને !

કેમ એમ ? છોકરો–છોકરી સમાન છે ને આ યુગમાં ? જુના વીચારોની બેડી પુરતી તુટી જ નથી પગમાંથી અને નવા પાછળ દોડવાની ચડશ પણ પગ વાળીને બેસવા દેતી નથી !

નાનકાના રડવાથી એ તંદ્રામાંથી જાગી. અને તેને હીંચોળવા લાગી. ત્યાં તો હાથમાંથી દોરી લેતાં સસરા બોલ્યા, ‘તું જરા આડી પડ.’

એને થયું, વૃદ્ધાશ્રમની કલ્પના જ કેટલી નીર્દય છે ! અને પડી પડી માસીક ઉથલાવવા લાગી. જાગતીક મહીલા વર્ષનો વીશેષાંક હતો. વીવીધ ક્ષેત્રોમાં યશ મેળવનાર સ્ત્રીઓના ફોટા ને ગાથાઓથી પાને પાન ભરેલું હતું. ફરી એનું મન ચકડોળે ચડ્યું. પોતાનું જીવન ઘરમાં જ પુરું થશે ? પેલી બૅન્કની છોકરી કરે છે તે પોતાના શીક્ષણના ઉપયોગ ખાતર કરતી હશે કે ગરજ ખાતર ? એને છોકરાં નહીં હોય ? એનાં છોકરાં ને પતી ને સસરાનું શું થતું હશે ? પણ ના, આવા લાગણીવેડા કરીએ, તો કદી આગળ વધાય ?

તેવામાં મોટી નીશાળેથી આવી એને વળગી પડી. 'આજની કેક મસ્ત હતી. ક્યાંથી આણી ?'

'કેક ?' એ ચમકી.

'અંજુના પપ્પા કહેતા હતા કે દર એકાદશીએ આવી રીતે ડબ્બો ભુલી જજે. મમ્મી, એ એમ કેમ કહેતા હશે ?'

અને પછી શું શું થયું હશે તે ધ્યાનમાં આવતાં વીદ્યા હસી પડી. પણ પછી ગમ્ભીર થઈ મનોમન બબડી, 'બીચ્ચારા !' ફરી એને વીચાર આવ્યો – તારે પણ તારાં પતી, બાળકો, સસરા બધાંને આવાં 'બીચ્ચારા' બનાવી મુકવા છે ?

તેવામાં બહાર નજર ગઈ તો બૅન્કમાંથી પેલી છોકરી વેણી અને સાડી સરખી કરતી બહાર નીકળતી હતી. ઠસ્સાથી તોરમાં ચાલી જતી એને વીદ્યા જોઈ રહી.

–'હરીશ્ચન્દ્ર'

(શ્રી સુનીતા આફળેની મરાઠી વાર્તાને આધારે)

@

12-236 : 29-01-2012

# ખાલીપો

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ખોં, ખોં, ખોં, ઉધરસ ખાતાં ખાતાં રમણલાલે પુછ્યું, ‘કેટલા વાગ્યા ?’

કંટાળેલાં સરલાબહેને છણકો કર્યો, ‘હજી પાંચ મીનીટ પહેલાં તો પુછ્યું હતું ! શું કરવું છે તમારે કેટલા વાગ્યા તે જાણીને ? કંઈ કામ–કાજ તો છે નહીં !’

રમણલાલની આંખે ઝામરનાં પાણી ઉતરેલાં એટલે લગભગ અંધાપો અને સરલાબહેન અસ્થમા અને સંધીવાના દુ:ખાવાથી હેરાન પરેશાન. બન્ને એકમેકના ટેકે જીવન ઘસડ્યે જતાં હતાં.

‘જુઓને, આ બે જણની રસોઈ બનાવતાં તો મને શ્વાસ ચડી જાય છે. એવી થાકી જાઉં છું કે, મારાથી નક્કામું જ ખીજાઈ જવાયું. ખરાબ નથી લાગ્યું ને ?’

‘ના, ના હુંયે સમજું છું. તારી ઉમ્મર થઈ એટલે, બાકી પરાગ હતો ત્યાં સુધી કેવી ફેરકુદરડી જેવી ફરી વળતી હતી !’

પરાગનું નામ આવતાં જ પગમાંથી બધું જ જોર ઓસરી ગયું હોય એમ સરલાબહેન ધબ્ દઈને ખુરસી પર બેસી પડ્યાં. ‘આજ–કાલ કરતાં દસ વર્ષ થઈ ગયાં. જ્યારે હોય ત્યારે ફોન પર આવું  છું, આવું છું કર્યા કરે છે. પણ તમને શું લાગે છે, પરાગ આવશે તો ખરો ને !’

રમણલાલ જવાબ આપે એ પહેલાં એક યુવાન બારણામાં આવીને ઉભો. કદ, કાઠી બધું એ જ. રમણલાલે વીચાર્યું, અચાનક પહોંચી જઈને ડોસા–ડોસીને ખુશ કરી દેવાં એમ કરીને આવ્યો લાગે છે ! ‘કોણ, પરાગ ? નહીં ફોન, નહીં કાગળ–પત્તર ને આમ ઓચીન્તો જ !’

‘પરાગ નથી હવે ! શું તમેય તે ! આંખે સરખું દેખાતું તો છે નહીં ને ! આવ ભાઈ, અંદર આવ !’ સરલાબહેને બારણું પુરું ખોલીને યુવકને આવકાર્યો.

અંદર ન આવતાં આગન્તુક ખચકાઈને ત્યાં જ ઉભો. ‘આ વોરાસાહેબનું જ ઘર છે ને ?’

‘કોણ વોરાસાહેબ ?’ સરલાબહેન હજી પુછે છે ત્યાં રમણલાલ બોલી ઉઠ્યા, ‘મુકને માથાકુટ વોરા ને બોરાની ! ભાઈ, તું તારે અંદર આવ. બે ઘડી વાતો તો કરીએ ! બોલ્યા વગર મોંમાં જાળાં બાઝી જાય છે.’

યુવાન અંદર તો આવ્યો; પણ આ બન્નેનું વર્તન એને કંઈક વીચીત્ર લાગ્યું. ડગુમગુ થતાં સરલાબહેન પાણી લાવ્યાં, ‘લે ભાઈ લે, ઠંડુ પાણી પી. ને હા દીકરા, તારું નામ શું ?’

‘મારું નામ વીનય. હું ધંધુકાથી અહીં કૉલેજમાં ભણવા આવ્યો છું. મારે પેઈંગગેસ્ટ તરીકે રહેવું છે. મી. વોરા સાથે ફોન પર વાતો પણ થઈ છે.’

રમણલાલ અને સરલાબહેન બન્નેની આંખોમાં એકીસાથે ઝબકારો થયો, આ તો બાજુવાળા ! વીનયને મુંઝવણ થઈ આવી. શું વાત કરવી ? ત્યાં તો રમણલાલ જ બોલ્યા, ‘અમારે

તારા જેવડો જ દીકરો છે, પરાગ. ખુબ હોશીયાર, હં ! દસ વર્ષ થયાં એને અમેરીકા ગયાને. બહુ સારું કમાય છે.'

'તો તો હવે પાછો શેનો આવે ?' વીનયથી બોલાઈ ગયું.

ચા–નાસ્તો લઈને આવેલાં સરલાબહેનને માઠું લાગી ગયું, 'આવશે જ વળી. નહીં શેનો આવે ! એનેય થતું તો હશે જ ને કે, મારાં ઘરડાં મા–બાપ એકલાં એકલાં શું કરતાં હશે ?'

વીનયને થયું, આ આશાભર્યાં માવતર પાસે મારે આવું નહોતું બોલવું જોઈતું. ત્યાં રમણલાલે વાતને ધક્કો મારતાં કહ્યું, 'અમને બન્નેને આ ઘર ખાવા દોડે છે. તું આ વોરાને બદલે અહીં જ રહેવા આવી જાય તો !'

વીનય ચોંકી ઉઠ્યો. આ બે મળીને મને સાણસામાં લેવાની કોશીશ તો નથી કરતાં ને ! એ વધુ કંઈ વીચારે તે પહેલાં વળી રમણલાલે આગળ ચલાવ્યું, 'જો, તને કોઈ વાતે તકલીક નહીં પડવા દઈએ. ને રહેવા, ખાવા–પીવાનું બધું જ સાવ મફત...'

'મફત ? શા માટે ? તમે કેમ મારે ખાતર આ બધું કરવા તૈયાર થાઓ છો ? હું તો તમારે માટે સાવ અજાણ્યો છું ?' વીનયે અકળાઈને કહ્યું.

'કારણ કે, આ બધું કરવાથી અમને થશે કે, ઘડપણમાં અમે બે સાવ એકલાં નથી. અમારી પડખે કોઈ તો છે, એવો સધીયારો રહેશે. અને બીજી વાત, અમારા બેમાંથી એક ઓચીન્તું મરી જાય તો લોકોને ભેગા કરવા કોઈક તો જોઈશે ને ?' સરલાબહેન બોલતાં બોલતાં રડી પડ્યાં.

વીનયને બન્નેની ખુબ દયા આવી; પણ અચાનક ઉભા થયેલા આ સંજોગોમાં શું કરવું તે એને સુઝતું નહોતું. 'હું જરા વીચાર કરીને જવાબ આપું. અત્યારે તો મારે મોડું થાય છે.' કહેતાં તે ઉભો થયો.

રમણલાલ દીવાલને ટેકે ટેકે તેની પાછળ ગયા, 'ઘડીક બેઠો હોત તો સારું લાગત; પણ વાંધો નહીં. હવે તો તું અમારી સાથે જ રહેવા આવી જઈશ. ઘર ભર્યું ભર્યું લાગશે.'

'ક્યારે જવાબ આપીશ, દીકરા ? કાલે કે પરમ દીવસે ? ને હા, ફોન નંબર તો લેતો જા. તું એક ફોન કરી દઈશને તો હું તારે માટે બધી તેયારી કરી રાખીશ. આવજે હં, બેટા !' સરલાબહેનનો અવાજ તરડાઈ ગયો.

બારણું બંધ કરી બન્ને અંદર આવ્યાં. 'શું લાગે છે, તમને ? એ આવશે કે નહીં ?'

'હું કેવી રીતે કહી શકું ? પોતાના લોકોનાં મનમાં શું છે એનીયે ખબર આપણને પડતી નથી; તો વળી પારકાનાં મનની તો કેમ ખબર પડે ?'

સરલાબહેને ભીની આંખ પર સાડલાનો છેડો દાબ્યો; પછી રમણલાલ તરફ જોઈને બોલ્યાં, 'આમ ને આમ આપણે ક્યાં સુધી રાહ જોયા કરીશું...?'

(જયન્ત દળવીની મરાઠી વાર્તાને આધારે)

@

13-248 : 15-07-2012

# જનેતાનું મૃત્યુ

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

સવારનો છથી સાતનો સમય એટલે માર્થાનો પોતાનો સમય. જેમ બને તેમ જલદી ઉઠીને તળાવની ફરતેના સુંદર મજાના બગીચામાં લટાર મારવા જવું એને એટલું ગમતું કે, એક દીવસ માટે પણ ચાલવાનું ગુમાવવું એને પોસાતું નહીં. ચાલીને આવે અને ઘરમાં પગ મુકે એ ઘડીથી જ શરુઆત થઈ જતી.

'મમ્મા, આજે બ્રેક-ફાસ્ટમાં શું બનાવીશ ?'

'મારાં કપડાંને ઈસ્ત્રી નથી કરી ? જલદી કરી આપ; નહીં તો મારી સ્કુલ બસ આવી જશે.'

'મમ્મા, આજે જરા જુદી સ્ટાઈલમાં બે પોની વાળી આપ ને ! રોજ એક સરખી એક જ પોની વાળ્યા કરે છે તે !'

બાર વરસનો મોટો દીકરો અને પછી નવ વરસનાં જોડીયાં – દીકરો અને દીકરી. આ ત્રણેને મોટાં કરતાં અને ત્રણેની નવી નવી ફરમાઈશ પુરી કરતાં માર્થાને નાકે દમ આવી જતો. સવારે સાતથી માંડીને રાતના દસ સુધી એ જાણે ઘાણીએ બાંધેલા બળદની માફક પોતાના ઘરસંસાર ફરતે ગોળ-ગોળ ચક્કર લગાવ્યા કરતી. તેથી જ એ એવું અનુભવતી

કે, સવારની એક કલાક ચાલવાની કે દોડવાની કસરત, એને આખા દીવસના કામને પહોંચી વળવા જેટલી ચુસ્ત રાખે છે.

આજે એ રોજ કરતાંય થોડી વહેલી બગીચામાં પ્રવેશી. એને થયું કે, સૌથી પહેલી આવનાર હું જ છું. અડધો કલાક એકધારું જોગીંગ કરીને એ થાકી ગઈ. વાતાવરણમાં ઠંડક હતી તોય એના કપાળેથી પરસેવો નીતરતો હતો. વયસ્કોને બેસવા માટેના બાંકડા પર બેઠેલી સ્ત્રીએ માયાળુ સ્મીત કરતાં કહ્યું,

‘બહુ થાકી ગઈ લાગે છે. આવ, જરા વાર બેસીને આરામ કર.’

જાણે કોઈની કહેવાની જ રાહ જોતી હોય એમ માર્થા તરત ધબ દઈને બેસી પડી. એણે પેલી સ્ત્રીને કહ્યું,

‘હું તમને ઘણી વાર અહીં બેઠેલાં જોઉં છું. તમારું નામ જાણી શકું ?’

‘મારું નામ ક્લેરા. પણ દીકરા, તું આટલી વહેલી ચાલવા કેમ નીકળી છે ?’

‘વહેલી ન નીકળું તો શું કરું ? સાત વાગ્યા પછી તો મારે હળે જોતરાઈ જવું પડે છે. સાચું કહું તો ત્રણ ત્રણ છોકરાંઓને મોટાં કરવામાં તો જાણે મારી જાત નીચોવાઈ જતી હોય એવું લાગે છે.’

માર્થાની વાત ક્લેરાને પસંદ ન પડી હોય એમ એણે નકારમાં ડોકું ધુણાવ્યું. ‘દીકરા, હમણાં ભલે ભારે લાગે; પણ છોકરાંઓ મોટાં થઈ, ભણી-ગણીને નામ કાઢશે ત્યારે એમની મા હોવા બદલ તું ગૌરવ અનુભવીશ.’ પોતાની પાસેની પ્લાસ્ટીકની

થેલીમાંથી પાંઉ કાઢી, એના ટુકડા કરી તળાવમાંની માછલીઓ માટે નાંખતાં એણે વાત આગળ ચલાવી.

‘હું તો કહું છું દીકરા, કે ત્રણ વહાલાં સંતાનોની ભેટ આપવા બદલ જીસસનો આભાર માનવો જોઈએ. તને ખબર છે ને, કેટલાંય કમભાગીઓ એક બાળક માટેય વલખાં મારે છે !' બોલતાં બોલતાં એના ચહેરા પરનું હાસ્ય વીલાઈ ગયું. માર્થાને એવું લાગ્યું કે, કદાચ એની આંખોમાં ભીનાશ તરવરતી હતી. ક્લેરાનો હાથ સ્નેહથી પકડી લેતાં માર્થાએ કહ્યું,

‘થેન્ક-યુ આન્ટી, મને એક નવી દૃષ્ટી આપવા બદલ. હવેથી હું બાળકોના ઉછેરને વૈતરું ન ગણતાં એક મનગમતું કામ સમજીશ.'

સામેના ઝાડ પર કોઈ પક્ષીએ માળો બાંધ્યો હતો. એ તરફ આંગળી ચીંધતાં ક્લેરાએ કહ્યું, ‘જો પેલી મા. કદાચ તારા ને મારા કરતાં વહેલી ઉઠીને કામે લાગી હશે. પોતાનાં બચ્ચાંઓ માટે ખોરાકની શોધ કરવામાં અત્યાર સુધીમાં સોએક ચક્કર તો લગાવી ચુકી હશે; પણ છે એને કશી ફરીયાદ ?' અત્યંત દર્દભર્યા સ્વરે વાત પુરી કરતાં ક્લેરાએ જાણે સ્વગત બોલતાં હોય એમ કહ્યું.

‘બચ્ચાં વીનાના ખાલીખમ માળાનો સુનકાર કેવો અસહ્ય હોય છે એ તો જેણે અનુભવ્યું હોય એ જ જાણે.'

બે દીવસ પછી ફરીથી માર્થા અને ક્લેરા વચ્ચે હાય-હલ્લો થયું. ક્લેરાએ કહ્યું, ‘મારે તને કંઈક બતાવવું છે. સમય છે તારી પાસે ?'

'હા હા વળી, બતાવો. શું બતાવવું છે ?' માર્થા બાંકડા પર ક્લેરાની પાસે બેસતાં બોલી. ક્લેરાના મોઢા પર જાણે દુ:ખની કાળી ભમ્મર વાદળી આવીને બેસી ગઈ હોય એવું લાગ્યું. પોતાનો સતત ધ્રુજ્યા કરતો હાથ ફ્રોકના ખીસ્સામાં નાખી એણે એક પેપરનું કટીંગ બહાર કાઢ્યું અને માર્થાને કહ્યું, 'વાંચ.'

વાંચીને માર્થા સ્તબ્ધ થઈ ગઈ ! અસલ ક્લેરા જેવો જ ચહેરો ધરાવતા તેર-ચૌદ વરસના કીશોરના હસી રહેલા ફોટા નીચે લખ્યું હતું : 'માર્ટીન ડીસોઝા તે ક્લેરા ડીસોઝાના પુત્રનું અકસ્માતમાં થયેલું મૃત્યુ'. જરાક કળ વળતાં માર્થાએ પુછ્યું, 'ક્યારે, એટલે કે, કેટલા વખત પહેલાં એ ગુજરી ગયો ?'

કશાક બીજા જ વીચારમાં હોય એમ ક્લેરા બોલી,

'માય સન, માય સન માર્ટીન. વેરી બ્રાઈટ, વેરી લવીંગ. એ છે જ. મારી સાથે જ છે, મારી પાસે જ છે. જે દીવસે હું મરીશ તે દીવસે એનું મૃત્યુ થશે.' માર્થા સામે નજર પણ કર્યા વીના ક્લેરા ઉભી થઈને ચાલવા માંડી. પછી કેટલાય દીવસો સુધી ક્લેરા દેખાઈ જ નહીં. બગીચામાં જાય ત્યારે રોજ માર્થા એને અચુક યાદ કરતી પણ એને વીશે પુછવુંય કોને ?

ત્રણેક મહીના પછી એક દીવસ માર્થા પેપરનાં પાનાં ઉથલાવી રહી હતી ત્યાં અચાનક એની નજર ક્લેરાના ફોટા પર પડી. એની જુવાનીના દીવસોનો ફોટો હોય એવું લાગ્યું. એને ગળે હાથ વીંટાળીને હસી રહેલો માર્ટીન પણ ફોટામાં સાથે હતો. ફોટાની નીચે નોંધ હતી : 'માર્ટીન, ડીસોઝાનાં વહાલસોયાં મા ક્લેરા ડીસોઝા ઈસુના ચરણે સીધાવ્યાં.'

બાલ્કનીમાંથી દેખાતા સામેના ઝાડ પરના માળામાંથી કદાચ ઈંડાં પડી ગયાં હતાં. ચીં ચીં કરીને ચીત્કાર કરી રહેલી ચકલીને માર્થા આંસુભરી આંખે જોઈ રહી હતી, એનાથી મનોમન બોલાઈ ગયું :

'ગુડ બાય માર્ટીન એન્ડ ગુડ બાય ક્લેરા !'

(અંતરા ઘોષની અંગ્રેજી વાર્તાને આધારે)

@

14-261 : 13-01-2013

# આવ ભાઈ હરખા !

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ભીડભાડથી ભરેલું રેલવે સ્ટેશન. આખા દીવસમાં કેટલીય ટ્રેનો આવે ને જાય. કીડીયારાની જેમ ઉભરાતા લોકો પરસેવાથી રેબઝેબ અને સામાન ઉંચકીને થાકીને ઠુસ થઈ ગયેલા. પ્લૅટફૉર્મ પર ચા- કૉફીના, ખાણી–પીણીના, છાપાં–મેગેઝીનના કેટલાય સ્ટોલ હતા; પણ બધામાં ફાસ્ટફુડના સ્ટૉલનો તો રુઆબ જ જુદો. બહાર પીત્ઝા, બર્ગર, પૉટેટો ચીપ્સ અને પેસ્ટ્રી તથા કેકનાં એવાં મોટાં મોટાં રંગીન ચીત્રો મુકેલાં કે જોઈને જ મોઢામાં પાણી આવી જાય. ન ખાવું હોય એનેય ખાવાનું મન થઈ જાય.

સ્ટૉલવાળાને વળી રમણ નામનો એવો એક ચાલાક છોકરો મળી ગયો હતો, જે આવતાં–જતાં લોકોને 'આવો સાહેબ, આવો મૅડમ' એમ લળી લળીને કહેતો અને એમને ફાસ્ટફુડ સેન્ટરમાં આવ્યે જ છુટકો કરતો. સ્ટૉલના માલીક પણ ક્યારેક કદરદાનીરુપે રમણને વધ્યાં–ઘટ્યાં બર્ગર કે ચીપ્સ પકડાવી દેતા. પણ એનો આધાર એમની મહેરબાની પર રહેતો. ક્યારેય કશું ન મળે તો રમણે પોતે જ ખાવાનો વેંત કરવો પડતો.

આજે શી ખબર ક્યાંથી બે ટાબરીયાં સ્ટૉલ આગળ આવીને ઉભાં રહી ગયાં. મેલાં–ઘેલાં કપડાં અને પગમાં તુટેલી સ્લીપર. બંને સ્ટૉલ પાસે ઉભાં રહીને રાડો પાડવા લાગ્યાં :

‘પુરી–ભાજી લેવી છે, પુરી–ભાજી ? દસ રુપીયામાં પુરી–ભાજી.’

નાનો છોકરો વળી વધુ ચબરાક હતો,

‘ટેસ્ટફુલ ને વળી તાજી, એવી છે અમારી પુરી–ભાજી. સાહેબ, ખાઈને પૈસા આપજો.’

રમણે જોયું ન જોયું કર્યું. છોને વેચતા પોતાનો માલ, એમ કરીને છોકરાઓની દયા પણ ખાધી. જેને ફાસ્ટ ફુડનું મોંઘુંદાટ ફુડ પરવડે એમ નહોતું એવાં લોકો આવી આવીને પુરી – ભાજી ખરીદવા લાગ્યાં. સ્ટૉલના માલીકે પોતાના કાઉન્ટર પરથી જોયું કે આ છોકરાઓને લીધે એની ઘરાકી તુટતી હતી. વળી, ભુખડીબારસ જેવા છોકરાઓને જોઈને થોડા શ્રીમંત ગ્રાહકો દરવાજામાંથી જ પાછા વળી જતા હતા. તરત એણે રમણને બોલાવીને ખખડાવવા માંડ્યો,

‘કેમ સાલા, તને અહીં નોકરીએ શેને માટે રાખ્યો છે ? ભજન કરવા ?’

‘શું થયું સાહેબ. મારી કંઈ ભુલ થઈ ?’

‘ના, ના, તારી તે કંઈ ભુલ થતી હશે? આ સ્ટૉલ મારો ને આ આલતુ–ફાલતુ છોકરાઓ અહીં આવીને પોતાનો ધંધો કરે એમાં ભુલ તારી કે મારી ?’

‘પણ સાહેબ, એ તો... એ તો...’

'એ તો ને બે તો; હું કાંઈ ન જાણું. ખદેડી કાઢ એ બેયને અહીંથી. સારા સારા ઘરાકો પાછા જતા રહે છે. ભાન પડે છે કંઈ ?'

'હમણાં બેઉને કાઢું છું સાહેબ, ચીંતા ન કરો.'

સાહેબ પાસે નરમઘેંસ બની ગયેલો રમણ શુરવીર બનીને બહાર નીકળ્યો, 'ચાલો, ભાગો જોઉં બેઉ અહીંથી ! કોને પુછીને અહીં ઉભા છો ? મારા માલીકની ઘરાકી બગાડો છો તે !'

બેઉ છોકરાઓ સીયાવીયા થઈ ગયા.

'આટલી પુરી–ભાજી વેચાઈ જાય એટલે હાલ્યા જઈશું, ભઈ ! ઘડીક ઉભા રે'વા દ્યો તો મે'રબાની !'

'ભઈ, અમારી મા માંદી છે. જેમ તેમ આટલી પુરી–ભાજી બનાઈ આલી છે'. નાનકાએ કહ્યું.

'હવે જાવ છો કે મારા શેઠને બોલાવું ? શેઠ આવીને એવી ધોલાઈ કરશે કે...' બેઉ છોકરાઓ ગભરાઈને ભાગ્યા. રમણ છાતી ફુલાવતો શેઠ પાસે ગયો અને પોતાની પરાક્રમગાથા વર્ણવતાં બોલ્યો,

'શેઠ ખદેડી મુક્યા બંનેને. તમારું નામ દીધુંને એટલે ઉભી પુંછડીએ ભાગ્યા.' શેઠે ખભો થાબડીને શાબાશી આપી એટલે રમણને થયું કે, આજે શેઠ વધુ મહેરબાન થશે. પછી તો આખો દીવસ એવો દોડધામમાં નીકળી ગયો કે કંઈ વીચારવાનીય ફુરસદ ન મળી. ગ્રાહકોને આવકારવાનાં, ટેબલ સુધી દોરી જવાનાં, ટેબલ સાફ કરવાનાં, પાણીના ગ્લાસ આપવાના – આ બધાંમાંથી કોઈ પણ કામ માટે રમણના નામની બુમ પડે ને રમણ દોડીને હાજર થઈ જાય !

જેમ જેમ રાત પડતી ગઈ તેમ તેમ અવરજવર ઘટવા લાગી, ઘરાકી ઓછી થતી ગઈ. અગીયાર–સાડા અગીયાર થયા ને સ્ટૉલનો સંકેલો કરવાનો સમય થઈ ગયો. બધું પતાવીને નીકળ્યો ત્યારે રમણ થાકીને લોથપોથ થઈ ગયો હતો. ભુખથી બેવડ વળી જવાતું હતું. છેક સુધી કંઈક તો મળશે, એવી આશા હતી; પણ જ્યારે શેઠ સ્ટૉલ બંધ કરીને ચાવીનો ઝુમખો લઈને ચાલવા લાગ્યા ત્યારે એ સમજી ગયો કે, હવે પેટનો ખાડો પુરવા પોતે જ કંઈક કરવું પડશે.

પાંઉ – વડાના સ્ટૉલ પર જઈ એણે ચાચાને પુછ્યું, ‘ચાચા, કંઈ ખાવાનું છે ?’

‘કંઈ નથી દીકરા. આ છેલ્લી ટ્રેન ગઈ એમાં બધો માલ વેચાઈ ગયો.’

‘ચાચા, બપોરે બે છોકરાઓ અમારા સ્ટૉલ આગળ ઉભા હતા એને જોયા ?’ ચાચાએ ‘ના’માં ડોકું ધુણાવ્યું. રમણ નીરાશ થઈ ગયો. પેટમાં જાણે અગન બળતી હતી. બાજુમાં જ પેપર વેચતા અસલમને, પાણીની બૉટલ અને પાઉચવાળા મનીયાને બધાને પુછી વળ્યો; પણ કોઈએ છોકરાઓને જોયા નહોતા.

થાક્યાપાક્યા રમણે પ્લેટફૉર્મ પર દુર સુધી નજર દોડાવી. એકદમ છેવાડે પાણીના નળ પાસે બન્ને છોકરાઓ દેખાયા ને એના જીવમાં જીવ આવ્યો. દોડીને એ એમની પાસે પહોંચ્યો ત્યારે બન્ને ભાઈઓ છાપાંના કટકામાં પુરી–ભાજી મુકીને ખાતા હતા.

‘થોડી પુરી–ભાજી છે ?’ બપોરે એમને ધમકાવ્યા હતા એ યાદ આવતાં રમણે કંઈક સંકોચથી પુછ્યું. પછી હાથમાંનો

પાંચ રુપીયાનો સીક્કો બતાવતાં કહ્યું, ‘મારી પાસે દસ રુપીયા નથી. અડધી પ્લેટ હોય તો આપોને ! બહુ ભુખ લાગી છે.’ મોટા છોકરાએ એનો હાથ પકડીને બાજુમાં બેસાડતાં કહ્યું, ‘મને ખબર છે, આખો દીવસ કામ કરીને આપણને બધાને કેવી ભુખ લાગે છે ! જે છે તે ત્રણે ભેળા મળીને ખાઈ લઈશું. પૈસા રહેવા દે તારી પાસે.’

(જ્ઞાનદેવ મુકેશની હીંદી લઘુકથાને આધારે)

@

15-267 : 07-04-2013

# વતનની માટી

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

દીવાળીના તહેવાર નજીકમાં જ હતા. અહીં પરદેશની ભુમી પર હું સાવ એકલો હતો; ઘર–પરીવાર, સ્નેહીજનોથી દુર. જીન્દગીની કદાચ આ પહેલી જ દીવાળી હતી જ્યારે હું મારા કુટુમ્બની સાથે નહોતો. કમ્પનીના કામે એકાદ મહીના પહેલાં લંડન આવ્યો અને હજી ચાર–પાંચ મહીના સુધી રોકાવું પડે એમ હતું.

અહીં બનેલા નવા મીત્રો, સહકર્મચારીઓ સૌને દીવાળી નીમીત્તે કંઈ ને કંઈ ભેટ આપવી જોઈએ એમ વીચારીને હું ખરીદી કરવા નીકળેલો. ‘ઈન્ડીયન સ્પાઈસ શૉપ’ નામના સ્ટોરમાં દરેકેદરેક પ્રકારની ભારતીય ચીજ–વસ્તુ મળી જાય. હું દીવા, મીણબત્તી, રંગોળી માટેના રંગોના કાઉન્ટર પર બધું જોવામાં મશગુલ હતો ત્યાં કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો :

‘એક્સક્યુઝ મી, આપ ઈન્ડીયાથી આવો છો ?’

કફની–લેંઘો અને પગમાં જયપુરી મોજડી પહેરેલો મારો દેખાવ જ એવો હતો કે જેની પર ભારતીયતાની છાપ હતી. લગભગ પચાસેક વર્ષની લાગતી એ સ્ત્રીને મેં ધારીને જોઈ. સુંદર, નમણા ચહેરા પર ભાવવાહી આંખો. પણ એ આંખોમાંથી ઉદાસી ડોકીયાં કરતી હતી. આધુનીક પહેરવેશ; છતાં એનાં

મુળીયાં ભારતીય ભુમીમાં હતાં એવું મને એને જોતાંની સાથે લાગ્યું. મેં જવાબ આપ્યો, 'હા, મૅમ, હું હૈદરાબાદથી આવું છું.'

એની આખોમાં એક અજબ પ્રકારની ચમક આવી ગઈ. તેણે કહ્યું, 'કેટલું સારું ! તમને ભારતમાં રહેવા મળે છે. લંડનમાં વધુ રોકાવાના છો કે ભારત પાછા જવાના ?'

'હું મારી કમ્પનીના કામે આવ્યો છું. હજી ચારપાંચ મહીના તો રોકાવું પડશે. ત્યાર પછી ભારત પાછો જઈશ.'

'મારાં લગ્ન થયાં તે પહેલાં હું મુમ્બઈ રહેતી હતી. હવે તો પચીસ વરસથી અહીં છું. લંડન આવ્યા પછી એક્કે વાર ભારત ગઈ નથી..' કહીને એણે કદાચ નીસાસો નાખ્યો અથવા મને એવું લાગ્યું. પણ તરત જ ચહેરા પર પરાણે હાસ્ય લાવતાં એ બોલી, 'હું માનું છું કે જે કોઈ ભારત જઈ શકે તે નસીબદાર છે.'

અમારી વાત ચાલતી હતી ત્યાં એક યુવાન આવ્યો અને કહેવા લાગ્યો, 'મૉમ, બહુ મોડું થઈ ગયું, નીકળવું છેને ?' અને એ જલદી જલદી મને 'બા....ય' કહીને જતી રહી. તે દીવસે હું ક્યાંય સુધી એને વીશે વીચારતો રહ્યો. પચ્ચીસ પચ્ચીસ વર્ષ સુધી લંડનની ઝાકઝમાળભરી જીન્દગી જીવ્યા પછી પણ એને ભારતનું આટલું આકર્ષણ કેમ હશે ?

જાણે આ મારા સવાલનો જવાબ આપવા માટે જ હોય એમ પંદરેક દીવસ પછી મને એક મૉલમાં તે મળી ગઈ. એણે હસીને મને 'કેમ છો ?' પુછ્યું.

મેં કહ્યું, 'મઝામાં. પણ આપણી તે દીવસની મુલાકાત બહુ ટુંકી રહી. મારે તમારી સાથે થોડી વાતો કરવી છે. તમને

વાંધો ન હોય તો રેસ્ટોરંટમાં બેસીએ ?' આજે એને બીલકુલ ઉતાવળ નહોતી એટલે કૉફીની ચુસ્કી લેતાં લેતાં અમે બન્ને વાતે વળગ્યાં. એણે કોઈ ઔપચારીકતા વીના મારા સવાલોના જવાબ આપ્યા.

'મારાં બે સંતાનો. એક દીકરો. જેને તમે તે દીવસે જોયો. એ અહીંની જ છોકરી સાથે પરણ્યો છે. અમે ઈન્ડીયા હતાં ત્યારે એનો જન્મ થયેલો. એનું નામ સમીર પાડેલું; પણ હવે એ 'સેમ'ના નામે ઓળખાય છે.'

'અને બીજું સંતાન ?'

'સેમથી નાની દીકરીનું નામ છે 'સારા'. એનો જન્મ અમે અહીં લંડન આવ્યાં પછી થયો.'

'તમારા પતી શું કરે છે ?'

પતી વીશે વાત કરવાનો ઝાઝો ઉમળકો ન હોય એવા ભાવ સાથે એ બોલી, 'ટી.વી.માં આર્ટ ડાયરેક્ટર છે. લગ્ન પહેલાં હું મુમ્બઈ હતી ત્યારે રેડીયોમાં એનાઉન્સરની નોકરી કરતી. ત્યાં જ મારી અને દીપેન્દ્રની ઓળખાણ થઈ અને ધીમેધીમે પરીચય પ્રેમમાં પલટાયો. અમે મરાઠી અને એ પંજાબી. મારા ઘરમાં સખત વીરોધ હતો.'

'તો પછી તમે લગ્ન કેવી રીતે કર્યાં ?' મને એની વાતમાં રસ પડતો જતો હતો..

'ભાગીને. પણ મારાં પીયરીયાંઓએ એ પછી મારી સાથેનો સમ્બન્ધ તોડી નાખ્યો. સમીરનો જન્મ થયાના સમાચાર મોકલ્યા, તોયે કોઈ જોવા ન આવ્યું; મા પણ નહીં.' બોલતાં

બોલતાં એની આંખોમાં આંસુ છલકાયાં એ એણે ટીસ્યુ–પેપરથી લુછ્યાં..

‘દીપેન્દ્રનું લંડન રેડીયો માટે સીલેક્શન થયું ને અમે ભારત છોડી લંડન આવી ગયાં. શરુઆતમાં અહીંની જીવનપદ્ધતીમાં ગોઠવાવું મારે માટે બહુ મુશ્કેલ હતું. વખત જતાં એમાં તો હું ગોઠવાઈ ગઈ; પણ આજ સુધી હું મનથી અહીં ગોઠવાઈ શકી નથી.

‘દીકરાએ એની મનપસંદ છોકરી સાથે લગ્ન કર્યાં ને ખુશ છે. દીકરી એના મીત્ર સાથે લગ્ન વીના પણ રાતોની રાતો ગાળે છે. પતી કોઈ અચકાટ વીના મારા દેખતાં જ એની સ્ત્રીમીત્રને ગળે વળગાડે છે. જો દીકરાને આ વીશે કંઈ પણ કહેવા જાઉં તો કહે છે :

‘મૉમ, તારા વીચારો આવા જુનવાણી કેમ છે ? આટલા મોટા લંડનમાંથી તું પણ એકાદ ફ્રેન્ડ શોધી કાઢ ને તારી રીતે મઝા કર. – આ છે અહીંની સંસ્કૃતી ! જેમાં દીકરો માને શીખામણ આપે છે કે, તું પણ મીત્ર શોધી કાઢ ! મારા ભર્યા–પુર્યા સંસાર વચ્ચે હું એકલી છું, સાવ એકલી !’ કહેતાં કહેતાં તે એ રડી પડી.

મેં કહ્યું, ‘તમે ભારતીય સંસ્કૃતી અને ભારત માટે આટલું ઝુરો છો તો એકાદ વખત તો મારે ત્યાં આવો ! મારું તમને આગોતરું આમંત્રણ છે.’

‘આવીશ. જરુર આવીશ. જ્યારે અહીંની એકલતા મારાથી સહન નહીં જ થાય ત્યારે અથવા તો મારાં દીકરા–દીકરીનાં સંતાનોને લઈને હું ભારત આવીશ અને બતાવીશ કે

જુઓ, આ છે મારી માતૃભુમી. પણ અત્યારે મારું એક કામ કરશો ? ભારતના એરપોર્ટ પર ઉતરો ત્યારે ત્યાંની ધુળ માથે ચડાવીને મને યાદ કરજો. આટલું કરશોને ?'

પછી મારો જવાબ સાંભળ્યા વીના જ એ ઉઠીને ચાલી ગઈ.

(મીના ખોંડની મરાઠી વાર્તાને આધારે)

**–આશા વીરેન્દ્ર**

@

16-278 : 08-09-2013

# એક અનોખો પરિવાર

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

રાકેશનો બાયોડેટા કોઈ માગે તો આ રહ્યો –

નામ : રાકેશ પ્રકાશભાઈ દવે

માતા : હયાત નથી,

પીતા : હયાત નથી,

અભ્યાસ : એમ.ઈ. (મીકે.એન્જી.)

નોકરી/ધંધો : મશીનના સ્પેરપાર્ટ્સ બનાવતી કંપનીમાં સુપરવાઈઝ.

ભાઈ : નથી,

બહેન : નથી.

માતા-પીતા નથી એના કરતાંય મોટું દુ:ખ રાકેશ માટે ભાઈ-બેન નથી એ હતું. એને હમ્મેશાં લાગતું કે, જો મારે ભાઈ-ભાંડુ હોત તો હું આજે છું એનાથી ઘણો જુદો હોત. મારાં સુખ-દુઃખ, મારો આનંદ, મારી હતાશા બધું, બધું જ હું એની સાથે વહેંચી શકત. જો વધુ નહીં તો એક જ ભાઈ કે બહેન હોત તો ! આ એના અંતરની તીવ્ર ઝંખના હતી. પણ એ આ જન્મમાં સંતોષાય એવી કોઈ શક્યતા નહોતી.

અકસ્માતમાં મા-બાપ બંને ચાલી નીકળ્યાં એ પછી મામાએ હાથ ઝાલ્યો તો ખરો; પણ માત્ર લોકલાજને ખાતર;

અંતરના ઉમળકાથી નહીં. છતાંય મામા-મામીને ટેકેટેકે અને માતા-પીતા જે સંપત્તી મુકી ગયાં હતાં એને આધારે, એ મીકેનીકલ એન્જીનીયર બની ગયો એ કંઈ નાનીસુની વાત નહોતી. જીન્દગીની ગાડી બરાબર પાટે ચઢી ગઈ હતી. એક નામાંકીત કંપનીમાં સુપરવાઈઝરની મોભાદાર નોકરી પણ મળી ગઈ. હવે મામા-મામી પર ભારરુપ ક્યાં સુધી રહેવાનું !

'મામા, એક વાત કહું ? ખરાબ ન લગાડશો !'

'કહેને દીકરા ! તારી કોઈ વાતનું આજ સુધી ખરાબ લગાડ્યું છે ?'

'મામા, મેં... એટલે કે, મેં છે ને, એક નાનકડો ફ્લેટ જોયો છે. હવે હું ત્યાં રહેવા જાઉં ? વચ્ચે વચ્ચે અહીં આવતો-જતો રહીશ, પણ...'

મામા-મામીએ થોડી આનાકાની પછી સમ્મતી આપી. રાકેશ 'પેરેડાઈઝ સોસાયટી'માં રહેવા આવી ગયો. હવે લોકો એને પરણીને થાળે પડવાની સલાહ આપતા અને સારાં ઠેકાણાંય બતાવતાં. પણ કોણ જાણે કેમ, રાકેશને એવી ઈચ્છા જાગતી જ નહીં કે એણે પરણી જવું જોઈએ. પત્ની અને સંતાન કરતાં ભાઈ-બહેન માટેની એની ઝંખના બળવત્તર હતી.

'રાકેશ, નાઉ યુ ડીઝર્વ અ કાર. કંપની લોન આપવા તૈયાર છે. તને મનગમતી કાર લઈ લે.' એક દીવસ કંપનીના મેનેજરે એને બોલાવીને કહ્યું. કંપની અને બેંક પાસેથી લોન લઈને કાર લેવાનું અંતે એણે નક્કી જ કરી નાખ્યું. સરસ મજાની, ચેરી રેડ કલરની, લેટેસ્ટ મોડેલની કારમાં બેસીને ઘર તરફ જતાં એના દીલમાં કંઈક અનોખી લાગણી ઉભરાવા

લાગી. અત્યારે, આ ક્ષણે એને પોતાનાં મા-બાપ તીવ્રપણે યાદ આવવા લાગ્યાં. નથી મમ્મી-પપ્પા, નથી ભાઈ-ભાડું કે જે આજે મારી કાર જોઈને હરખાય. અંતે તો આ બધાં ભૌતીક સુખ કોને માટે ?

'આજ કી તાજા ખબર, આજ કી તાજા ખબર, કલ સુબહ દસ બજે અન્ના હજારેજી અપને ઉપવાસ સમાપ્ત કરેંગે....' સીગ્નલ પાસે પેપર વેચી રહેલા કીશોરના અવાજથી એના વીચારને બ્રેક લાગી.

પેલા છોકરાએ સાવ નજીક આવી, ગાડીના દરવાજા પર હાથ મુકીને પુછ્યું, 'સાહેબ, પેપર ?'

'હાથ નહીં લગાડ, નવી નક્કોર ગાડી છે. ચાલ, દુર ખસ.' રાકેશે ગુસ્સાથી પેલા છોકરાને ઝાટકી નાખ્યો.

ગ્રીન સીગ્નલ મળતાં એણે ગાડી સ્ટાર્ટ કરી. સોસાયટી નજીક પહોંચતાં પહોંચતાં એણે દીલથી ઈચ્છ્યું કે, એની ગાડી જોવા કોઈક તો બારીમાંથી ડોકીયું કરે ! પણ અફસોસ ! એની ગાડી જોવા કોઈ નવરું નહોતું. એને ઘરે જવાનું મન જ ન થયું. 'ચાલ, ગાડીમાં થોડું રખડી આવું' એવું વીચારીને એ આવ્યો હતો એ જ રસ્તે ફરીથી નીકળી પડ્યો. સીગ્નલ પાસે પહોંચીને જોયું તો પેલો છોકરો હજી છાપાં વેચી રહ્યો હતો. યુ ટર્ન લઈ એણે ગાડી એની પાસે લીધી. એણે તરત જ ગાડી ઓળખી લીધી. એક નારાજગીભરી નજર રાકેશ તરફ નાખી એ બીજી દીશામાં જોવા લાગ્યો. રાકેશ ગાડીમાંથી ઉતર્યો. પેલા છોકરાને ખભે હાથ મુકીને એણે પુછ્યું, 'દોસ્ત, તારું નામ શું ?'

'ચંદુ'. ખભા પર મુકાયેલો રાકેશનો હાથ એણે હળવેથી ખસેડ્યો.

'મારાથી નારાજ છે ? હું તને સૉરી કહું તો તારો ગુસ્સો ઓછો થાય ?'

'ના'. એણે ચોખ્ખો જવાબ આપ્યો.

'ને જો આ નવી ગાડીમાં ફરવા લઈ જાઉં તો તું મને માફ કરે ?' છોકરો આનંદ અને આશ્ચર્યથી ઉછળી પડ્યો.

'સાચ્ચે જ ! તમે ગાડીમાં લઈ જશો ? મારો દોસ્ત બીટ્ટુ અને માધુરીને પણ બોલાવું ? અમારામાંથી કોઈ આજ સુધી ગાડીમાં નથી બેઠું.'

'ભલે, બોલાવ તારા દોસ્તોને; પણ તમારાં મા–બાપને કહીને આવજો.'

ચંદુ દોડવા જતો હતો તે અટકી ગયો. 'અમારાં કોઈનાં મા–બાપ નથી. અમારું કોઈ નથી.' એનો જવાબ સાંભળીને રાકેશના હૈયામાં ઉથલ–પાથલ થઈ ગઈ. ત્રણે છોકરાંઓએ આખે રસ્તે ખુબ ગપ્પાં માર્યાં, મોજમાં આવીને ગીત પણ ગાયું:

'ચક્કે પે ચક્કા, ચક્કે પે ગાડી, ગાડીમેં નીકલી અપની સવારી.'

રાકેશે પુછ્યું, 'માધુરી નામ બહુ સરસ છે, કોણે પાડ્યું ?

'અરે સાહેબ, એ તો માધુરીની ફીલ્મના પોસ્ટરની નીચેની ફુટપાથ પર એને કોઈ મુકી ગયેલું એટલે બધા એને માધુરી કહેવા લાગ્યા.' બીટ્ટુએ જવાબ આપ્યો.

એક ફાસ્ટ ફુડ સેન્ટર પાસે ગાડી ઉભી રાખી રાકેશે બધા માટે સેન્ડવીચ પેક કરાવી અને આઈસ્ક્રીમના કોન લઈ આવ્યો.

ખાતાં ખાતાં બીટ્ટુથી ગાડીના કાચ પર આઈસ્ક્રીમ લાગી ગયો અને નાનકડી માધુરીથી પાછલી સીટ પર સૉસ ઢોળાઈ ગયો. ચંદુ બંનેને ખીજાવા લાગ્યો; પણ રાકેશે કહ્યું, 'વાંધો નહીં, એ તો સાફ થઈ જશે.'

છોકરાંઓને સીગ્નલ પાસે મુક્યાં ત્યારે એણે એમને ફરી પાછા આ રીતે લઈ જવાનો વાયદો કર્યો.

એને લાગ્યું કે, આજે એણે પરીવાર સાથે નવી ગાડી લીધાના આનંદની વહેંચણી કરી. તેને અનોખો રોમાંચ અનુભવાયો.

(અર્જુન કે. બોઝની અંગ્રેજી વાર્તાને આધારે)

–આશા વીરેન્દ્ર

@

17-285 : 15-12-2013

# જાગીને જોઉં તો

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ઘણીવાર એવું બનતું હોય છે કે આપણને લાગે કે આજનો દીવસ આપણે માટે સુખદ આશ્ચર્યો લઈને આવ્યો છે. જુઓને, આજની જ વાત કરું તો ઘરેથી નીકળીને હું ચાર રસ્તે પહોંચ્યો ત્યારે મેં જોયું કે બાઈક પર સવાર એક યુવાન સીગ્નલ તોડીને આગળ વધી ગયો. ડ્યુટી પર ઉભેલા પોલીસે જોરથી સીટી મારી કે તરત પેલો યુવાન થોભી ગયો. હાથના ઈશારાથી પોલીસે એને પોતાની પાસે બોલાવ્યો.

‘કેમ ભાઈ, એટલી બધી ઉતાવળ આવી ગઈ છે કે સીગ્નલ પણ દેખાતો નથી ? આટલી ઝડપ કેટલી જોખમી છે એ ખબર છે ?’

મને થયું કે યુવાન પાસેથી લીલી નોટ પડાવવાની આ તરકીબ છે; પણ જોઉં તો ખરો, આગળ શું થાય છે તે !

અત્યંત નમ્રતાપુર્વક પેલા યુવાને કહ્યું, ‘આઈ એમ રીયલી વેરી સૉરી. ઑફીસના કામના વીચારોમાં એવો તો ખોવાઈ ગયો હતો કે લાલ લાઈટ પર મારું ધ્યાન જ ન ગયું.’

કોઈ મોટોભાઈ પોતાના નાનાભાઈને પ્રેમથી સમજાવતો હોય એમ એના ખભા પર હાથ મુકીને પોલીસે કહ્યું, ‘જો, આજની તારી ભુલ માફ કરું છું; પણ ફરીથી આવું ન બનવું જોઈએ. ને એ પણ સમજ કે ઑફીસનાં કામ કરતાં તારા

જીવની કીમત વધુ છે, ભાઈ ! આ રીતે સીગ્નલ તોડવો બહુ ખતરનાક છે. હવેથી ધ્યાન રાખજે, હં ! હવે જા, તારે ઑફીસનું મોડું થતું હશે.'

'થેન્ક યુ વેરી મચ. હવેથી હું ટ્રાફીકના નીયમોનું બરાબર પાલન કરીશ, આય પ્રોમીસ.'

બંનેએ હસીને હાથ મીલાવ્યા. હું તો જોતો જ રહી ગયો ! શું આપણા દેશમાં આવી ઘટના શક્ય છે? પણ આ તો માત્ર શરુઆત જ હતી. થોડું આગળ ચાલ્યો ત્યાં જોયું કે લાઈનબંધ ઉભેલી ટ્રકોનું ચેકીંગ ચાલતું હતું. એક ટ્રક ડ્રાઈવરને એનું લાયસન્સ રીન્યુ ન કરાવવા બદલ પોલીસે પકડ્યો. આદતસે મજબુર એવા ટ્રક ડ્રાઈવરે લુચ્ચું હસતાં સો રુપીયાની નોટ પોલીસના હાથમાં મુકવાની કોશીશ કરી.

'તારા મનમાં તું સમજે છે શું ? તું લાંચ આપીશ ને હું પીગળી જઈશ, એમ ? મારે માટે મારી ડ્યુટી જ મારો ધર્મ છે. મને લાલચમાં ફસાવવાનો પ્રયત્ન કર્યો તો મારો જેવો ભુંડો કોઈ નથી સમજ્યો ?'

'માફ કરો સાહેબ, ભુલ થઈ,' ડ્રાઈવરે કરગરતાં કહ્યું.

'લાંચ લેનાર અને લાંચ આપનાર બંને સરખા ગુનેગાર છે એ તને નથી ખબર ? હું સમજું છું કે તારે પત્ની અને બાળકો હશે; કદાચ વૃદ્ધ મા–બાપ પણ હોય. આ બધાની જવાબદારી તારા પર છે માટે જ તને જવા દઉં છું.'

મને મારા કાન પર ભરોસો નહોતો બેસતો. શું આ એ જ પોલીસદાદા છે જે આળસુ, લાંચીયા, ભ્રષ્ટ અને બેજવાબદાર તરીકે પંકાયેલા છે ? એકાએક મારી નજર ૬૦-૬૫ વરસની

વૃદ્ધા પર ગઈ જેને ઘુંટણની તકલીફ હોવાને કારણે રસ્તો ઓળંગતાં બહુ મુશ્કેલી પડતી હતી અને ચારેબાજુથી આવતાં ધસમસતાં વાહનોને કારણે એ ગભરાઈ પણ ગઈ હતી. હજી હું એની મદદે જવાનો વીચાર કરું ત્યાં એક પોલીસ દોડતો આવ્યો અને કહેવા લાગ્યો :

'મા, ગભરાવ નહીં. મારો હાથ પકડી લો. હું રસ્તો ક્રોસ કરાવી દઉં.' માજીએ 'ઈશ્વર તારું ભલું કરે, ભાઈ !' એમ કહેતાં એનો હાથ પકડી લીધો. સામી બાજુએ એક બાંકડો હતો તેના પર માજીને બેસાડતાં એણે કહ્યું, 'મા, તમે થાકી પણ ગયાં છો અને ગરમી પણ બહુ છે. તમે અહીં ઘડીક બેસો ત્યાં હું તમારે માટે પાણી લઈ આવું.'

આ હૃદયદ્રાવક દૃશ્ય જોઈને મારી આંખમાં પાણી આવી ગયાં. મને થયું, ક્યારે ઘરે જાઉં ને ક્યારે પત્નીને આ પ્રેરક પ્રસંગોની હારમાળાની વાત કરું. સાંજે ઘરે પહોંચીને સૌથી પહેલાં પત્નીને આજની અજાયબ ઘટનાઓ વીશે કહ્યું. પણ એ તો નવાઈ પામવાને બદલે નવાઈ પમાડવાનું નક્કી કર્યું હોય એમ બોલી,

'તમારા અનુભવોથીય ચડીયાતો અનુભવ આજે મને ઘરે બેઠાં થયો. તમે ઘરેથી નીકળ્યા પછી થોડીવારમાં અહીં પોલીસની વાન આવી. પોલીસો ત્રણ ટુકડીમાં વહેંચાઈ ગયા. શું ચાલી રહ્યું છે એ મહોલ્લાવાસીઓ સમજે એ પહેલાં તો તેઓ સલીમ સ્મગ્લર, બીરજુ બુટલેગર અને ગોપીનાથ ગેમ્બલરને બાવડેથી ઝાલીને ચોકની વચ્ચોવચ લઈ આવ્યા.'

'શું વાત કરે છે ? મારા તો માનવામાં નથી આવતું !'

'અરે, આટલું જ નહીં, એમના વડાએ સૌને કહ્યું – જરાપણ ગભરાયા વીના આવાં ગુંડાંતત્ત્વોની અમને જાણ કરો. અમે ચોવીસ કલાક તમારી સેવામાં હાજર છીએ.'

'બસ, બસ. હવે આગળ વધુ સાંભળીશ તો હું ગાંડો થઈ જઈશ.'

'ગાંડા થવાની કંઈ જરુર નથી. હવે પોલીસખાતામાં ધરમુળથી ફેરફાર થઈ જવાના છે. ક્રાંતી થશે ક્રાંતી !'

સાચે જ આને ક્રાંતી કહેવાય. જે સલીમ સ્મગ્લર, બીરજુ બુટલેગર અને ગોપીનાથ ગેમ્બલર આખા મહોલ્લાનાં માથાંનો દુ:ખાવો થઈ ગયા હતા, જેમના રંજાડની બીકે સૌ થરથર કાંપતા હતા એ જોતજોતાંમાં જેલના સળીયા પાછળ ! આજના બનાવોથી મારું મગજ એવું તો ચકરાવે ચઢ્યું હતું કે, હવે મને ચા પીવાની સખત તલપ લાગી હતી. જાણે મારા વીચારનો પડઘો પાડતી હોય એમ પત્નીએ કહ્યું,

'ચાલો, ગરમાગરમ ચા પીવડાવીને તમને ખાતરી કરાવું કે આજે બનેલી બધી વાત સાચી છે અને હવે આપણે ગર્વથી 'મેરા ભારત મહાન'ના નારા લગાવી શકીશું.'

પત્ની ટ્રેમાં ચા લઈને આવી. મને ચા પીવાની એટલી ઉતાવળ આવી ગઈ હતી કે તરાપ મારીને ટ્રેમાંથી કપ લેવા ગયો, ત્યાં કપ છટક્યો ને ધગધગતી ચા મારા પર પડી. પણ આશ્ચર્ય ! મને જરાય ગરમ કેમ ન લાગ્યું ?

ફટાક કરતી મારી આંખ ખુલી ગઈ. ઘડીયાળમાં જોયું, રાતના બે વાગ્યા હતા. સુંદર મજાનું સ્વપ્ન ભંગ થવાના

અફસોસ સાથે હું ગાઈ ઉઠ્યો, ‘જાગીને જોઉં તો, જગત દીસે નહીં...’

(એ.સી. તુલીની અંગ્રેજી વાર્તાને આધારે)

–આશા વીરેન્દ્ર

@

18-291 : 09-03-2014

# મારા દાદાગુરુ

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ડૉ. રાવનો હૈદ્રાબાદથી ફોન હતો, 'હલ્લો વીજય, એક દુ:ખદ સમાચાર છે. પ્રૉફેસર સન્યાલ હવે આપણી વચ્ચે નથી. ૭મી જુલાઈએ ખડગપુરમાં એમનો દેહાંત થયો.'

પ્રૉફેસર સન્યાલ એટલે મારા ડૉ. દાસના ગુરુ. જેમના હાથ નીચે નહીં નહીં તો બેએક ડઝન વીદ્યાર્થીઓએ પીએચ.ડી. કરેલું. એવા ડૉ. દાસના પીએચ.ડી.ના ગાઈડ પ્રૉ. સન્યાલ. નેવું વરસની ઉંમરે માણસ જાય એનો અફસોસ ન કરવાનો હોય એ વાત સાચી; પણ એમના જેવી મુલ્યનીષ્ઠ, કર્તવ્યપરાયણ અને માયાળુ વ્યક્તીની વીદાયના સમાચારથી મને દુ:ખ તો ઘણું થયું. સાથે જ નજર સામે ઉભરી આવ્યા આજથી ૩૦-૩૫ વરસ પહેલાંના એ દીવસો.

એમ.ટૅક્ કરવા માટે હું આઈ.આઈ.ટી. ખડગપુર ગયો ત્યારે પ્રૉ. સન્યાલ ત્યાંના વીભાગના પ્રમુખ હતા. પોતે પીએચ.ડી. થયેલા નહીં; પણ આઈ.આઈ.ટી.ના ડાયરેક્ટર ખુદ એમને 'સર' કહીને માન આપે એવો તો એમનો દબદબો ! પ્રવેશપરીક્ષા પછીના ઈન્ટરવ્યુ તેઓ લઈ રહ્યા હતા, ત્યારનો એક પ્રસંગ મને બરાબર યાદ છે. એક વીદ્યાર્થી જરુરી સર્ટીફીકેટ્સ ઘરે ભુલી ગયો હતો.

'સર, એક વખત મને એડમીશન આપી દો, પછી હું ઘરે જઈને બધાં સર્ટીફીકેટ્સ લઈ આવીશ.'

'ભાઈ, હું તને શેના આધારે એડમીશન આપું, એ કહીશ ?'

'સર, મારા બોલના આધારે. મારા પર વીશ્વાસ રાખો.'

એનો ખભો થપથપાવતાં એમણે કહ્યું, 'Look, when you are in travel, ticket collector needs your ticket to punch. He cannot punch your words.'

પ્રૉ. સન્યાલની આટલી સચોટ વાત સાંભળ્યા પછી પેલા વીદ્યાર્થીએ કશી દલીલ ન કરી.

તેમનું વ્યક્તીત્વ વીશીષ્ટ. સ્વચ્છતા અને સુઘડતાના જાણે તેઓ પર્યાય. સુટ-બુટ અને ટાઈ સીવાયના પોષાકમાં અમે એમને કદી જોયા નહોતા. અક્ષરો એટલા સુંદર કે એની પરથી નજર ન હટે. નીયમીતતા અને શીસ્તના અત્યંત આગ્રહી હોવા છતાં વખત આવ્યે એમાં બાંધછોડ પણ કરતા.

અમારી પ્રયોગશાળાનો એક કર્મચારી ખુબ ચપળ અને હોશીયાર. પોતાની આગવી સુઝ- બુઝથી રસપુર્વક એ પોતાનું કામ કરતો.

'લાવો, આ નવું આવેલું સાધન કેવી રીતે કામ કરે છે તે હું તમને બતાવું.'

'મીટર બગડી ગયું છે? ચીંતા ન કરો; હું હમણાં રીપેર કરી આપીશ.'

સૌ કોઈને મદદ કરવા તત્પર રહેતો એ કર્મચારી નવશીખીયા પ્રૉફેસરો કરતાં ઘણો હોશીયાર હોવા છતાં; યોગ્ય

લાયકાત ન હોવાને કારણે તેને પ્રમોશન નહોતું મળતું. પ્રૉ. સન્યાલે જાતે રસ લઈ, ખટપટ કરીને એને પ્રમોશન અપાવ્યે છુટકો કર્યો. પછી હસતાં હસતાં કહે, ‘સારું, કાર્ય કરવા માટે કોઈ વાર આડવાટ લેવી પડે તો લેવાની, એમાં વાંધો નહીં. પણ હા, એમાં આપણો સ્વાર્થ ન હોવો જોઈએ.’

ઈલેક્ટ્રોમૅગ્નેટીક થીયરી જેવો જટીલ અને ગંભીર વીષય તેઓ એટલી સરસ રીતે ભણાવતા કે એમનો એક પણ પીરીયડ વીદ્યાર્થીઓ ન ગુમાવતા. ભણાવતી વખતે એમના અવાજમાં આવતા ઉતાર-ચઢાવ અને બદલાવને કારણે અમે સૌ એમને ખાનગીમાં ‘અમીન સયાની’ કહેતા.

તેઓ ક્યાંય પણ મળી જાય તો પ્રેમથી એક હાથ ખભે મુકે અને બીજા હાથથી આપણો હાથ પકડી લે. એમના આવા સ્નેહભર્યા વ્યવહારથી દરેકને આત્મીયતાનો અનુભવ થતો. ક્યાંક મોટાઈ નહીં, અકડાઈ નહીં, કેવળ પ્રેમભાવ. મોટેભાગે સીનીયર પ્રૉફેસરોનું વર્તન એવું રહેતું કે, કામ બધું વીદ્યાર્થીઓ પાસે કરાવે અને જશ પોતે ખાટે. કહેવત છે ને કે, ‘લડે સીપાઈ ને નામ સરદારનું !’ પણ પ્રૉ. સન્યાલે હંમેશાં મારા જેવાને આગળ કર્યા છે. રીવ્યુ કમીટી સામે તેઓ ‘મારો જમણો હાથ’ કહીને મારી ઓળખાણ કરાવતા.

વી.એન.આઈ.ટી. નાગપુરના ડાયરેક્ટર પદે મારી નીમણુક થઈ અને આઈ.આઈ.ટી. ખડગપુર છુટ્યું. હમણાં ત્રણેક વરસ પહેલાં કલકત્તા જવાનું થયેલું. ત્યાંથી ખડગપુર બે-અઢી કલાકના રસ્તે. વરસો થયાં પ્રૉ. સન્યાલને મળી નહોતું શકાયું.

એમની નાદુરસ્ત તબીયતના સમાચાર મળતા રહેતા. થયું, અહીં સુધી આવ્યો છું તો ખડગપુર જઈને એમને મળી આવું.

પ્રૉ. સન્યાલ હૉસ્પીટલના આઈ.સી.યુ.માં હતા. શ્વાસની તકલીફથી પરેશાન હતા. મેં કહ્યું, 'સર, હું વીજય.' એમણે પહેલાંની જેમ જ મારો હાથ પકડી લીધો અને એ સાથે જ ત્રીસ વરસનો સમયગાળો વચ્ચેથી એક પળમાં જ સરી પડ્યો. 'હા, વીજય મનોહર પાંઢરીપાંડે, રાઈટ ? તું ૧૯૭૪માં એમ.ટેક્. થયેલો, નહીં ? ને તેં ૧૯૭૮માં પીએચ.ડી. માટેનો થીસીસ સબમીટ કરેલો, કેમ ?

એમની યાદશક્તીથી હું તાજ્જુબ થઈ ગયો ! પણ જેમને હંમેશાં કોટ-પેન્ટ-ટાઈમાં સજ્જ જોયેલા એ સરને હૉસ્પીટલના ડ્રેસમાં અસ્તવ્યસ્ત પડેલા જોઈ, મારું મન ભરાઈ આવ્યું. એમની આંખોમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં. પણ ચહેરા પર સ્મીત હતું. 'કેટલું સારું લાગે છે ! આટલાં વરસો પછી તું યાદ કરીને મળવા આવ્યો.' ફરીથી એમણે મારો હાથ હાથમાં લીધો, લાગણીપુર્વક દબાવ્યો, 'તારી પ્રગતી જોઈને મને ખુબ આનંદ થાય છે. 'સુખી થાવ' ભાવવીભોર થઈને કહેવા લાગ્યા, 'જો મારી એક વાત યાદ રાખજે. Do not solve simple problems. Always attempt difficult problems. Because, simple problem anybody can solve, but difficult problems only few people like you can attempt. જા, ભગવાન તેરા ભલા કરેગા.' મેં એમના ચરણસ્પર્શ કર્યા અને શ્રદ્ધાથી એમને નમન કરી વીદાય લીધી. બસ, એ હતી અમારી અંતીમ મુલાકાત.

આવા હતા અમારા પ્રૉ. સન્યાલ. મારા ગુરુના ગુરુ - મહાગુરૂ, દાદાગુરૂ. એ ગયા ૭ જુલાઈએ અને ૧૫ જુલાઈએ આવનારી ગુરુપુર્ણીમા નીમીત્તે મેં એમને કેન્દ્રમાં રાખીને લખેલા લેખનાં પાનાં પંખાની હવાથી ફરફરી રહ્યાં છે. થાય છે, કાશ ! તેઓ આ લેખ વાંચીને ગયા હોત તો ?

(ડૉ. વીજય પાંઢરીપાંડેની મરાઠી સત્યઘટનાને આધારે)

-

**–આશા વીરેન્દ્ર**

@

19-297 : 01-06-2014

# શરત મંજુર

- આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

રમેશભાઈ નારાજ તો હતા જ, સાથે દુ:ખી પણ એટલા જ હતા. એટલે જ આવેશમાં આવીને જે મનમાં આવે એ બોલ્યે જતા હતા, ‘દેવું કરીને દીકરાને કાનપુરમાં આઈ.આઈ.ટી. કરાવ્યું. પછી વળી થયું કે, ભણવામાં આટલો હોશીયાર છે અને લખનૌ જઈને આઈ.આઈ.એમ. કરવાની ઈચ્છા છે, તે ભલે ભણતો. આપણા ઘડપણની લાકડી થાય એવું એના સીવાય બીજું છેય કોણ ? એને ભણાવવામાં ને ભણાવવામાં હું વહેલો ઘરડો થઈ ગયો. તે શું આ દીવસ જોવા માટે ?’

પાણીનો ગ્લાસ ધરતાં ઈંદીરાબહેને કહ્યું,

‘પાણી પીને શાંત થઈ જાવ. આટલો બધો ઉશ્કેરાટ કરશો તો બી.પી. વધી જશે.’

‘જ્યારથી મેં મારા સગા કાને દીકરા-વહુની વાત સાંભળી ત્યારથી બી.પી. તો વધેલું જ છે. હવે વધવામાં શું બાકી રહ્યું છે ?’

આમેય રમેશભાઈનો સ્વભાવ ગરમ. જરાક કંઈક કારણ મળ્યું નથી કે વઘારમાં મુકેલી રાઈની જેમ તતડ્યા નથી. પણ ઈંદીરાબહેન ગજબનાં ઠરેલ અને સમજુ. ગમે તેવી વીકટ પરીસ્થીતીમાંથી રસ્તો કાઢવાની આવડત અને સુઝ એમનામાં

હતાં. જો કે, આજે રમેશભાઈ ઉશ્કેરાય એમાં કશું ખોટું નહોતું એ સમજવા છતાં; એમણે હસીને કહ્યું, ‘પુરા ૨૮૦ દીવસ એને પેટમાં કોણે રાખ્યો, મેં કે તમે ? જો હું નથી પડી ભાંગી, તો તમે શા માટે આટલા દુઃખી થાવ છો ? ને આપણે એને ભણાવ્યો તો આપણા સ્વાર્થે. એ તો કહેવા નહોતો આવ્યોને, કે મને ભણાવવા માટે લોન લો !’

લખનૌ ભણતો હતો ત્યારે જ સંકેતની સેજલ સાથે ઓળખાળ થયેલી. બે વરસમાં તો બન્ને એકબીજા સાથે પરણવા જેટલાં નજીક આવી ગયાં. બેઉ એકમેકને ટક્કર મારે એવાં તેજસ્વી. મુંબઈ આવ્યાં કે તરત બન્નેને વરસના ૨૨–૨૪ લાખના પેકેજવાળી નોકરી તો મળી જ, સાથે સંકેતને જુહુસ્કીમમાં ચાર બેડરુમવાળો વીશાળ ફ્લેટ પણ કંપનીએ આપ્યો. ઘરનાં વાસ્તુપુજન માટે રમેશભાઈ અને ઈંદીરાબહેન નાલાસોપારાથી આવેલાં. સાંજ પડ્યે ઈંદીરાબહેન નજીકની હવેલીમાં દર્શન કરવા ગયાં, ત્યારે રમેશભાઈ પણ ચાલવા ગયા છે એવું સંકેત અને સેજલે માની લીધેલું; પણ રમેશભાઈ હજી ઘરમાં જ હતા.

‘જો સંકેત, મમ્મી-પપ્પા આવ્યાં છે તો ભલે થોડા દીવસ રોકાઈ જાય; પણ હંમેશ માટે તો એમનું નાલાસોપારાનું ઘર જ બરાબર છે.’

‘કેમ ?’

‘અરે કેમ શું ? આપણી ને એની લાઈફસ્ટાઈલ જ તદ્દન અલગ. આટલી બધી સાહ્યબી એમનાથી હજમ જ ન થાય. પછી નકામા આપણી લાઈફમાં માથાકુટ કર્યા કરે. એના કરતાં એ

લોકો ત્યાં ખુશ ને આપણે અહીંયાં. હા, ટાઈમ મળે ત્યારે એમને મળવા જરુર જઈશું ને ફોનથી ખબર તો રોજ પુછીશું જ ને !'

'પણ સેજલ, મને ભણાવવા પપ્પાએ કેટલી મહેનત કરી છે, ખબર છે ? ને બેંકમાંથી લોન લીધી છે એ પણ ભરપાઈ કરવાની બાકી છે અને મમ્મી....'

'તું ખોટાં બહાનાં ન કાઢ. પપ્પાને કહેજે, લોન આપણે ચુકવી દઈશું. બસ ?'

સંકેતે ચુપચાપ સેજલની વાત સાંભળી લીધી – કશાય પ્રતીકાર વીના. બે દીવસ પછી ઈંદીરાબહેન અને રમેશભાઈ નાલાસોપારા જવા તૈયાર થયાં ત્યારે દીકરા-વહુએ 'આવતા રહેજો હં, પાછાં ! તમે કહેશો ત્યારે ગાડી મોકલીશું, લેવા' એમ કહીને વીદાય આપી.

'જુઓ, તમે જરાય હીમ્મત નહીં હારતા. આપણે જે લોન લીધી છે તે આપણે જ ચુકવીશું. તમારો ગણીત, અંગ્રેજી અને વીજ્ઞાન – ત્રણે વીષયો પર કેટલો કાબુ છે ! તમે ટ્યુશન કરવાનાં શરુ કરો.'

'લો, બોલ્યાં, ટ્યુશન શરુ કરો. હવે આ બુઢ્ઢા પાસે કોણ આવશે ટ્યુશન લેવા ?'

'એક વખત પ્રયત્ન તો કરી જુઓ ! તમારી પાસે અનુભવની મુડી છે. ને ચીંતા નહીં કરો. હું પણ તમને પુરો સાથ આપીશ. નોકરીએ જતા લોકોને સવારે કોઈ ટીફીન બનાવી આપે એવી જરુર હોય છે ને તમે કહો છો ને કે, મારી રસોઈ આજે પણ એટલી જ ટેસ્ટી બને છે ! વળી અડોશ-પડોશની

ઘણી બહેનોને મારી પાસે બંગાળી મીઠાઈ બનાવતાં શીખવું છે. એ કામ પણ કરી શકાય.'

સાચે જ, ધાર્યું હતું એ કરતાંય બંનેનાં કામ સરસ ચાલવા લાગ્યાં. આજે અચાનક જ સંકેત અને સેજલ આવી પહોંચ્યાં. કંઈક મુંઝાયેલાં લાગતાં હતાં. વાત કરી ત્યારે ખબર પડી કે, સમાચાર તો બહુ સારા હતા. સેજલને ત્રીજો મહીનો જતો હતો. હવે બેઉને ફીકર થવા લાગી હતી. આવનાર બાળકને સાચવશે કોણ ? આટલી ધરખમ પગારવાળી નોકરી છોડવાનું પણ પોસાય એમ નહોતું. સેજલનાં મા-બાપ હતાં નહીં. એ કાકા-કાકી પાસે મોટી થઈ હતી. આઈ-બાબાના સહારા વીના બાળકનો ઉછેર શક્ય નહોતો. એટલે જ, બન્ને, હવે ત્યાં આવીને રહે એવી વીનંતી કરવા સંકેત અને સેજલ આવ્યાં હતાં.

'તારી માને આવવું હોય તો ભલે આવે, મારી ના નથી; પણ હું નહીં આવું. હું અહીં એકલો રહીશ.' રમેશભાઈ મોઢું ચઢાવીને આડું જોઈને બોલ્યા. ઈંદીરાબહેન હસીને એમની સામે જઈને ઉભાં રહ્યાં.

'તમને સાવ એકલા મુકીને હું થોડી જ જવાની છું ? ને હવે બે-જીવ સોતી વહુને પણ સંભાળવી જ પડે. મારી હાલત તો સુડી વચ્ચે સોપારી જેવી થવાની. સંકેત, મને એક ઉપાય સુઝે છે. સંકેત, એમ કરજે કે, દર શુક્રવારે સાંજે બાબાને નાલાસોપારા પહોંચાડી દેવાના. શની-રવી એ ટ્યુશન કરશે ને સોમવારે પાછા જુહુ આવી જશે.' સંકેત ગળગળો થઈ ગયો, 'હું

સમજું છું, કે તમને અમારા પર ભરોસો જ નથી રહ્યો; પણ બાબા હવે હાડમારી ન ભોગવે તો સારું !'

સેજલે ઈંદીરાબહેનનો હાથ પકડી લેતાં કહ્યું, 'મા, હવે જ્યારે હું પોતે મા બનવા જઈ રહી છું ત્યારે મને સમજાય છે કે, તમારી સાથેના વર્તનમાં મેં કેટલી મોટી ભુલ કરી છે ! પ્લીઝ, અમને ભુલ સુધારવાનો મોકો આપો.' ઈંદીરાબહેને સ્નેહથી કહ્યું, 'હશે, જે થયું તે થયું. ભુલ્યા ત્યાંથી ફરી ગણવાનું. પણ અમે અમારી શરતે જ ત્યાં આવીશું. સૌથી પહેલી શરત એ કે, હું ને બાબા અમારી કમાઈમાંથી જ દેવું ચુકવશું. બીજું કે, અમારા નાલાસોપારાનું આ ઘર વેચીશું નહીં અને ત્રીજી વાત એ કે, આપણાં બાળકને તો હું ઉછેરીશ જ; પણ સાથે બીજાં બાળકો માટે પારણાંઘર ચલાવીશ. બોલો, છે મંજુર ?'

સેજલની આંખો સજળ થઈ ગઈ. 'મા, તમે અમને બાંધી લીધાં. પોતાના ઘરે આવવા માટે પણ આવી શરતો મુકવાની ? ખેર ! પણ મંજુર, મંજુર કહ્યા વીના અમારો છુટકો જ નથી.'

(મનોહર જોગલેકરની મરાઠી વાર્તાને આધારે)

-

–આશા વીરેન્દ્ર

20-305: 21-09-2014

# નામકરણનું રાજકારણ

- આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

પત્નીના અવસાન પછી શેઠ દીનાનાથ સાવ એકલવાયા થઈ ગયા. પત્ની હતી ત્યાં સુધી બેઉને એકમેકનો આધાર હતો. આમ તો બબ્બે દીકરા હતા; પણ એક સ્થાયી થઈ ગયો હતો અમેરીકામાં અને બીજો ઓસ્ટ્રેલીયામાં. દીનાનાથજી હવે ઘણી વાર વીચારતા કે જો વરસો જુનો વીશ્વાસુ બુધીયો ન હોત તો પોતે શું કરત ?

'બુધીયા, તું છે તો હું ટકી રહ્યો છું; નહીંતર હુંય તારી શેઠાણીની પાછળ જ ચાલી નીકળ્યો હોત !'

'એવું હું બોલો છો હેઠ ! અમે તો તમારા રોટલા ખાઈને જ જીવતા છે.' બુધીયો બે હાથ જોડીને ભક્તીભાવથી શેઠને કહેતો.

એવામાં એક દીવસ ગામમાંથી સમાજસેવી સંસ્થાના કાર્યકરો શેઠ પાસે પહોંચ્યા. 'શેઠ, જમાનો કેવો આવ્યો છે ! જે મા–બાપે મોંમાંથી કોળીયો કાઢીને ખવડાવ્યો એમને છોડીને જતાં આજકાલના જુવાનીયાઓ ઘડીભર માટેય વીચારતા નથી.'

પહેલાં તો શેઠને લાગ્યું કે એ લોકો પોતાની જ વાત કરી રહ્યા છે. પણ હકીકતમાં તેઓ એક વૃદ્ધાશ્રમની દરખાસ્ત લઈને આવ્યા હતા. આમેય શેઠ દીકરાઓના વર્તનથી દુભાયેલા તો હતા જ ! મા જેવી મા મૃત્યુ પામી તોયે બેમાંથી એક્કેને ઘરે આવવાની ફુરસદ નહોતી મળી. એમાં વળી કાર્યકર્તાઓની રજુઆત સાંભળીને શેઠનું હૈયું મીણની જેમ પીગળવા લાગ્યું. એમને થયું કે, મારા જેવા બીજા કેટલાય હશે જેમને ઢળતી ઉંમરે કોઈ સહારાની જરુર હશે. આ સત્કાર્યમાં સાથ આપીશ તો એવા કેટલાય વયોવૃદ્ધ લોકોના આશીર્વાદ મળશે. ‘ફુલની પાંખડી’ની અપેક્ષાએ આવેલા કાર્યકારોના હાથમાં એમણે ‘ફુલોનો આખો ગુચ્છો’ જ મુકી દીધો !

‘ઠીક ચાલો, મારા મારા ફાર્મ–હાઉસની પચાસ લાખની જમીન હું વૃદ્ધાશ્રમ બનાવવા માટે દાનમાં આપું છું.’

શેઠનો જયજયકાર થઈ ગયો. મંત્રીશ્રીને બોલાવીને ખાતમુહુર્ત કરવામાં આવ્યું, ભવ્ય કાર્યક્રમ યોજાયો અને ખાલી જમીન પર મોટું બોર્ડ લગાવી દેવામાં આવ્યું – ‘શેઠ દીનાનાથ વૃદ્ધાશ્રમ માટેની જમીન.’

શેઠના નામનું બોર્ડ બીચારું મહીનાઓ સુધી કે કદાચ એકાદ વરસ સુધી ત્યાં ને ત્યાં ખોડાઈ રહ્યું. ફક્ત જમીન મળવાથી શું થાય ? મકાન બનાવવા માટે ફંડ–ફાળા ઉઘરાવવાની કાર્યકર્તાઓ મહેનત તો કરતા હતા; પણ બે–પાંચ હજારના ટીપે ટીપે સરોવર ભરાય એમાં વાર તો લાગે ને ! નાનાં નાનાં દાન તો ઘણાં મળતાં હતાં; પણ જો કોઈ મોટી

રકમ આપનાર દાનેશ્વરી મળી જાય તો કામ ઝડપથી આગળ વધે. ત્યાં તો એક દીવસ –

'સાંભળ્યું તમે ! ગઈ કાલે રાત્રે ઉંઘમાં જ દીનાનાથ શેઠનું અવસાન થઈ ગયું !'

'અરેરે, આપણી સંસ્થાને તો મોટી ખોટ પડી ગઈ. આપણા એક જ બોલ પર એમણે આટલી બધી જમીન આપી દીધેલી !'

હજી તો શેઠના ગયાનો અફસોસ પુરો વ્યક્ત થાય ન થાય ત્યાં તો બીજા એક ખુશીના સમાચાર આવ્યા.

'વૃદ્ધાશ્રમ માટે કનૈયાલાલ શેઠ પચીસ લાખ આપવા તૈયાર છે; પણ એમનું નામ બોર્ડ પર લખાય તો જ.'

'આમેય જે જુનું બોર્ડ કેટલા વખતથી પડી ગયું છે એની કોઈને ખબરેય નથી. આટલા રુપીયા મળતા હોય તો નવા બોર્ડ પર લખી દઈએ એમનું નામ ! એમાં શું ?'

કારોબારીના સભ્યોની સમ્મતીથી નવા ચીતરાવેલા બોર્ડ પર લખવામાં આવ્યું, 'શેઠ દીનાનાથ તથા શેઠ કનૈયાલાલ વૃદ્ધાશ્રમ.'

હવે મકાનનું કામ જોરશોરથી ચાલવા લાગ્યું. રહેવાસીઓ માટેના ઓરડા, રસોઈ–ઘર, ભોજનખંડ, ટી.વી. અને લાઈબ્રેરી રુમ, એક નાનકડું મન્દીર – આ બધું જેમ જેમ બનતું ગયું તેમ તેમ વધુ ને વધુ નાણાંની જરુર ઉભી થવા લાગી. વળી પાછા કાર્યકરો ખભે થેલો લટકાવી નીકળી પડ્યા ! આ વેળા તો રાઘેબાબુને પકડવા જ પડશે.

'આટલા મોટા વેપારી થઈને સાવ મુઠ્ઠી વાળી દો એ થોડું ચાલે ?' રાઘેબાબુએ કંઈ વધુ રકઝક ન કરી. 'દસ લાખ આપું તો ખરો; પણ મારું નામ ક્યાં ને કેવી રીતે મુકશો ?'

'અરે સાહેબ, મુલાકાતીઓ માટેના ખંડના દરવાજા પર આરસની તક્તી લગાવીશું. એમાં મોટા, સુવર્ણ અક્ષરે લખાશે – 'સૌજન્ય : રાઘેબાબુ પરીવાર.'

રાઘેબાબુ ખુશ થઈ ગયા. ચાલો, બે નંબરનો પૈસો સારા કામમાં વપરાશે. વળી મોટો ફાયદો એ કે મારું નામ અમર થઈ જશે. બધું લગભગ પુર્ણતાને આરે પહોંચ્યું હતું. માત્ર કલાત્મક, ભવ્ય પ્રવેશદ્વારના પાંચ લાખ જ ઉભા કરવાના હતા. જીલ્લાના સાંસદશ્રી માટે એ કંઈ મોટી વાત નહોતી. એમને માટે તો આ ડાબા હાથનો ખેલ (કે મેલ ?) કહેવાય. એમ તો તેઓ ઉદાર હૃદયના હતા. એમણે કહ્યું,

'સાંસદ નીધીમાંથી આ રકમ ફાળવવા હું તૈયાર છું. પણ એ માટે મારી બે શરતો છે : એક તો એ કે, ઉદ્ઘાટન મારા શુભ હસ્તે જ થવું જોઈએ અને બીજું, મુખ્ય પ્રવેશદ્વાર પર મારું નામ આવવું જોઈએ.'

'એ તો એમ જ હોયને, કીશનસીંહજી ! આપે કહેવાની જરુર જ ન હોય. ઉદ્ઘાટન આપના વરદ્ કર–કમળથી થાય એમાં જ સૌની શોભા કહેવાય.' કાર્યકર્તાઓએ લળી લળીને સાંસદશ્રીની ખુશામત કરી.

પ્રવેશદ્વાર તો સુંદર બન્યું જ હતું; પણ એની પર ચમકતા, રુપેરી અક્ષરોથી લખાયેલું 'માનનીય સાંસદ શ્રી કીશનસીંહજી' બહુ ધ્યાનાકર્ષક લાગતું હતું. નીચે સાવ ઝીણા

અક્ષરે લખેલું હતું 'પ્રવેશદ્વાર-સાંસદનીધી દ્વારા'. પણ એ અક્ષરો એટલા ઝીણા અને ઝાંખા હતા કે, એ તરફ કોઈનું ધ્યાન જાય એમ નહોતું. એની નીચે એક કમાન બનાવીને એની પર લખવામાં આવ્યું હતું – 'કનૈયાલાલ દીના વૃદ્ધાશ્રમ.' કનૈયાલાલનું નામ તો આગળ લખવું જ પડે કેમ કે, તેઓ હયાત હતા ને દીનાનાથનું 'દીના' થઈ જાય એનો વાંધો નહીં, એ તો હવે 'નાથ' પાસે પહોંચી ગયા હતા.

આ બધું નામનું કમઠાણ જે હોય તે; પણ લોકો તો એને 'કીશનસીંહજી આશ્રમ'ના નામથી જ જાણે છે. આ આખી વાર્તા સાંભળ્યા પછીય શું તમે કહી શકો કે, 'વોટ ઈઝ ધેર ઈન એ નેમ ?'

(ડૉ. શશી ગોયલની હીન્દી લઘુકથાને આધારે)

## –આશા વીરેન્દ્ર

@

21-312 : 28-12-2014

# નાનીયો આઈસક્રુટવાળો

- આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ટન્.... ટન્.... ટન્.... ટન્.... નીશાળનો ઘંટ ધણધણ્યો. સાથે નીશાળની ઈમારત પણ. બાળગોપાળો દોડ્યાં – કોઈ ડબ્બો બંધ કરતાં, કોઈ ચંપલ પગમાં સેરવતાં, કોઈ દડો ઉછાળતાં, કોઈ લંગડી કરતાં.

કોઈ હીંચકે હીંચકવા માંડ્યું. કોઈ લસરણીએ લસરવા માંડ્યું. કોઈએ હુતુતુતુની રમત માંડી. કોઈએ ગીલ્લીદંડા લીધા. કોઈ ક્રીકેટ રમવા માંડ્યું. કોઈ નાસ્તાનો ડબ્બો ઉઘાડી ખાતું હતું. બપોરની છુટ્ટી બધાં માણી રહ્યાં હતાં. આનંદની છોળો ઉડતી હતી.

એ છોળો વચ્ચેયે કોરોકટ નાનીયો નીશાળના મેદાનમાં આઈસક્રુટ વેચતો બેઠો હતો. ફાટેલી ચડ્ડી અને કાકાના જુના લબડતા પહેરણમાં એ ફક્કડ લાગતો’તો. વધી ગયેલા વાળ આંખો પરથી હઠાવતાં બોલતો — ‘મીઠું મીઠું આઈસક્રુટ.... પાવલીનું આઈસક્રુટ.... બાબા માટે.... બેબી માટે....’

નાનીયો હશે દસ-બાર વરસનો. માબાપ વીનાનો, કાકા-કાકીને ત્યાં ઉછરતો. કાકીને બે ટંકના રોટલા સાટે એક સરસ નોકર મળી ગયો હતો. ઢોરોને ચરાવતો, ગભાણ સાફ કરતો, છાણાં થાપતો. બારના સુમારે કારખાનેથી આઈસક્રુટ

લઈ બે વાગ્યાની છુટ્ટી સુધીમાં સયાજી વીદ્યાલય પહોંચી જતો. કાકી ધમકાવતાં કહેતાં : 'જોજે ચાર વાગે નીશાળેથી સીધો ઘરે આવી જજે ! નહીં તો ચામડાં ઉતરડી નાખીશ. અને પૈસામાં કાંઈ ગરબડ કરી તો હાથે ડામ જ દઈશ.'

સાંજે મીઠા-મરચાંની ચટણી સાથે રોટલો મળતો. દીવસભરની હડીયાપાટુ બાદ એય ભારે મીઠો લાગતો. ત્યાર પછી આંગણાની સફાઈ, પાણી ભરવાનું, ફાનસ સાફ કરવાનાં, વાસણ માંજવાનાં.... પથારીમાં પડતાંવેંત આંખ મળી જતી, તે સવારના પહોરમાં કાકીની હાકથી ઉઘડતી.... 'એય ગધેડા ! ઉઠે છે કે સાંબેલું લઉં ?'

નાનીયાને થતું, નીશાળમાં આ બપોરની છુટ્ટી લાંબી-લાંબી હોત, તો કેવું સારું ! નાનીયો શરીરથી નહીં તો મનથી, એ છુટ્ટી ભરપેટ માણતો. એનું બાળપણ બાળગોપાળો સાથે રમવા દોડી જતું. પેલી લસરણી પર લસરી પડવાની કેવી મજા પડતી હશે ! પવન સાથે હીંચોળો લેતા હીંચકા ખાવાની તો કેવી લહેર ! જો, જો, પેલા બેટવાળાએ કેવો ફટકો માર્યો ! હું પણ દોડી જઈને લગાવું કે તેનાથીયે ઉંચો ! અને આ હુતુતુતુવાળા ટંગડી પકડવાને બદલે હાથ શું કામ પકડતા હશે ? હું હોંઉ તો ઘડીકમાં ચીત કરી દઉં....

નાનીયાની મનોસૃષ્ટીમાં ભંગ પડ્યો... 'એય આઈસફ્રુટવાળા ! પાવલી-પાવલીની બે આપ....'

છેલ્લી પાંચ-સાત કાંડી વેચી ભારે પગલે એ ઘેર ગયો. પણ આજે એનું મન કામમાં લાગતું નહોતું. આ બધાંય છોકરાં

રમે છે, તે એકાદ દીવસ હુંય રમું તો ? એક દીવસ હુંય મજા માણું. મનોમન નીશ્ચય થતો ગયો કે કાલે છુટ્ટીમાં હુંય રમવાનો.

બીજે દીવસે સવારે એ કાકીની હાક વીના જ ઉઠી ગયો. એનું મન ઠેકડા મારતું હતું.... ક્યારે સયાજી વીદ્યાયલ પહોંચું અને ક્યારે ત્યાં બપોરની છુટ્ટીનો ઘંટ પડે !....

ટન્.... ટન્.... ટન્.... ટન્....

આઈસક્રુટનો ડબ્બો ખુણામાં મુકી દોડ્યો. લસરણી ઉપર આઠ-દસ વાર લસરી લીધું. પેટ ભરીને હીંચકા ખાઈ લીધા. હુતુતુતુની ટોળીમાં ભળી એકનો પગ પકડી ભોંય ભેળો કર્યો. છોકરાંઓએ તાળી પાડી. ગીલ્લી-દંડામાં ગીલ્લી એટલી બધી દુર ગઈ કે છોકરાંએ 'નાનીયા આઈસક્રુટવાળાની જય....' બોલાવી દીધી ! પુરા પાંચસો દંડા ગણી લો !

ટન્.... ટન્.... ટન્.... ટન્....

છુટ્ટી પુરી થઈ. બધાં છોકરાં દોડ્યાં વર્ગ ભણી. નાનીયો ભાનમાં આવ્યો. એણે જઈને ડબ્બો ખોલ્યો. પણ આ શું ? ડબ્બો ખાલી ! છોકરાંવ ઝાપટી ગયેલાં ! નાનીયાએ ખીસ્સામાં હાથ નાખ્યો. એય ખાલી ! થોડાઘણા પૈસા આવેલા, તેય પડી ગયા હતા. નાનીયો ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો.

ઘરે કાકીના હાથે મેથીપાક મળ્યો. ભુખ્યા રહેવાની સજા થઈ. હાથે ડામ દેવાયા. ગાળોનો વરસાદ વરસ્યો.

બસ, એક દીવસમાં નાનીયો મોટો થઈ ગયો ! ઘણો બધો મોટો ! ઘણો બધો શાણો ! એને સમજાઈ ગયું કે આ રમવા-કરવાનું આપણે નહીં. પાંખ હોવા છતાં ઉડવાનું આપણે

નહીં. કંઠ હોવા છતાં અને અંદર ગીત ગુંજતું હોવા છતાં ગાવાનું આપણે નહીં. આપણે તો આઈસફ્રુટ વેચવાનાં.... આપણે તો....

બીજે દીવસે ભારે પગલે એ નીશાળે પહોંચ્યો. રોજ મીઠો લાગતો છુટ્ટીનો ઘંટ આજે તેને ભારે કર્કશ લાગ્યો. છોકરાંઓ દોડતાં આવ્યાં. મેદાનમાં ધમાચકડી મચી ગઈ. ‘એય, મને બે કાંડી આપ !.... મને કેસરી !.... મને પેલું પીળું !.... મને લાલ !....’

નાનીયો રોજની જેમ આજેય આઈસફ્રુટ વેચી રહ્યો હતો. પણ આજે તે મેદાન ભણી મોં રાખવાને બદલે મેદાન ભણી પીઠ કરીને બેઠો હતો. કેવળ મેદાન ભણી જ નહીં; ઉછળતા-કુદતા બાળપણ ભણી પણ !

(શ્રી યોગીની જોગળેકરની મરાઠી વાર્તાને આધારે)

–આશા વીરેન્દ્ર

@

22-318 : 22-03-2015

# માને સુવા દો..

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

આઠ મહીના પહેલાં શીવાનીના બાપુજીની બીમારીનું નીદાન થયું હતું કે એમને પ્રોસ્ટેટ કેન્સર છે. આમ પણ, અત્યાર સુધી આખા પરીવારમાં કેન્દ્રરુપ ‘બાપુજી’ જ રહ્યા હતા ને એમાં આવી આટલી મોટી માંદગી ! ઘરના, બહારના મીત્રો કે સગાંવહાલાં સૌને મોઢે બસ, બાપુજીનું જ નામ. ‘એમની તબીયત કેમ છે ?’; ‘બધા રીપોર્ટ્સ આવી ગયા ?’; ‘ડૉક્ટર શું કહે છે ?’; ‘કીમો થેરાપી લેવી પડશે ?’ બધા જાણે આ બધી બાબતોના નીષ્ણાત હોય એ રીતે વાતો કરતા. આ સૌમાં જો કોઈ મુંગે મોઢે પોતાનું કામ કર્યા કરતું હોય તો એ હતી એની મા.

પહેલેથી એ તો હાંસીયામાં ધકેલાયેલી જ હતી, ને હવે વળી એને પુછવાની શી જરુર કે એણે બે કોળીયા મોંમાં નાખ્યા કે નહીં ? બપોરના એ ઘડીક આડે પડખે થઈ કે નહીં ? રાતના એ સુઈ શકી કે બાપુજીની સેવામાં જ રાત પુરી થઈ ગઈ ? જો કે કોઈ આવું પુછે એવી એને અપેક્ષા જ નહોતી.

‘કેમ, સારું રાંધી ને ખવડાવતાં જોર પડે છે ? ઘરમાં કોઈ દીવસ કોઈ ચીજનાં ઠેકાણાં જ ન હોય ! કરે છે શું તું આખો

દીવસ ? આમ ફુવડ ને ફુવડ જ રહી ! આળસ અને એદીપણાનીયે કોઈ હદ હોય ને ?'

વર્ષોથી બાબુજીનાં આવાં વાક્બાણો સહન કરતી આવેલી મા એમના ડરથી થરથર ધ્રુજતી રહેતી. વળી માંદગીએ બાબુજીને વધુ ચીડીયા બનાવી દીધા હતા.

'હવે મારે બ્રશ કરવાનું છે કે આમ સુવડાવી જ રાખવાનો છે ?'; 'ચા–નાસ્તો કંઈ મળશે કે ભુખ્યા જ રહેવું પડશે ?'

'આખી રાત પગ દુ:ખે છે, પગ દુ:ખે છે બુમો પાડી; પણ તને થયું કે લાવ, પગ દબાવી દઉં ?'

પથારીનો ત્યાગ કરે ત્યારથી મા ચાવી દીધેલા રમકડાની માફક ફેરફુદરડી ફર્યા કરતી. બાબુજીને કે બીજા કોઈનેયે કદી વીચાર ન આવ્યો કે હવે એની પણ ઉમ્મર થઈ છે, એને પણ જરાક આરામની જરુર હોઈ શકે. હા, શીવાનીનો જીવ મા માટે બળતો; પણ બાપુજીને પોતાનું કોઈ કામ કરવા માટે મા સીવાય બીજા કોઈની સેવા ફાવતી નહીં. એટલે ધીમે ધીમે કરતાં એણે પણ પીયર આવવાનું થોડું ઓછું કરી નાખ્યું હતું. દેખવુંયે નહીં ને દાઝવુંયે નહીં.

નાનો ભાઈ અને ભાભી મા–બાપુજીની સાથે જ રહેતાં એટલે એમની થોડી સેવા મળતી ખરી. બાકી મોટા ભાઈને એમનો પરીવાર મુમ્બઈ અને એમનાથી નાની બહેન શીલા અમદાવાદ. બન્ને દુર રહ્યે રહ્યે જાણે મા–બાપની બહુ ફીકર કરતાં હોય એમ સલાહ–સુચનો આપ્યા કરતાં.

મોટો કહેતો, 'ડૉક્ટરને સરખું પુછી જુઓ ને ! એ કહેતા હોય તો બાબુજીને હૉસ્પીટલમાં દાખલ કરી દો. ખરચાની ચીન્તા નહીં કરતાં. હું અહીંથી મોકલી દઈશ.'

તો વળી શીલા કહેતી, 'શીવાની, માને કહેજે, બાબુજીની બરાબર કાળજી રાખે. બીચારા કેવા થઈ ગયા છે ! મા એમને મુકીને જરાયે આઘીપાછી ન થાય હં !' શીવાનીને થતું : અહીં આવીને જુઓ તો ખબર પડે કે બપોરે ત્રણ વાગી જાય તોય માને બીચારીને જમવાનું યાદ નથી આવતું. રાત–દીવસ બાપુજીને ગરમ તેલનું માલીશ કરી કરીને એના હાથમાં ફોલ્લા પડી ગયા છે. એનું ધ્યાન કોણ રાખશે ?

છેલ્લા અઠવાડીયાથી બાબુજીને નર્સીંગ હોમમાં દાખલ કર્યા હતા. શીવાનીને થયું કે હાશ, હૉસ્પીટલમાં તો નર્સ દર્દીની દેખરેખ રાખે એટલે માને થોડોક તો આરામ મળશે ! પણ નર્સ પાસે ઈન્જેક્શન અને દવા લેવાનાં, બી.પી. ચેક કરાવવાનું. એ સીવાય બધું મા જેમ ઘરે કરતી એ જ રીતે એણે હૉસ્પીટલમાં કરવાનું એવું બાબુજીનું ફરમાન હતું. 'ઘરનું માણસ કરવાવાળું હોય તો પછી ભાડુતી માણસોની મદદ શા માટે લેવી,' એમ તેઓ સૌને કહેતા.

બે દીવસ પહેલાં સાંજે ચાર–સાડાચારે શીવાની મા માટે આદુ–ફુદીનાવાળી ચા લઈને ગઈ ત્યારે એણે જોયું કે હજી તો માનું ટીફીન એમનું એમ પડેલું હતું અને એ બાબુજીના શરીરે હળવે હાથે માલીશ કરી રહી હતી. શીવાનીએ પુછ્યું, 'આ શું મા ? હજી સુધી જમી નથી ?'

ફીક્કું હસીને માએ કહ્યું, 'ખાવાનું, ટીફીનમાં હોય કે પેટમાં, શો ફરક પડે છે ? પણ તારા બાબુજીને મારા માલીશ કરવાથી ફરક પડે છે. જો એમને ઉંઘ પણ આવી ગઈ છે.'

બે દીવસ પછી બાબુજીને હમ્મેશને માટે ઉંઘ આવી ગઈ. મોટાભાઈ અને શીલા સમાચાર સાંભળીને દોડી આવ્યાં. શીલાએ રડી રડીને ઘર માથે લીધું તો મોટાભાઈએ માને વાંસે હાથ ફેરવીને આશ્વાસન આપ્યું. શીવાનીએ આખો વખત માની ચીન્તા સતાવી રહી હતી.

'મા, ભાવે કે ન ભાવે પણ બે કોળીયા તો ખાઈ લે ! જરા પગમાં જોર રહે !'

'મા, બેઠા બેઠા કમર દુ:ખી જશે. થોડીવાર લાંબો વાંસો કરી લે ને !'

પણ માએ બે હાથ જોડી ધરાર ના પાડી દીધી. સાંજ સુધી લોકોની અવર – જવર એકધારી ચાલુ જ હતી. આવનારાને પાણીનું તો પુછવું પડે ને ! શીવાની પાણી લેવા રસોડામાં ગઈ ત્યાં પાછળ જ શીલા આવી.

'શીવાની મા પણ કમાલ છે ! આ સમય છે સુવાનો ? આડોશી–પાડોશી ખરખરે આવ્યા છે ને એ બેઠી બેઠી ઝોકાં ખાય છે ! મને તો એવી શરમ આવી ! એ તો સારું થયું, કોઈનું ધ્યાન નહોતું ત્યારે મેં એને ઢંઢોળીને કહ્યું કે, તારાં નસકોરાંનો અવાજ આવે છે.'

શીવાનીએ આ સંભભળતાં જ કંઈક ખુશ થઈને કહ્યું, 'હેં ? માને ઉંઘ આવે છે ?'

એ ભાગીને ગઈ. એણે અને નાની ભાભીએ ટેકો દઈને માને ઉભી કરી. તેને બેડરુમમાં લઈ જઈ ધીમે ધીમે માથે હાથ ફેરવી એણે માને સુવડાવી. થાક, ઉજાગરા અને રડી રડીને થાકેલી માની આંખો ઘડીભરમાં મીંચાઈ ગઈ. શીલા ધમધમાટ કરતી આવી, ‘શીવુ, મેં તને માને જગાડવાનું કહ્યું ને તેં તો એને સુવડાવી દીધી !’

શીવાનીએ રુમનું એ.સી. ચાલુ કર્યું ને ધીમેથી શીલાને બહાર લઈ આવીને કહ્યું, ‘આઠ આઠ મહીનાથી માએ ધરાઈને બે ટંક ખાધું નથી ને રાતોની રાતો સુતી નથી. આજે એ શાન્તીની નીંદર માણે છે ત્યારે હું પ્રભુને પ્રાર્થના કરીશ કે માને નીરાંતની ઉંઘનું વરદાન આપે. બલકે, હું તો કહીશ કે મારા ભાગની નીંદર પણ માને મળે.’

બોલતાં બોલતાં શીવાનીનો કંઠ ભરાઈ આવ્યો.

(મન્નુ ભંડારીની હીન્દી વાર્તાને આધારે)

@

23-324 : 14-06-2015

# જીવતરનો નીચોડ

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ડૉ. પ્રકાશસીંહ એટલે સૌને વહાલા દાદાજી. કુટુમ્બીજનો હોય કે મીત્રો, સગાં-સ્નેહી હોય કે એમના દર્દીઓ – દરેકને એમને માટે ભારોભાર સ્નેહ અને આદર. ડૉકટરસાહેબ આયુષ્યનાં 75 વર્ષ પુરાં કરીને 76માં પ્રવેશવાના હતા. આખા પરીવારે મળીને આ પ્રસંગ યાદગાર બની રહે એ રીતે ઉજવવાનું નક્કી કર્યું હતું. પૌત્ર આકાશ અને એની પત્ની રુચી, બેઉ ડૉક્ટરસાહેબ માટે જાણે ડાબી-જમણી આંખ. તેથી જ દાદાજી માટે કંઈક અનોખી ભેટ લાવવાની જવાબદારી એ બન્નેને સોંપાઈ હતી.

‘ના, ના, શર્ટ-પેન્ટ નથી લેવાં. એ તો સાવ ઓર્ડીનરી લાગે. દાદાજી માટે કંઈક ‘યુનીક’ ગીફ્ટ લેવી જોઈએ.’ રુચીએ કહ્યું.

‘શાલ, શર્ટ-પેન્ટ બધી વસ્તુની ના પાડે છે તો લઈશું શું ?’ આકાશ અકળાયો હતો. અચાનક રુચીની નજર સામેની ગીફ્ટશૉપ તરફ ગઈ. દરેક ચીજ આકર્ષક રીતે સજાવીને મુકેલી હતી. દુકાનદાર પણ હસમુખો અને ગ્રાહકની વાત તરત સમજી લે એવો હતો. એણે એક એકથી ચડીયાતી પેન બતાવવા માંડી. રુચીએ જોયું કે કઈ પેનથી વધુ સારું લખાય છે. એ જોવા માટે રફ પેપર પર લખતી વખતે આકાશ R.Y.P એમ ત્રણ અક્ષરો

જ દર વખતે લખતો હતો. અન્તે બન્નેએ ‘ક્રોસ’ની એક પેન અને સુન્દર કોતરણીવાળી એક ફોટોફ્રેમ પસંદ કર્યાં.

‘જુઓ સાહેબ, ફ્રેમમાં તમે કોઈનો ફોટો કે કશુંક લખાણ મુકવા માગતા હો તો કહો. બે દીવસમાં તૈયાર કરી આપીશ.’

રુચીનું સુચન હતું, ‘દાદાજીનો ફોટો મુકાવીને નીચે ‘75’નો આંકડો લખાવીએ.’

‘હા, પણ ફ્રેમમાં સૌથી ઉપર R.Y.P. અક્ષરો સોનેરી રંગમાં લખજો. અને હા, આ પેન પર પણ R.Y.P. લખી શકાય ને ?’ આકાશે દુકાનદારને પુછ્યું.

‘હા હા, ચોક્કસ લખી શકાય, સર ! બન્ને વસ્તુ બે દીવસ પછી આપું તો ચાલશે ?’

રસ્તામાં રુચીએ પુછ્યું : ‘આકાશ, આ R.Y.P. અક્ષરોનો અર્થ શો છે ?’

આકાશે માથું ખંજવાળતાં કહ્યું : ‘રુચી, સાચું કહું તો એની પાછળનું રહસ્ય મને પણ ખબર નથી. દાદાજીએ એમનાં બધાં પુસ્તકોના પહેલા પાને R.Y.P. લખ્યું છે. પપ્પા પણ કહેતા હતા કે, આ અક્ષરો પાછળનો ભેદ શો છે એ દાદાજીએ હજી સુધી કોઈને કહ્યું નથી.’

ડૉક્ટરસાહેબની વર્ષગાંઠની પાર્ટી બરાબર જામી હતી. આવનારા મહેમાનો ડૉક્ટરને મુબારકબાદી આપવામાં, એકમેકને મળવામાં અને વાતો કરવામાં મશગુલ હતા ત્યારે મોકો જોઈને રુચીએ ધડાકો કર્યો :

‘હવે દાદાજી આપણને એમના જીવન વીશે, એમના અનુભવો વીશે, થોડી પ્રેરણાદાયી વાતો તો કરશે જ; પણ સાથે

સાથે R.Y.P. અક્ષરો સાથે એમનો શો સમ્બન્ધ છે એની વાત પણ કરશે.'

પ્રકાશસીંહના પ્રભાવશાળી ચહેરા પર એક ભરપુર અને અર્થસભર જીન્દગી જીવ્યાનો સંતોષ છલકાતો હતો. કંઈક સંકોચ સાથે એમણે શરુઆત કરી :

'આજે જીન્દગીમાં હું જે મુકામ પર પહોંચ્યો છું એનું મોટા ભાગનું શ્રેય આ R.Y.P. અક્ષરોને આપી શકું. જો કે, આ વીશે કાંઈ કહેતાં પહેલાં મારે 1948ની સાલના યાતનાભર્યા અને લોહીયાળ દીવસોમાંથી પસાર થવું પડશે જ્યારે ચારે બાજુ મારો, કાપો અને આ હીન્દુ, આ મુસ્લીમ એવા આગ ઝરતા શબ્દો સંભળાતા હતા. ભાગલાના એ કપરા સમયમાં પાકીસ્તાનના પંજાબમાં ઘર-બાર, માલ-મીલકત સઘળુંય છોડીને અમારો પરીવાર ચાલી નીકળ્યો હતો. ભાગીને હીંદુસ્તાન આવ્યા પછી, નીરાશ્રીતોની છાવણીમાં કાઢેલા દીવસો ખુબ કપરા હતા; પણ ફક્ત ને ફક્ત મારા પીતાજીની હીમ્મત અને ધીરજને સહારે જ અમે ટકી ગયા. આ પ્રસંગે હું એમને યાદ કરીને નમન કરું છું.' દાદાજીનું ગળું રુંધાઈ ગયું. રુચી દોડીને પાણીનો ગ્લાસ લઈ આવી.

'જેમ તેમ કરતાં અમે નવા વાતાવરણમાં ગોઠવાયા તો ખરાં; પણ હું બરાબર સમજતો હતો કે, પીતાજી પર અસહ્ય બોજો આવી પડ્યો છે. ત્રણ ત્રણ સંતાનોને ભણાવવાં-ગણાવવાં અને હમ્મેશાં બીમાર રહેતી પત્નીની કાળજી રાખવી એ તો ખરું જ; ઉપરાંત તદ્દન અજાણી જગ્યામાં નવેસરથી જીન્દગી શરુ કરવી. તોય હમ્મેશાં હસતાં હસતાં માને કહેતા, આજે ભલે

મુસીબત વેઠવી પડે; પણ કાલે આપણા છોકરાઓ હીરાની માફક ઝળકી ઉઠશે.

'મને અમૃતસરની મેડીકલ કૉલેજમાં એડમીશન મળ્યું. મેં રાત-દીવસ જોયા વીના સખત મહેનત કરવા માંડી. મીત્રો હૉટેલમાં જમવા કે આઈસ્ક્રીમ ખાવા બહાર જતા હોય કે સીનેમાની મજા માણવાના હોય, હું સતત મારા મનને સમજાવતો કે, 'તને આ બધું ન પોષાય' – 'રીમેમ્બર યુ આર પુઅર – R.Y.P.' મેસનું બેસ્વાદ ભોજન ખાઈ ખાઈને કંટાળેલા અને થાકેલા મનને હું કાગળ પર R.Y.P લખી લખીને સમજાવતો. હું વીચારતો કે, પીતાના અથાક પરીશ્રમથી કમાયેલી એક પાઈ પણ વ્યર્થ ખર્ચવાનો મને અધીકાર નથી. એવા સંજોગોમાં મનને સમજાવવાનું અઘરું જરુર હતું; પણ અશક્ય તો નહોતું જ.'

સૌ આમંત્રીતો પ્રશંસાભરી નજરે પ્રકાશસીંહ સામે જોઈ રહ્યા હતા અને એમનો એક એક શબ્દ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. 'ડૉક્ટર થયા પછી ભલે મેં મારી પોતાની હૉસ્પીટલ બનાવી અને ખુબ ખ્યાતી પ્રાપ્ત કરી; પણ પેલા R.Y.P. ને હું એક દીવસ માટે પણ ભુલ્યો નહીં. એ અક્ષરોએ જ મને નમ્ર, દયાળુ અને સંવેદનશીલ બનાવ્યો અને મારા સાથીઓ અને દર્દીઓએ આ અક્ષરોને કારણે જ મને અઢળક પ્રેમ આપ્યો. એમણે જ હમ્મેશાં મને મારા મુળ સાથે જોડેલો રાખ્યો છે. હું તો માનું છું કે આ અક્ષરો જાણે મારા જીવતરનો નીચોડ છે.'

પ્રકાશસીંહે પોતાની વાત પુરી કરી ત્યારે ત્યાં બેઠેલા બધા સ્તબ્ધ થઈ ગયાં હતાં. આકાશ અને રુચીએ દાદાજીને

પગે લાગીને એમના હાથમાં પેન અને ફ્રોટોફ્રેમ મુક્યાં ત્યારે ડૉક્ટર સાહેબ ભાવવીભોર થઈ ગયા. એમની આંગળીઓ મમતાપુર્વક R.Y.P. અક્ષરોને એક એક કરીને સ્પર્શી રહી.

(રણજીતસીંહ સહેગલની અંગ્રેજી વાર્તાને આધારે..)

**–આશા વીરેન્દ્ર**

@

24-330 : 06-09-2015

# મસ્તીકી પાઠશાલા

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

રક્ષા અને મીતા બન્ને બાળપણની સખીઓ. લગ્ન થયાં પછી પણ નજીક નજીક રહેતી; પણ મળવાનું બહુ ઓછું બનતું. ઘર, વડીલો, પતી, બાળકો—બધાંની સંભાળ રાખવામાં શરુઆતનાં 17-18 વર્ષો વીતી ગયાં. એક દીવસ અચાનક બન્ને બહેનપણીઓ બજારમાં મળી ગઈ ત્યારે કંઈ કેટલીય વાતો નીકળી.

‘તું શું કરે છે? કોઈ ખાસ પ્રવૃત્તી?’

‘ના રે ના, કંઈ નહીં ! ઘરસંસારની જંજાળમાં હમણાં સુધી કંઈ કર્યું નહીં અને હવે જ્યારે સમય જ સમય છે, ત્યારે શું કરવું કંઈ સમજ પડતી નથી. એટલો ખાલીપો લાગે છે કે…’ મીતાએ કહ્યું.

‘મારું પણ એવું જ છે; પણ હમણાં હમણાં મને એવો વીચાર વારંવાર આવે છે કે, આમને આમ કુવામાં દેડકાની જેમ જીન્દગી પુરી થઈ જશે અને આપણે કોઈને માટે કશું કરી ન શક્યાં.’

‘એમ ! તો હજી ક્યાં મોડું થઈ ગયું છે ? ચાલ, આપણે બન્ને મળીને આપણને કંઈક કર્યાનો સંતોષ થાય અને સમાજને ઉપયોગી થાય એવું કશુંક કામ કરીએ.’

બન્ને બહેનપણીઓએ આસપાસની ઝુંપડપટ્ટીમાં રહેતાં બાળકોને ભેગાં કરીને એમને સ્વચ્છ રહેતાં શીખવવાનું, રમત રમાડવાનું, થોડું થોડું અંગ્રેજી ભણાવવાનું એવાં કામ શરુ કર્યાં. સાવ નાના પાયાથી શરુ થયેલાં કામોનો ધીમે ધીમે વીસ્તાર થતો ગયો. પહેલાં બે-પાંચ બાળકો માંડ આવતાં એને બદલે હવે 40-50 પર આંકડો પહોંચી જતો.

‘મીતા, અમારા મીત્ર નરેન્દ્રભાઈનાં લગ્નને 5 વર્ષ પૂરાં થાય છે. એ નીમીત્તે એમણે આપણાં બાળકો માટે વાપરવા 5000 રુપીયા આપ્યા છે.’

‘અરે વાહ ! મારી પાસે પણ થોડા થોડા કરીને પાંચ-છ હજાર ભેગા થયા છે. મારે પણ એ પૈસા બાળકો માટે જ વાપરવા છે. શું કરીએ તો બાળકોને મજા પડે ?’

‘મેં સાંભળ્યું છે કે, આ રીતે કોઈ ગ્રુપને લઈ જતું હોય તો ડેરીવાળા પોતાની બસ લેવા-મુકવા મોકલે છે. બાળકોને ત્યાં દુધ પણ પીવા મળશે.’

‘એ તો ઘણું સારું કહેવાય. બસનો ખર્ચ બચી જાય તો આપણે એમને માટે જમવાનું બનાવડાવી લઈએ અને રસ્તામાં એમને આઈસ્ક્રીમ પણ ખવડાવી શકીશું.’

‘હા, આઈસ્ક્રીમ તો જરુર ખવડાવવો છે. એક દીવસ એમને પુછ્યું હતું એટલે મને ખબર છે કે, મોટાભાગનાં બાળકોએ આજ સુધી આઈસ્ક્રીમ ચાખ્યો પણ નથી.’

મીતાએ નીસાસો નાખતાં કહ્યું, ‘સમાજનાં બે વર્ગો વચ્ચે કેટલી મોટી ખાઈ છે, નહીં રક્ષા ? આપણાં બાળકોને મેવા-મીઠાઈ મળે છે તોયે એ લોકો આ ભાવે છે ને આ નથી

ભાવતું; એવા નખરા કરે અને આ લોકો એટલા અભાવો વચ્ચે જીવે છે કે બે ટંક પેટ ભરીને ખાવાય નથી મળતું.'

'ચાલ, આટલી સીરીયસ ન થઈ જા. જે થોડુંઘણું શક્ય છે એ કરવાનો પ્રયત્ન કરીએ છીએ એટલી વાતનો સંતોષ માનવાનો. બરાબરને ?' પછી તો ચાલીસેક નાનાં-મોટાં બાળકોને ફરવા લઈ જવાની તૈયારી ચાલી. જે બાળકો આ ગ્રુપમાં નહોતાં આવતાં એ પણ પીકનીકનું નામ સાંભળીને તૈયાર થઈ ગયાં. 'દીદી, અમને લઈ જશો ? અમારે પણ આવવું છે.'

કોઈને ના કહેવાનો જીવ ન ચાલ્યો એટલે આંકડો પહોંચ્યો પચાસે. મીતાના પતી રાકેશે કહ્યું, 'આ તમે બહુ સારો વીચાર કર્યો છે. માટે હવે કોઈ વાતની કચાશ ન રાખશો ને ખર્ચા સામે તો જરાય નહીં જોતાં.'

તો વળી રક્ષાના પતીએ એને કહ્યું, 'મને લાગે છે કે, આ બાળકોની સાથે તમારે આપણાં અને મીતાનાં છોકરાંઓને પણ લઈ જવાં જોઈએ. એ લોકોય બધું જુએ તો એમને ખ્યાલ આવે કે, આપણા પર પ્રભુની કેટલી કૃપા છે !'

'આપણાં છોકરાંઓ ! ને વળી આ બાળકો સાથે આવે ? રામ, રામ ભજો ! સૌથી પહેલાં તમારી લાડકી રીંકી જ નાકનું ટીચકું ચઢાવશે.'

પણ શી ખબર કેમ, રક્ષાનાં બે અને મીતાનો એક એમ ત્રણે છોકરાંઓ પણ પીકનીકમાં જોડાવા તૈયાર થઈ ગયાં. વળી મીતાના ઘરે પરદેશથી આવેલા મહેમાનનો દીકરો જય કહે, 'હું પણ આવવાનો !' બસમાં બેઠાં ત્યારથી જય પાસેના સસલાના

સોફ્ટ–ટૉય તરફ બાજુમાં બેઠેલો સંદીપ એકીટસે જોયા કરતો હતો. જયે સસલું એના ખોળામાં મુકી દીધું અને કહ્યું, 'લે, આ તું રાખ, બસ ?'

સંદીપ તો ખુશખુશાલ. સસલાને પંપાળે, બચીઓ ભરે અને ખાવાનું ખવડાવવાનોય પ્રયત્ન કરે. ધીમે રહીને વીરલ એની પાસે આવીને બેસી ગયો અને એણે ધીમેકથી સંદીપને પુછ્યું, 'મને થોડી વાર આ સસલું આપે છે ? રમીને પાછું આપી દઈશ.' સંદીપે જરાય આનાકાની વીના એને સસલું આપી દીધું અને કહ્યું, 'સારું, લે રમ.' પછી તો સાંજ સુધી સસલું વીરલ પાસે જ રહ્યું. સંદીપ બીજી રમત રમતાં રમતાં એની પર નજર નાખી લેતો, એટલું જ. પાછાં ફરવા માટે બધાં બસમાં ગોઠવાવા લાગ્યાં. રક્ષા અને મીતા બન્નેને થયું કે, 'ખલાસ ! સસલાભાઈના કબજા માટે બન્ને વચ્ચે નક્કી ઝઘડો થવાનો!' પણ વીરલે આવીને સસલું સંદીપના હાથમાં મુકી દીધું અને 'થેન્ક-યુ' કહ્યું. જો કે, હજી પણ એની નજર પોતાના પ્રીય રમકડા પરથી ખસતી નહોતી અને એની આંખોમાં પોતાની પ્યારી ચીજથી છુટા પડવાની ઉદાસી પણ ડોકાતી હતી. સંદીપે વીરલને માથે પ્રેમથી હાથ ફેરવતાં કહ્યું, 'તને આ સસલું બહુ ગમે છે ને, તો તું રાખી લે ! આમ પણ, તું મારા કરતાં નાનો છે ને, એટલે તારો હક પહેલો કહેવાય. ફરી એક વાર સંદીપને થેન્ક્યુ કહેતી વખતે વીરલની આંખોમાં હરખનાં આંસુ હતાં.

ઘરે પહોંચ્યા પછી પપ્પાને આજની આખા દીવસની વાતો કરતાં રીંકીએ ખાસ યાદ રાખીને સંદીપ અને વીરલની વાત કરી અને કહ્યું, 'પપ્પા, સારું થયું. હું આ બધાં સાથે આજે

પીકનીક પર ગઈ, તો મને સમજાયું કે, પોતાની પાસે થોડું-ઘણું જે કંઈ છે એમાં આ લોકો કેટલાં ખુશ છે ! આજે મને જીન્દગીનો સૌથી ઉપયોગી પાઠ શીખવા મળ્યો કે, સાચો આનંદ 'મારું, મારું' કરીને બધું આપણી પાસે રાખી મુકવામાં નહીં પણ બીજાને આપવામાં છે.'

રક્ષાને સ્નેહથી ભેટતાં એણે કહ્યું, 'થેન્ક્સ મમ્મી ! આજે હું તમારી સાથે ન આવ્યો હોત તો ઘેર બેઠાં મને શી રીતે ખબર પડત કે મારી મમ્મી આટલું સુંદર કાર્ય કરી રહી છે !' જરાક વીચાર કરતાં વળી પાછું કંઈક યાદ આવતાં એણે મમ્મીને કહ્યું, 'મમ્મી ! તમારા આ ગ્રુપ માટે તમારે નામ જોઈતું હતું ને ? હું સજેસ્ટ કરું ? – 'મસ્તી કી પાઠશાલા'

–આશા વીરેન્દ્ર

@

25-342 : 21-02-2015

# એ સોનેરી ક્ષણ

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ભલે હું અમેરીકન માતાપીતાનો, અમેરીકામાં જ જન્મેલો અને ત્યાં જ ઉછરેલો એકમાત્ર દીકરો છું; પણ શી ખબર કેમ, હું સ્વભાવે અત્યંત લાગણીશીલ છું. ફક્ત હું જ શા માટે ? મારાં માબાપ પણ એકમેકને એટલો જ પ્રેમ કરે અને એકબીજાની એટલી કાળજી કરે કે આ ભૌતીકતા પાછળ દોડનારા દેશ માટે તો નવાઈની જ વાત કહેવાય !

મમ્મી હંમેશાં મારી અને ડૅડીની પસંદ–નાપસંદો, અગવડ–સગવડનો ખ્યાલ રાખતી. કદી એણે કોઈ પાસે કશું માગ્યું નથી કે નથી કંઈ અપેક્ષા રાખી. પણ મને કોઈક રીતે ખબર પડી ગયેલી કે મમ્મીને સ્ટ્રૉબરીઝ બહુ ભાવે છે. દરેક વીક એન્ડમાં હું મમ્મી–ડૅડીને મળવા અચુક જતો અને જાઉં ત્યારે ખાસ યાદ રાખીને સ્ટ્રૉબરીઝનું બૉક્સ તો લઈ જ જતો.

‘બેટા, તું ગઈ વખતે લાવેલો તેમાંથી કેટલી બધી સ્ટ્રૉબરીઝ હજી ફ્રીજમાં પડી છે. દર વખતે શા માટે લાવે છે ?’

મમ્મી ભલે આમ કહેતી હોય; પણ હું જાણું છું કે, પોતાનો દીકરો યાદ રાખીને એને માટે કોઈ ચીજ લાવે, એનાથી એને કેટલો ઉંડો સંતોષ મળે છે ! ડૅડી પણ આ અમારો કાયમનો સંવાદ સાંભળીને ધીમું ધીમું મલકાયા કરતા.

એક શનીવારે હું એમને મળવા ગયો ત્યારે ડૅડીએ કંઈક નીરાશાભર્યા સ્વરે કહ્યું, ‘બેટા, અમે બન્ને હવે વધુ ને વધુ વૃદ્ધ થતાં જઈએ છીએ. ઘરની બધી વ્યવસ્થા અમારાથી સંભાળાતી નથી. મને લાગે છે કે અમે કોઈ સારા નર્સીંગ હોમમાં રહેવા જતાં રહીએ તો વધું સારું પડે.’ મારાં માતાપીતા જીવનના ઉત્તરાર્ધ તરફ ધકેલાઈ રહ્યાં છે એ હકીકતનો સ્વીકાર કરવાનું મને ગમ્યું તો નહીં; પણ મેં એમને કહ્યું, ‘સારુ. ઈન્ટરનેટ પર સર્ચ કરીને કોઈક સરસ જગ્યા શોધી કાઢીશ. તમે ચીન્તા ન કરશો.’

પછી તો તેઓ બન્ને ‘જીવનસંધ્યા નીવાસ’માં રહેવા ગયાં. દર રવીવારે સ્ટ્રૉબરીઝ લઈને તેમને મળવા જવાનો મારો ક્રમ ચાલુ જ હતો. ત્યાંથી પાછા ફરતી વખતે મને ઉદાસી ઘેરી વળતી. હું જોઈ શકતો હતો કે ડૅડી કરતાં પણ મમ્મી પર ઘડપણ વધુ ઝડપથી પોતાનો પંજો ફેલાવી રહ્યું હતું. એ વધુ વાંકી વળી ગઈ હતી. મોઢા પર કરચલીઓ વધી રહી હતી અને ખુબ ભુલકણી થતી જતી હતી. પણ એનું માયાળુ હાસ્ય એવું ને એવું અકબંધ રહ્યું હતું તેનો મને ખુબ આનંદ હતો.

‘હજી ગઈ કાલે જ તો તું ગુલાબનું ફુલ લઈને આવ્યો હતો. આજે ફરી શા માટે લાવ્યો ?’ એ મને પુછતી. લાગણીપુર્વક, કોમળતાથી તેને માથે હાથ ફેરવી હું કહેતો, ‘મમ્મા, ગઈ કાલે નહીં; હું ગયે અઠવાડીયે આવ્યો હતો અને ગુલાબનું ફુલ નહીં; પણ તને ભાવતી સ્ટ્રૉબરીઝ લાવ્યો હતો, યાદ આવ્યું?’

'હં..હં…' કહેતાં હસીને એ કંઈક વીચારમાં પડી જતી. એકની એક વાત નાના બાળકની માફક એને વારંવાર સમજાવવી પડે અથવા વારેઘડીએ એને એક જ જવાબ આપ્યા કરવો પડે, તોયે મને કોઈ દીવસ કંટાળો કે ગુસ્સો નહોતો આવતો. જો કે એ હતી જ એવી, કે કોઈ એની પર ગુસ્સે થઈ જ ન શકે.

થોડા મહીનાઓ પછી ડૅડીએ કરેલી વાતે મને ઉંડો આઘાત આપ્યો. 'ગઈ કાલે ડૉક્ટર રાઉંડ પર આવ્યા હતા. તારી મમ્મીના થોડા ટેસ્ટ કરાવ્યા હતા. એ જોઈને અને તારી મમ્મીને તપાસીને એણે કહ્યું કે… કે..'

'કે શું.. ?' હું એકદમ અધીરો થઈ ગયો.

'એને અલ્ઝાઈમર(સ્મૃતીભ્રંશ) છે. એની યાદશક્તી બહુ જ ઝડપથી નાશ પામતી જાય છે. કદાચ એવો સમય પણ આવે કે એ તને અને મને સુધ્ધાં ઓળખી નહીં શકે.' આ બોલતી વખતે ડૅડી મહાપરાણે પોતાની આંખોને કોરી રાખવા મથતા હતા; પણ હું મારાં આંસુઓને રોકી ન શક્યો.

મારું મન કેમેય કરીને માનવા તૈયાર નહોતું કે મારી જન્મદાતા, મારાં ઝાઝેરાં જતન કરનારી મા, એનાં જ હાડમાંસથી ઘડાયેલા એના દીકરાને એક દીવસ ઓળખશે પણ નહીં ! ધારવા કરતાં એ દીવસ જલદી જ આવ્યો.

એક અઠવાડીએ હું એમને મળવા ગયો. મમ્મીને ભેટીને મેં પુછ્યું, 'કેમ છે ?' એના જવાબમાં એ જે રીતે હસી, એમાં મારી ઓળખાણનો કોઈ અણસાર મને જણાયો નહીં. હું તરત સમજી ગયો કે, એણે મને ઓળખ્યો નથી. આ પરીસ્થીતીમાં શું

કરવું તે નહીં સુઝતાં, મેં પાસે જ પડેલી સ્ટ્રૉબરીઝ એકએક કરીને તેના મોંમાં મુકવા માંડી. દર વખતે તો એ ‘થેન્ક–યુ’ કહીને મીઠું હસતી; પણ અત્યારનો એનો વ્યવહાર કોઈ અજાણી વ્યક્તી સાથેનો હોય એવું લાગતું હતું.

હું ચુપચાપ એની બાજુમાં બેઠો અને એનો હાથ મારા હાથમાં લઈને પંપાળવા લાગ્યો. અચાનક મારી હથેળી એણે ત્રણ વાર દબાવી ને પછી હસવા લાગી ! આ સાથે જ એક વખત ડૅડીએ કહેલી એક વાત મને સાંભરી આવી :

‘દીકરા, તને જાણીને નવાઈ લાગશે; પણ લગ્ન પછીના શરુઆતના દીવસોમાં અમે એકબીજા સાથે બહુ ઓછું બોલતાં. અમારો પ્રેમ એટલો પરીપક્વ હતો કે એને શબ્દોના સહારાની જરુર નહીં પડતી. અમારા બન્ને વચ્ચે મૌનનો સંવાદ રચાતો.’

‘એ કેવી રીતે શક્ય છે ?’ મેં પુછ્યું.

‘ઘણી વખત સુર્યાસ્ત ટાણે અમે દરીયાકીનારે કલાકો સુધી ચુપચાપ બેઠાં હોઈએ; ત્યારે તારી મમ્મી મારી હથેળી ત્રણ વખત દબાવતી.’

‘એટલે શું ? મને સમજાયું નહીં !’

‘એનો અર્થ ‘આઈ લવ યુ–હું તને ચાહું છું.’ હવે સમજ્યો ?

‘વેરી ઈન્ટરેસ્ટીંગ, ડૅડી; પણ પછી તમે એનો જવાબ કેવી રીતે આપતા?’

‘હેય..યંગ મૅન ! આજે ને આજે બધી ટીપ્સ લઈ લેવી લાગે છે, કેમ ? તો સાંભળ, જવાબમાં હું બે વખત એની હથેળી દાબીને એને જણાવતો કે, ‘મી ટુ–હું પણ.’

અત્યારે મને ડેડીની કહેલી એ વાત યાદ આવી. મેં મમ્મીની હથેળી જેવી બે વાર દબાવી કે તરત એનો ચહેરો ખીલી ઉઠ્યો.

એણે કહ્યું : 'માણસની જીન્દગીમાં સૌથી વધુ જરુરી શું હોય છે, ખબર છે ? એને કોઈ ચાહતું હોય. કોઈ ભરપુર પ્રેમ કરતું હોય. સમજાય છે મારી વાત ?'

હું એને ભેટી પડ્યો અને એના ગાલ ચુમતાં ચુમતાં કહેવા લાગ્યો, 'સમજાય છે, મને તારી વાત બરાબર સમજાય છે. ને તું પણ સમજી લે કે હું તને ચાહું છું. તને ખુબ.. ખુબ.. ખુબ.... પ્રેમ કરું છું.'

અમારી અન્તીમ મુલાકાતની એ સોનેરી ક્ષણ સદાને માટે હૈયે જડાઈ ગઈ છે.

(લેરી જેમ્સની અંગ્રેજી વાર્તાને આધારે)

('ભુમીપુત્ર' પાક્ષીકના દરેક અંકના છેલ્લે પાને નીયમીત પ્રકાશીત થતી વાર્તાઓમાંની એક વાર્તા)

–આશા વીરેન્દ્ર

'હરીશ્ચન્દ્ર' બહેનોના નીધન બાદ, વડોદરાથી પ્રકાશીત થતા પાક્ષીક 'ભુમીપુત્ર'ના છેલ્લા પાન પર આવતી વાર્તાઓ, હવેથી બહેન આશા વીરેન્દ્ર લખે છે. તે અંતર્ગત પ્રકાશીત થઈ ચુકેલી વાર્તાઓમાંથી પસંદ કરેલી ચાળીસ વાર્તાઓનો બીજો વાર્તાસંગ્રહ 'તર્પણ–૨' : (પ્રકાશક : પારુલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન, હીંગળાજ માતાની વાડીમાં, હુઝરાતપાગા, વડોદરા–390 001 ફોન : 0265-243 7957 પાનાં : 128, મુલ્ય રુપીયા–60), ઑક્ટોબર 2014માં પ્રકાશીત થયો. તેમાંથી આ

૭મી વાર્તા પાન ૩૧થી ૩૩ ઉપરથી લેખીકાબહેનની પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

સર્જક–સમ્પર્ક :

–આશા વીરેન્દ્ર, બી–401, ‘દેવદર્શન’, પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com